
વર્ષઃ 03 અંકઃ 05

01-15 સપ્ટેમ્બર, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## અમૃત ધ્યેય...

# કર્તવ્ય પથ જ જીવન પથ

લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યો 'પંચ પ્રણ'નો મંત્ર, 2047 સુધી વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ




# નવજાગરણનો અમૃત કાળ

**76મા સ્વતંત્રતા દિવસ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવીને દેશવાસીઓ સમક્ષ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવીને નવી ઊંચાઈ પર લઈ જવા માટે અમૃત યાત્રાનો સંકલ્પ લીધો.**

સ્વતંત્રતા દિવસનાં આયોજનનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષઃ 03 અંકઃ 05 | 01-15 સપ્ટેમ્બર, 2022

**મુખ્ય સંપાદક**
**સત્યેન્દ્ર પ્રકાશ,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**



**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

## અંદરનાં પાને...

# ....જેથી વિક્સિત દેશ બને ભારત



**કવર સ્ટોરી** | 76મા સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનાં 83 મિનિટના ભાષણમાં દેશની સફળતાનો ઉલ્લેખ કર્યો, તો આગામી 25 વર્ષમાં ભારતને વિક્સિત બનાવવાનો સંકલ્પ લીધો | 14-30

**ટોક્યોથી બર્મિંઘમ સુધી સ્વર્ણિમ ઈતિહાસ**



ઓલિમ્પિક બાદ હવે કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ઈતિહાસ રચ્યો
46-48

**બીજાઓ માટે પ્રેરણા બની જેમની સંકલ્પ શક્તિ**



આઝાદીનાં અમૃત મહોત્સવમાં રાષ્ટ્ર માટે સર્વસ્વ ત્યાગ કરનાર નાયકોની કહાની | 49-52

**સમાચાર સાર** | 4-5

**શિક્ષકનું કામ પેઢીઓને બનાવવાનું અને આગળ વધારવાનું છે.**
શિક્ષક દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ભાષણ પર આધારિત લેખ | 6-8

**છાતી પર ગોળી ખાઈને પણ મેદાનમાં ટકી રહ્યા**
પરમવીર મેજર પરમેશ્વરનની શૌર્ય ગાથા | 9

**ખેડૂત પુત્રથી ભારતના બીજા સર્વોચ્ચ નાગરિકનાં પદ સુધી**
ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની જીવનયાત્રા | 10-11

**પ્રગતિનાં માર્ગે આગળ વધતું ભારત**
સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિનું સંબોધન | 12-13

**પીએમ આવાસ યોજના (શહેરી) 2024 સુધી ચાલુ રહેશે**
કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો | 31

**ગુજરાતની વિકાસ ગાથામાં નવા પ્રકરણ**
વડાપ્રધાન મોદીનાં ગુજરાત પ્રવાસમાં અનેક ભેટ | 32-33

**જૈવ ઇંધણથી સ્વચ્છ વાતાવરણ અને ખેડૂતની સમૃદ્ધિ**
પાણીપતમાં 2જી ઈથેનોલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત | 34-35

**વિકાસ યાત્રાને સાર્થક બનાવતું સહકારી સંઘવાદ**
નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક | 36-37

**વિશ્વમાં મંદીના ઓછાયામાં પણ ભારત અડીખમ**
બ્લુમબર્ગનાં અહેવાલમાં મંદીથી દૂર ભારત એક માત્ર દેશ 38-39

**માછલીનાં ઉત્પાદનમાં ઝડપથી આગેકૂચ**
પીએમ મત્સ્યસંપદા યોજનાથી મત્સ્યપાલકોને લાભ | 40-41

**હવે સલામત ભવિષ્યની ગેરન્ટી**
ખેડૂત, વેપારી અને સ્વરોજગાર કરનારા માટે પેન્શન યોજના 42-43

**પીએમ મોદી-રાજનીતિ અને રાષ્ટ્રનીતિના આદર્શ**
મોદી@20નાં ઓડિશા ચેપ્ટરમાં ગૃહમંત્રી અમિત શાહનું સંબોધન 44-45

**પ્રકાશક અને મુદ્રકઃ** મનીષ દેસાઇ, મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર!

સ્વતંત્રતાના 75 વર્ષ પૂરા થવા પ્રસંગે અને 76મા વર્ષમાં પ્રવેશ પર લાલ કિલ્લાથી માંડીને દેશનાં ખૂણે ખૂણે લહેરાતા તિરંગાનો અદભૂત નજારો જોવા મળ્યો. 75 વર્ષ પહેલાં આઝાદી મળી તે અગાઉ વર્ષો સુધી ચાલેલા સંઘર્ષનાં ફળ જોવા મળી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવમી વાર લાલ કિલ્લા પરથી કરેલા ઉદબોધનમાં આજનાં ભારતની વિકાસ યાત્રાની ઝલક હતી, તો ભવિષ્યનાં ભારતનો સંકલ્પ પણ હતો. એવા આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન જેમાં રાષ્ટ્રની દરેક વ્યક્તિની ભાગીદારી હોય, આત્મીયતા હોય, શાંતિ-ભાઈચારાનો સંદેશ હોય અને વિશ્વમાં છવાઈ જવાની દ્રઢ ઇચ્છાશક્તિ હોય, મજબૂત સંકલ્પ હોય. નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માટે જ રાષ્ટ્રએ સ્વતંત્રતાના 75મા વર્ષથી આગામી 25 વર્ષ સુધીની અમૃત યાત્રા શરૂ કરી છે.


અમૃત યાત્રાથી આત્મનિર્ભરતાનો લાલ કિલ્લાનો સંદેશ અમારા આ અંકની કવર સ્ટોરી બની છે. આ ઉપરાંત, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કરેલું રાષ્ટ્રજોગ સંબોધન પણ આ અંકમાં છે. વિશ્વના અર્થતંત્રની નબળી હાલત વચ્ચે ભારતીય અર્થતંત્ર મજબૂત રહ્યું તેવા વિવિધ વૈશ્વિક એજન્સીનાં અહેવાલોને પણ આ અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે. વ્યક્તિત્વ શ્રૃંખલામાં પરમવીર ચક્ર વિજેતા મેજર રામાસ્વામી પરમેશ્વરનની વીર ગાથા, ફ્લેગશિપ યોજનાઓમાં આ વખતે પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના અને ખેડૂત કલ્યાણ સાથે સંકળાયેલી પીએમ કિસાન માનધન અને ખેડૂતો તથા નાના વેપારીઓ માટે પેન્શન યોજના આ અંકમાં સામેલ છે.

દેશનાં મહાન શિક્ષણવિદ્ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી 5 સપ્ટેમ્બરનાં રોજ શિક્ષક દિવસ તરીકે મનાવવામાં આવે છે, જેઓ રાજનેતાને બદલે શિક્ષક કહેવડાવવાનું પસંદ કરતા હતા. શિક્ષક દિનના પરિપ્રેક્ષ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને શિક્ષણનાં ક્ષેત્રમાં ભારતને ગ્લોબલ હબ બનાવવાનું આહવાન કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનો પર આધારિત વિશેષ લેખ સામેલ છે.. રમતગમતની દુનિયામાં ભારતનો ડંકો, અમૃત મહોત્સવ શ્રૃંખલામાં મહાનાયકોની કહાની અને 75 વર્ષની વિકાસ યાત્રાની શ્રૃંખલા પણ આ અંકથી શરૂ થઈ રહી છે.

ભારત તેની વિકાસ યાત્રામાં નવાં નવાં વિક્રમ સર્જી રહ્યું છે અને 2047માં જ્યારે આઝાદીનો શતાબ્દિ સમારોહ મનાવવામાં આવશે ત્યારે ‘સબકા પ્રયાસ’થી શરૂ થયેલી અમૃત યાત્રા અમૃત સંકલ્પ સાથે નવા ભારતનાં નિર્માણનું સાક્ષી બનશે.

આપના સૂચનો અમને મોકલતા રહેશો.

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**



**સત્યેન્દ્ર પ્રકાશ**

# પ્રતિભાવ..




### આ મેગેઝીન અમને ખૂબ ગમે છે

દેશહિત અને ભારત સરકારની લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી અમને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન દ્વારા મળે છે. આ મેગેઝીન અમને બહુ ગમે છે. આ મેગેઝીન બહુ સરસ અને જ્ઞાનવર્ધક માહિતી સાથે પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે, જે પ્રશંસનીય છે.

**nlgurjar@gmail.com**

### વાંચવું ગમે તેવું છે ન્યૂ ઈન્ડિયા સમાચાર

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1-15 ઓગસ્ટનો અંક મળ્યો. આ અંકનું કવર પેજ બહુ આકર્ષક લાગ્યું. આ અંકમાં પ્રકાશિત કવર સ્ટોરી ઉપરાંત અન્ય સ્ટોરી પણ વાંચવામાં રસપ્રદ લાગી. આ મેગેઝીનમાં સ્ટોરી અત્યંત સુંદર રીતે લખવામાં આવે છે, જે વાંચવામાં સારી લાગે છે.

**abhaychaudhary.clinic@gmail.com**

### સ્વતંત્રતા સેનાનીઓની શૌર્ય ગાથા વાંચીને રોમાંચિત થયો

'અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ' શીર્ષક સાથે પ્રકાશિત કવર સ્ટોરી અત્યંત સરસ લાગી. આ ઉપરાંત, ન્યૂ ઈન્ડિયા સમાચારના 1-15 ઓગસ્ટના અંકમાં પ્રકાશિત અન્ય અહેવાલો પણ સારા લાગ્યા. આઝાદીના અમૃત મહોત્સવ શ્રૃંખલામાં સ્વતંત્રતા સેનાનીઓની શૌર્ય ગાથા વાંચીને રોમાંચિત થઇ ગયો.

**anuragmishrabhu@gmail.com**

### એક સંપૂર્ણ મેગેઝીન છે ન્યૂ ઈન્ડિયા સમાચાર

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન એક સંપૂર્ણ મેગેઝીન છે. આ મેગેઝીન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનારા વિદ્યાર્થીઓને બહુ ફાયદો થાય છે. હું આ મેગેઝીનની આતુરતાથી રાહ જોતો હોઉં છું. તેમાં પ્રકાશિત લેખો બહુ સરસ રીતે લખવામાં આવે છે.

**snehasurabhi5@gmail.com**

### ભારત વિશ્વમાં મોખરે રહેશે

ભારત સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ગતિશીલ નેતૃત્વ હેઠળ 130 કરોડ દેશવાસીઓને સાથે લઇને તેમની સાથે જોડાઇને આઝાદીના 75મા વર્ષને 'આઝાદી કા અમૃત મહોત્સવ' તરીકે મનાવવાનું શરૂ કર્યું. આગામી 25 વર્ષ માટે 'અમૃત કાળ' નામ આપીને 'અમૃત યાત્રા' શરૂ કરવામાં આવી છે. 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝીનના 1-15 ઓગસ્ટનાં અંકમાં આ બધું વાંચીને અત્યંત ખુશીનો અનુભવ થયો. જે રીતે પીએમ મોદી દેશને પુનઃવ્યાખ્યાયિત કરવા માટે નવી પહેલ, કાર્યક્રમ અને સ્પર્ધાઓ દ્વારા ભવિષ્યની યોજનાઓને આકાર આપી રહ્યા છે તેવામાં આપણે 2047માં સ્વતંત્રતાની શતાબ્દી મનાવીશું ત્યારે ચોક્કસપણે ભારત વિશ્વમાં મોખરે હશે. **shaktisinghadv@gmail.com**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઈમેલ: response-nis@pib.gov.in**




# ભારતના 'તેજસ'ને ખરીદવા માંગે છે વિશ્વનાં અનેક દેશ

1965ના યુધ્ધમાં પાકિસ્તાની એરફોર્સે અચાનક કરેલા હૂમલામાં ભારતનાં અનેક ફાઇટર જેટ ધરાશાયી થઈ ગયા હતા. એટલું જ નહીં, લડાકુ વિમાનોમાં જીપીએસ અને રડાર ન હોવાથી સ્ક્વોડ્રન લીડર વિલિયમ ગ્રીન ભારતને બદલે પાકિસ્તાનમાં લેન્ડ થયા. આ એ સમય હતો જ્યારે ભારત બીજા દેશો પાસેથી ફાઈટર જેટ ખરીદી રહ્યું હતું. હવે સમય બદલાઈ ગયો છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્ર સાથે ભારત વિશ્વનાં ટોચનાં 25 સંરક્ષણ નિકાસકારોમાં સામેલ થઈ ગયું છે. ભારતના સ્વદેશી જેટ વિમાન તેજસની માંગ સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે. વિશ્વનાં મોટા મોટા દેશોએ તેને ખરીદવામાં રસ દર્શાવ્યો છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ઇન્ડોનેશિયા અને ફિલિપાઇન્સ સહિત છ દેશોએ ભારતનાં તેજસ વિમાનમાં રસ બતાવ્યો છે. મલેશિયા તો આ વિમાનને ખરીદવાની તૈયારીમાં છે. ભારતે મલેશિયાને 18 તેજસ વેચવાની ઓફર કરી છે. લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટે આ માહિતી આપી હતી. આ અનુસાર આર્જેન્ટીના અને ઈજિપ્તે તેજસ વિમાનોમાં રસ દર્શાવ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતીય વાયુસેના 83 તેજસ વિમાનો માટે પહેલેથી જ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે કરાર કરી ચૂકી છે.

## પીએમજી દિશામાં 5.24 કરોડ લોકોને તાલીમ, લક્ષ્યાંક કરતા વધુ રજીસ્ટ્રેશન


ડિજિટલ અર્થતંત્ર તરફ ભારતનાં વધતાં ડગલાંને મજબૂતી આપવા માટે માર્ચ, 2023 સુધી 6 કરોડ ગ્રામીણ પરિવારોમાંથી પ્રતિ પરિવાર ઓછામાં ઓછી એક વ્યક્તિને પીએમજી દિશા અંતર્ગત ડિજિટલ સાક્ષર બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

PRADHAN MANTRI GRAMIN DIGITAL SAKSHAR ABHIYAN

આ અંતર્ગત 22 જુલાઈ, 2022 સુધી 6.15 કરોડથી વધુ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આમાંથી, 5.24 કરોડ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે અને 3.89 કરોડ ઉમેદવારોને વિધિવત પ્રમાણપત્ર આપી દેવામાં આવ્યા છે. આ માહિતી ઈલેક્ટ્રોનિક અને માહિતી ટેકનોલોજી મંત્રી રાજીવ ચંદ્રશેખરે રાજ્યસભામાં આપી હતી. ગ્રામીણ ભારતમાં ડિજિટલ સાક્ષરતાની શરૂઆત કરવા માટે ફેબ્રુઆરી, 2017માં કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન (પીએમજી દિશા)ને મંજૂરી આપી હતી.

## છ કરોડથી વધુ લોકોએ તિરંગા સાથે સેલ્ફી અપલોડ કરી

આઝાદીના 75 વર્ષની સમાપ્તિ અને 76મા સ્વતંત્રતા દિવસે સમગ્ર દેશમાં ખૂણે ખૂણે તિરંગો લહેરાતો જોવા મળ્યો. અનેક મકાનો તો એવા હતા જેમાં એક નહીં પણ અનેક તિરંગા લહેરાવવામાં આવ્યા હતા. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર



મોદીના આહવાનથી 13-15 ઓગસ્ટ દરમિયાન ચાલેલા 'હર ઘર તિરંગા' અભિયાનમાં 6.10 કરોડ લોકોએ તિરંગા સાથે harghartiranga.com પર સેલ્ફી અપલોડ કરી. આ ઉપરાંત, પાંચ કરોડથી વધુ લોકોએ વેબસાઇટ પર ડિજિટલ ઝંડા પણ ફરકાવ્યા. ભારત અને દરેક ભારતવાસી માટે આન-બાન-શાનના પ્રતીક તિરંગા સાથે સેલ્ફી અપલોડ કરનારાઓમાં ગૃહ મંત્રી અમિત શાહ, સચીન તેંડુલકર, અમિતાભ બચ્ચન, રજનીકાંત અને સોનુ સૂદ જેવી હસ્તીઓ હતી, તો નાના બાળકોએ પણ સેલ્ફી અપલોડ કરી હતી.

# QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં પ્રથમ વાર ભારતની 42 સંસ્થાઓ

દેશનાં યુવાનો શિક્ષિત હોવાની સાથે સાથે કૌશલ્યયુક્ત હોય, આત્મવિશ્વાસથી સભર હોય, વ્યાવહારિક હોય એ દિશામાં ભારત આગળ વધી રહ્યું છે. શિક્ષણમાં સુધારાને લઈને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ 2020માં અમલી બની પણ શિક્ષણ ક્ષેત્રમાં સુધારાનો પ્રારંભ તો વર્ષ 2014માં જ થઈ ગયો હતો. એટલાં માટે જ છેલ્લાં આઠ વર્ષમાં યુનિવર્સિટીથી માંડીને કોલેજ અને શાળાના માળખાને મજબૂત બનાવવાનું ઘણું કામ થયું છે. સાત નવી આઈઆઈએમ, સાત નવી આઈઆઈટી, મેડિકલ કોલેજોમાં લગભગ બમણી સીટો, ત્રણ ગણી એઈમ્સ સાથે આઠ વર્ષમાં 320 નવી યુનિવર્સિટી સાથે ઉચ્ચ શિક્ષણનું સંપૂર્ણ માળખું મજબૂત કરવાનો પ્રયત્ન કેન્દ્ર સરકારે કર્યો છે, જેની નોંધ હવે વૈશ્વિક સ્તરે પણ લેવાઈ રહી છે. યુનિવર્સિટી માટેનાં ક્વાક્વેરેલી સાયમન્ડ્સ (QR) વિશ્વ રેન્કિંગ 2023માં ટોચનાં 1422 નામોમાં ભારતની 41 સંસ્થાઓએ સ્થાન મેળવ્યું છે. આમાંથી સાત સંસ્થાઓને પ્રથમ વાર આ યાદીમાં સ્થાન મળ્યું છે. 2014માં આ યાદીમાં ભારતની માત્ર 12 સંસ્થાઓ જ સામેલ હતી. આ વર્ષે ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ દેશની ટોચની સંસ્થા બની છે. ગયા વર્ષની સરખામણીમાં તેના રેન્કિંગમાં 31 ક્રમનો સુધારો થયો છે. એ પછી આઈઆઈટી, મુંબઈ અને આઈઆઈટી, દિલ્હીએ વિશ્વની શ્રેષ્ઠ 200 સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે.



## હવે ભારતનો પોતાનો ડોપિંગ વિરોધી કાયદો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રાથમિકતાઓમાં રમતગમત અને ખેલાડીઓ હંમેશા રહ્યા છે. રમતગમત માટે મજબૂત માળખાંથી માંડીને ખેલાડીઓને વિશ્વ સ્તરની સુવિધાઓ અને તાલીમની અસર આપણે ટોક્યો ઓલિમ્પિકથી માંડીને કોમનવેલ્થ ગેમ્સમાં જોઈ. આ સ્પર્ધાઓમાં આપણે ઉત્તમ દેખાવ કર્યો. આ દિશામાં આગળ વધતાં ભારતે હવે ડોપિંગ વિરોધી કાયદો, 2021ને મંજૂરી આપી છે. રમતગમત અને યુવા બાબતોના મંત્રી તરીકે અનુરાગ ઠાકુરે સંસદમાં રજૂ કરેલું આ પ્રથમ વિધેયક હતું. આનાથી રમતગમત અને ખેલાડીઓને મદદ મળશે, સાથે સાથે આત્મનિર્ભર ભારતને પણ બળ મળશે. તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે ખેલાડીઓના ડોપિંગ ટેસ્ટ માટે ભારતે બીજા કોઈ દેશ પર આધાર નહીં રાખવો પડે. અગાઉ, ડોપ ટેસ્ટ માટે સેમ્પલ બીજા દેશમાં મોકલવા પડતા હતા, જ્યાં સેમ્પલની સાથે છેડછાડ થવાની આશંકા રહેતી હતી. હવે ભારતમાં આ કાયદો લાગુ થાય પછી ભારતમાં જ તેનાં ટેસ્ટ થઈ શકશે અને પૈસાની પણ બચત થશે. એન્ટી ડોપિંગ કાયદો બનવાની સાથે ભારત હવે અમેરિકા, ચીન, ઓસ્ટ્રેલિયા અને જાપાન જેવા દેશોની યાદીમાં સામેલ થઈ ગયું છે.

## 10 લાખ વિદ્યાર્થીઓને પેટન્ટની તાલીમનું લક્ષ્ય વહેલું પૂરું

बौद्धिक
सम्पदा भारत
पेटेंट|डिजाइन|व्यापार चिह्न|
भौगोलिक उपदर्शन

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન' બાદ 'જય આવિષ્કાર'નું સૂત્ર આપ્યું હતું, પણ દેશને પોતાના 'આવિષ્કાર' (શોધ)થી ત્યારે જ લાભ થાય જ્યારે દેશનાં સંશોધનકર્તાઓ પેટન્ટ કરાવવાની યોગ્ય પધ્ધતિઓથી માહિતગાર હોય. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 8 ડિસેમ્બર, 2021નાં રોજ શરૂ કરવામાં આવેલા રાષ્ટ્રીય બૌધ્ધિક સંપત્તિ જાગૃતિ મિશન (National Intellectual Property Awareness Mission (નિપમ) અંતર્ગત 10 લાખ વિદ્યાર્થીઓને પેટન્ટ સંબંધિત જાગૃતિ અને તાલીમનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું હતું, જેને 15 દિવસ પહેલાં એટલે કે 31 જુલાઈનાં રોજ હાંસલ કરવામાં આવ્યું હતું. આ સિધ્ધિને ભારતના બૌધ્ધિક સંપદાનાં ક્ષેત્રમાં વિશ્વગુરુ તરીકે વિશ્વનું નેતૃત્વ કરવાની દિશામાં મજબૂતીથી વધતાં પગલાં તરીકે જોઈ શકાય છે. ઇન્ટેલિજન્ટ પ્રોપર્ટી ઓફિસ, ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઈન એન્ડ ટ્રેડ માર્ક્સ (CGPDTM) અને વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રાલય દ્વારા તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. તેમાં, 28 રાજ્ય અને સાત કેન્દ્રશાસિત પ્રદેશોનાં 3662 શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. દેશને આત્મનિર્ભર બનાવવા માટે શોધની સાથે સાથે તેનું પેટન્ટ કરાવવું પણ જરૂરી છે. ●

# “શિક્ષકનું કામ પેઢીઓને બનાવવાનું, પેઢીઓને વધારવાનું છે.”

**“શિક્ષક એ નથી, જે વિદ્યાર્થીનાં મગજમાં બળજબરીથી હકીકતોને ઠોકી બેસાડે. સાચો શિક્ષક એ છે જે વિદ્યાર્થીઓને આવનારાં પડકારો માટે તૈયાર કરે.” સાચા શિક્ષકની આ વ્યાખ્યા આપનાર હતા ભારતના બીજા રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, જેમને આપણે રાજનેતા કે રાષ્ટ્રપતિને બદલે શિક્ષક તરીકે જાણીએ છીએ અને 5 સપ્ટેમ્બરે તેમની જન્મજયંતીને શિક્ષક દિવસ તરીકે મનાવીએ છીએ. આજે દેશની આશરે 15.09 લાખ શાળાઓમાં 97 લાખ શિક્ષક 26.44 કરોડથી વધુ વિદ્યાર્થીઓનું ઘડતર કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ પર જ ભારતના ભવિષ્યનો આધાર છે, તો આ શિક્ષકોનાં ખભા પર તેમને પડકારો માટે તૈયાર કરવાની જવાબદારી છે. કેન્દ્ર સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી માંડીને અનેક કાર્યક્રમો દ્વારા શિક્ષકોને તાલીમ આપવાની નવી શરૂઆત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે પોતાના ઉદબોધનમાં જણાવી ચૂક્યા છે. આ ઉપરાંત, ‘પરીક્ષા પે ચર્ચા’થી માંડીને વિવિધ કાર્યક્રમો દ્વારા તેઓ સતત વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરતા રહ્યા છે. આ શિક્ષક દિવસનાં વિશેષ પ્રસંગે વડાપ્રધાનના ભાષણોનાં અંશો રજૂ કરીએ છીએ, જેમાં તેમણે શિક્ષકો માટે આહવાન કર્યાં હતા. આ ઉપરાંત નવું ઉદાહરણ પ્રસ્થાપિત કરનાર કેટલાંક શિક્ષકો અંગે પણ જાણીએ..**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

ભારતના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ 5 સપ્ટેમ્બરનાં રોજ છે અને આ દિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેઓ જીવનમાં અનેક મોટાં હોદ્દા પર રહ્યાં છતાં પોતાનું જીવન શિક્ષક તરીકે જ જીવવાનો પ્રયત્ન કર્યો. એટલું જ નહીં, પણ તેઓ કહેતા હતા કે, “ સારો શિક્ષક એ જ છે જેની અંદરનો વિદ્યાર્થી કદી મરતો નથી. શિક્ષક ક્યારેય ઉંમરથી બંધાયેલો નથી હોતો. શિક્ષક ક્યારેય નિવૃત્ત થઈ જ ન શકે. વિદ્યાર્થીનો શિક્ષક પ્રત્યે આદર, શિક્ષકનું શિક્ષણ પ્રત્યે સમર્પણ અને વિદ્યાર્થી તથા શિક્ષક વચ્ચે પોતીકાપણાનો ભાવ, આ જ એક જોડી હોય છે જે જ્ઞાન પિરસવાની સાથે સાથે જીવનની કળા પણ શીખવે છે અને સપનાને વાગોળવાની આદત પણ બનાવે છે. આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે,“**दृष्टान्तो नैव दृष्टः त्रि-भुवन जठरे, सद्गुरोः ज्ञान दातुः**”।એટલે કે સમગ્ર બ્રહ્માંડમાં ગુરુની કોઈ ઉપમા નથી હોતી, કોઈ બરાબરી નથી હોતી. જે કામ ગુરુ કરી શકે તે બીજું કોઈ ન કરી શકે. આપણા શિક્ષક પોતાનાં કામને માત્ર વ્યવસાય નથી માનતા, તેમનાં માટે ભણાવવું એક માનવીય સંવેદના છે, એક પવિત્ર અને નૈતિક ફરજ છે. એટલાં માટે, આપણે ત્યાં શિક્ષક અને બાળકો વચ્ચે

પ્રોફેશનલ સંબંધ નથી હોતો, પણ પરંપરાગત સંબંધ હોય છે. આ સંબંધ સમગ્ર જીવનભરનો હોય છે. એટલાં માટે આજે દેશ પોતાના યુવાનો માટે શિક્ષણ સાથે સંકળાયેલો જે પણ પ્રયત્ન કરે છે તેનાં સૂત્રો આપણા આ શિક્ષક ભાઈ-બહેનો સાથે છે. હું શિક્ષક દિવસ પ્રસંગે દેશનાં તમામ ગુરુઓને નમન કરું છું. અને તમામ શિક્ષકો પાસે અપેક્ષા રાખું છું કે આપણું કામ પેઢીઓને બનાવવાનું છે, પેઢીઓને પ્રોત્સાહન આપવાનુ છે, તેઓ જ દેશને આગળ લઈ જશે. એ કામને બધાં સાથે મળીને કરે.”

### નવી શિક્ષણ નીતિમાં દરેક તબક્કે શિક્ષકની સક્રિય ભાગીદારી

કોઈ પણ વિદ્યાર્થીનાં અભ્યાસકાળ દરમિયાન તેનાં જીવનમાં સૌથી મોટો પ્રેરણાસ્ત્રોત શિક્ષક હોય છે. આપણે ત્યાં કહેવાય છે કે, **गुरौ न प्राप्यते यत्तन्नान्यत्रापि हि लभ्यते। गुरुप्रसादात सर्वं तु प्राप्नोत्येव न संशयः।** એટલે કે જે ગુરુ પાસેથી પ્રાપ્ત ન થઈ શકે તે બીજે ક્યાંયથી પ્રાપ્ત ન થઈ શકે. એટલે કે એવું કંઇ પણ નથી જે સારા ગુરુ મળ્યા પછી દુર્લભ હોય. એટલાં માટે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં ઘડતરથી અમલીકરણ સુધીનાં દરેક તબક્કે શિક્ષકની સક્રિય ભાગીદારી હોય છે.

સરકારનો નિષ્ઠા 2.0 અને નિષ્ઠા 3.0 પ્રોગ્રામ આ દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તમામ શિક્ષક, શિક્ષણનાં ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવતા હોય છે. એટલે તમે જો પ્રયત્ન કરશો તો તે રાષ્ટ્રને બહુ આગળ લઈ જશે. હું માનું છું કે આ સમયગાળામાં આપણે જે પણ ભૂમિકામાં છીએ, આપણે સૌભાગ્યશાળી છીએ કે આપણે આટલાં મોટો પરિવર્તનનાં સાક્ષી બની રહ્યા છીએ અને આ પરિવર્તનમાં સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છીએ. તમારા જીવનમાં આ સ્વર્ણિમ અવસર આવ્યો છે કે તમે દેશનાં ભવિષ્યનું નિર્માણ કરશો. ભવિષ્યની રૂપરેખા પોતાનાં હાથોથી ખેંચશો. મને પૂરો વિશ્વાસ છે કે આગામી સમયમાં જેમ જેમ નવી શિક્ષણ નીતિનાં અલગ અલગ ફીચર હકીકતમાં પરિવર્તિત થશે, તેમ આપણો દેશ નવા યુગનો સાક્ષાત્કાર કરશે. જેમ જેમ આપણા યુવાનો આધુનિક અને રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાતા જશે, દેશ આઝાદીનાં અમૃત સંકલ્પોને હાંસલ કરતો જશે.

### પ્લેન ગમે તેટલું આધુનિક હોય, ઉડાવે તો પાયલટ જ.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની આ યાત્રાના પથપ્રદર્શક દેશનાં શિક્ષક છે. એ નવી રીતે ‘લર્નિંગ’ હોય, કે ‘પરખ’ દ્વારા નવી પરીક્ષા હોય, શિક્ષકોએ જ વિદ્યાર્થીઓને આ નવી યાત્રા પર લઈ જવાના છે. કારણ કે વિમાન ગમે તેટલું આધુનિક કેમ ન હોય, ઉડાવે તો પાયલટ જ છે. એટલાં માટે, આ તમામ શિક્ષકોએ પણ ઘણું બધું ‘લર્ન’ કરવાનું છે, ઘણું બધું જૂનું ‘અનલર્ન’ કરવાનું છે.

## જીવન યાત્રામાં કોઇને કોઇ શિક્ષકની યાદ આવે છે

આપણે બધાં આપણા જીવનની સફળતાઓ, જીવન યાત્રાને જોઇએ છીએ, ત્યારે કોઇને કોઇ શિક્ષકની યાદ ચોક્કસ આવે છે. કોરોના કાળમાં આપણા શિક્ષકો સમક્ષ પરિવર્તનનો પડકાર આવ્યો, શિક્ષકોએ આ પડકારને સ્વીકાર્યો એટલું જ નહી પણ તેને અવસરમાં બદલી નાખ્યો. અભ્યાસમાં ટેકનોલોજીનો સૌથી વધુ ઉપયોગ કઈ રીતે થાય, કઈ રીતે નવી ટેકનોલોજીને અપનાવવી જોઇએ, વિદ્યાર્થીઓને મદદ કઈ રીતે કરવી એ આપણા શિક્ષકોએ સહજતાથી અપનાવ્યું છે અને પોતાના વિદ્યાર્થીઓને પણ શીખવાડ્યું છે. મને વિશ્વાસ છે કે જે રીતે દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા મોટું પરિવર્તન થવા જઇ રહ્યું છે, આપણા શિક્ષકો તેનો લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.



### બાળકોમાં કોઇ ભેદભાવ ન હોવો જોઇએ

ખરેખર, એક શિક્ષક તરીકે જોઉં તો બાળકોમાં કોઇ ભેદભાવ ન હોવો જોઇએ. તમામ બાળકોમાં ગુણ અને અવગુણ હોય છે. શિક્ષકનું કામ હોય છે વિદ્યાર્થીઓનાં સારપને સમજવી, તેને ઓપ આપવો, તેનાં જીવનને આગળ લઇ જવાની તક આપવી. શિક્ષક માત્ર તેજસ્વી વિદ્યાર્થી પર જ ધ્યાન આપે એવું ન કરી શકે. ઘરમાં માતા-પિતા પોતાનાં તમામ બાળકો પર બરાબર ધ્યાન આપે છે. એ જ રીતે, શિક્ષક માટે પણ કોઈ આગળ, કોઇ પાછળ, કોઇ ઉપર, કોઈ નીચે નથી હોતું. બધાં જ વિદ્યાર્થીઓ પોતાનાં હોય છે. દરેકનાં ગુણોને જાણવા જોઇએ. શિક્ષક ક્લાસમાં પણ તમામ બાળકોને ધ્યાનમાં રાખીને વાક્ય પ્રયોગ કરે છે. બધાંને સરખું પીરસવાનો પ્રયત્ન કરે છે.

# અભ્યાસ સાથે જોડાવા માટે શિક્ષકોનું પોતાનું "જોલીવુડ"

શિક્ષક આજીવન જ્ઞાનધારા સાથે જોડાયેલા રહે છે. તેઓ કામમાંથી નિવૃત્ત થઈ શકે છે, પણ શિક્ષણ કાર્યમાંથી નહીં, કારણ કે અભ્યાસથી માંડીને કારકિર્દી સુધી, દરેક જગ્યાએ શિક્ષકની, ગાઇડની જરૂર પડે છે. ગુરુ અને શિષ્યની પ્રાચીન પરંપરાની જેમ જ કેટલાંક શિક્ષક પુસ્તકિયા શિક્ષણથી આગળ વધીને વિદ્યાર્થીઓને ભવિષ્યનાં પડકારોનો સામનો કરવા અને વિજય મેળવવા માટે તૈયાર કરે છે, તો કેટલાંક શિક્ષકો અભ્યાસની સાથે સાથે પર્યાવરણ, રમતગમત અને દૈનિક જરૂરિયાતોને જોડીને પોતપોતાની 'જોલીવુડ' સ્ટાઇલ એટલે કે 'જોયફુલ લર્નિંગ' દ્વારા બાળપણથી જ વિદ્યાર્થીઓનાં ભવિષ્યનું સિંચન કરે છે. શિક્ષક દિવસે ચાલો આવા કેટલાંક રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત શિક્ષકોને મળીએ...

**ખુર્શીદ કુતબુદ્દીન શેખ**
**ગઢચિરૌલી, મહારાષ્ટ્ર**

## 'મૈં ભી રિપોર્ટર' દ્વારા ભાષાના પડકારને નાબૂદ કર્યો

મહારાષ્ટ્રના ગઢચિરૌલી જિલ્લાના નાનકડા ગામ અસાર અલીની જિલ્લા પ્રાથમિક શાળામાં ભણાવતા  શિક્ષક ખુર્શીદ કુતબુદ્દીન શેખ પોતાની સર્જનાત્મકતા દ્વારા આ આદિવાસી વિસ્તારનાં બાળકોને મુખ્ય પ્રવાહથી જોડવા માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે. સરહદી વિસ્તારમાં ભાષાનો પડકાર હોવાથી ખુર્શીદ કુતબુદ્દીન શેખે 'મૈં ભી રિપોર્ટર' નામની પ્રવૃત્તિ દ્વારા તેનો સામનો કર્યો. બાળકોનો આત્મવિશ્વાસ વધારવા માટે તેમને લઈને અનેક વીડિયો બનાવ્યા. શેખ કહે છે, જેમ દુનિયામાં હોલીવુડ, ભારતમાં બોલીવુડ છે તેમ મારી શાળામાં જોલીવુડ છે. જોલીવુડ એટલે 'જોયફુલ લર્નિંગ ઇન ચાઇલ્ડહુડ.'

**જયસિંહ**
**ઝુંઝુનુ, રાજસ્થાન**

## સરકારી યોજનાઓ-સ્થાનિક સહયોગથી સ્ટેડિયમ તૈયાર

ઝુંઝુનુ જિલ્લાના નાના શહેર સૂરજગઢની શાસ્રીય માધ્યમિક શાળામાં 2015માં સ્પોર્ટસ ટીચર તરીકે આવેલા જયસિંહે બાળકોને શાળામાં જ રમતગમતની સુવિધા મળે, તાલીમ માટે બહાર ન જવું પડે તે માટે સરકારની અલગ અલગ યોજનાઓ અને બધાંના સહયોગથી બહુ જલ્દી ત્યાં રાષ્ટ્રીય સ્તરનું મેદાન તૈયાર કરાવ્યું. આ મેદાનમાં એક એથ્લેટિક ટ્રેક, ફ્લડ લાઇટ ધરાવતા ચાર વોલીબોલ કોર્ટ બનાવડાવ્યા. તાલીમનાં સાધનો પણ ત્યાં વસાવ્યા. આજે અહીં બાળકોને સારી તાલીમ મળી રહી છે. આને પરિણામે સુરજગઢનાં અનેક વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તર સુધીની રમત સ્પર્ધાઓમાં શાળાને ગૌરવ અપાવી રહ્યા છે.

**જયસુંદર વી**
**માનાકોટ-પુડુચેરી**

## નવા વિચાર અને નવી શોધની પરંપરા વિક્સાવી રહ્યા છે

પુડુચેરીના માનાપેટની ગવર્મેન્ટ મિડલ સ્કુલના શિક્ષક જયસુંદર વીનો પ્રિય વિષય વિજ્ઞાન છે. વિદ્યાર્થીઓમાં નવા વિચારો અને નવી શોધની પરંપરા વિક્સિત કરવી એ તેમનો લક્ષ્ય છે. એટલે, પોતાના વિદ્યાર્થીઓને નવા આઇડિયા અને પ્રોજેક્ટ પર કામ કરવા માટે પ્રેરિત કરે છે. જયસુંદર  વી કહે છે, મારો હેતુ દેશ માટે ભવિષ્યનાં વૈજ્ઞાનિક તૈયાર કરવાનો છે. આ માટે બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે ઉત્સુકતા જગાવવી જરૂરી છે. તેમનાં કેટલાંક વિદ્યાર્થીઓની પસંદગી રાષ્ટ્રીય સ્તરના ઇન્સ્પાયર એવોર્ડમાં થઈ ચૂકી છે.

**આમને**
**પણ જાણો**

## પર્યાવરણથી પ્રેમ, રમકડાંથી વિજ્ઞાન દ્વારા શિક્ષણ

રાજકોટની વિનોબા ભાવે સ્કુલનાં આચાર્ય વનિતા દયાભાઇ રાઠોડ પોતાનાં વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે સાથે પર્યાવરણનું સિંચન કરવાનું કામ કરી રહ્યાં છે. છત્તીસગઢના બસ્તરના એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ મોડલ સ્કુલમાં અંગ્રેજીના લેક્ચરર પ્રમોદકુમાર શુક્લાએ આદિવાસી બાળકોને અંગ્રેજીમાં સક્ષમ બનાવ્યા છે. નાગાલેન્ડના જાખમા ગામની સરકારી મિડલ સ્કુલની હેડ ટીચર સ્વેદેશુનાઓ જાઓએ બાળકોનાં ઘેર ઘેર જઇને અભ્યાસનું મહત્વ સમજાવ્યું. બાળકોને ભણાવવા માટે આર્ટ ઇન્ટીગ્રેટેડ લર્નિંગને અપનાવ્યું છે. સ્કુલ અને ક્લાસરૂમની દિવાલોને પણ પુસ્તક જેવી બનાવી છે. ●

# છાતીમાં ગોળી ખાઇને પણ મેદાનમાં ટકી રહ્યા



**ભારતીય સેનાની બહાદુરીનો પરચો માત્ર દેશની અંદરની સરહદો પર જ નહીં પણ સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનથી માંડીને પડોશી શ્રીલંકા સુધી જોવા મળ્યો છે. ભારતનાં વીર જવાનોની બલિદાનની ગાથાનું સાક્ષી સમગ્ર વિશ્વ છે. આવા જ એક પરમવીર છે મેજર રામાસ્વામી પરમેશ્વરન, જેમણે શ્રીલંકામાં ઓપરેશન પવન દરમિયાન છાતી પર ગોળી ખાઇને પણ પોતાનાં લક્ષ્યને હાંસલ કર્યું....**

**જન્મઃ 13 સપ્ટેમ્બર, 1946 | મૃત્યુઃ 25 નવેમ્બર, 1987**

આ કિસ્સો 1980નાં દાયકાના અંત વખતનો છે. શ્રીલંકા સિવિલ વોરનો સામનો કરી રહ્યું હતું. ભારત-શ્રીલંકા સમજૂતિ પ્રમાણે, ભારતીય સેનાને ત્યાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે મોકલવામાં આવી હતી. શ્રીલંકાની અંદર ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવેલા આ અભિયાનને 'ઓપરેશન પવન' નામે ઓળખવામાં આવે છે. આ અભિયાન 1987થી 1990 સુધી ચાલ્યું. આ સમગ્ર મિશનમાં દરેક ભારતીય જવાને પોતાની મહત્વની ભૂમિકા નિભાવી, તેમાં એક એવા પણ જાંબાઝ સૈનિક હતા, જેમને આ મિશન દરમિયાન પોતાની બહાદુરી માટે મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. એ હતા મેજર રામાસ્વામી પરમેશ્વરન. 13 સપ્ટેમ્બર, 1946નાં રોજ મહારાષ્ટ્રમાં તેમનો જન્મ થયો. શાળાના અભ્યાસ બાદ 1968માં સાયન્સમાં ગ્રેજ્યુએશન પૂરું કર્યા બાદ પરમેશ્વરન ભારતીય સેનામાં જોડાઇ ગયા. તેઓ 1971માં પાકિસ્તાન સામેનાં યુદ્ધમાં લડનારા સૈનિકોનાં બલિદાનથી પ્રેરિત હતા. 1971માં તેઓ ઓફિસર્સ ટ્રેઇનિંગ એકેડેમી (OTA) માં પહોંચવામાં સફળ રહ્યા. ત્યાંથી પાસ થયા બાદ 16 જૂન, 1972નાં રોજ તેઓ 15 મહાર રેજિમેન્ટમાં કમિશન્ડ થયા અને અધિકારી બન્યા. તેમને જે પણ જવાબદારી સોંપવામાં આવતી તેને તેઓ સારી રીતે નિભાવતા હતા. મિઝોરમ અને ત્રિપુરામાં ઉગ્રવાદી ઘટના સામે કાર્યવાહી દરમિયાન તેમની સક્રિયતા તેમની ફરજનિષ્ઠાનાં બે મોટાં ઉદાહરણ હતા. આ દરમિયાન, તેમણે પોતાની કાર્યશૈલીથી બધાંને પ્રભાવિત કર્યા. તેઓ પોતાનાં વરિષ્ઠ અધિકારીઓનાં પ્રિય બન્યા, તો સાથે સાથે પોતાના જુનિયર અને સહકર્મીઓમાં પણ લોકપ્રિય થયા. તેઓ તેમને પ્રેમથી 'પેરી સાહેબ' કહીને બોલાવતા હતા. તેઓ 'ઓપરેશન પવન'નાં ભાગ રૂપે શ્રીલંકા ગયા અને ત્યાં શાંતિ સ્થાપવાની કામગીરી નિભાવવા લાગ્યા. 25 નવેમ્બર, 1987નાં રોજ 'ઓપરેશન પવન' દરમિયાન શ્રીલંકામાં એક સર્ચ ઓપરેશનમાંથી પાછા આવી રહ્યા હતા ત્યારે તેમનાં સૈનિક દળ પર આતંકવાદીઓનાં જૂથે હૂમલો કર્યો. ભારે ધીરજપૂર્વક તેમણે આતંકવાદીઓને પાછળથી ઘેરી લીધા અને તેમનાં પર હૂમલો કર્યો. આતંકવાદીઓ સંપૂર્ણપણે સ્તબ્ધ થઈ ગયા. સામસામેની લડાઈમાં એક આતંકવાદીએ તેમની છાતીમાં ગોળી ધરબી દીધી. તેમ છતાં મેજર પરમેશ્વરને આતંકવાદીઓ પાસેથી રાઈફલ આંચકી લીધી અને તેને ખતમ કરી દીધો. ગંભીર રીતે ઘાયલ હાલતમાં પણ તેઓ પોતાની ટીમના જવાનોને નિર્દેશ આપતા રહ્યા અને છેલ્લાં શ્વાસ સુધી સાથીઓનું મનોબળ મજબૂત કરતા રહ્યા. તેમનાં આ સાહસભર્યા પગલાંને કારણે પાંચ આતંકવાદીઓ માર્યા ગયા અને તેમની પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો અને દારુગોળો જપ્ત કર્યો. મેજર રામાસ્વામી પરમેશ્વરને અસાધારણ શૌર્ય અને પ્રેરક નેતૃત્વ દર્શાવીને દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું, જેનાં માટે તેમને મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. ●

## નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ

# ખેડૂત પુત્રમાંથી ભારતનાં બીજા સર્વોચ્ચ નાગરિક સુધીની સફર



**વિશ્વની સૌથી મોટી લોકશાહીની ખૂબી જૂઓ કે ઓડિશાના અંતરિયાળ આદિવાસી ગામમાં જન્મેલાં દ્રૌપદી મુર્મુએ 25 જુલાઈનાં રોજ દેશનાં સર્વોચ્ચ પદ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધાં, તો તેનાં 16 દિવસ બાદ રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લાના નાનકડા ગામનાં ખેડૂત પરિવારમાં ઉછરેલા જગદીપ ધનખડે દેશનાં બીજા ક્રમનો ટોચનો હોદ્દો એટલે કે ઉપરાષ્ટ્રપતિ પદ પર શપથ લીધા..**

ભારતીય લોકશાહીમાં કહેવા માટે રાજ્યપાલનો હોદ્દો રાજ્યનાં શાસનમાં સર્વોચ્ચ હોય છે, પણ મોટે ભાગે રાજ્યપાલ સક્રિય વ્યવસ્થાથી દૂર જ રહે છે. પણ જગદીપ ધનખડને એવા રાજ્યપાલ તરીકે લાંબા સમય સુધી યાદ કરવામાં આવશે, જેઓ પશ્ચિમ બંગાળમાં આ હોદ્દા પર રહીને સામાન્ય માણસો સાથે સંકળાયેલાં મુદ્દાઓ પર સતત સક્રિય રહ્યા છે. તેઓ રાજભવનમાં સમય પસાર કરવાને બદલે લોકોનાં હિત અને રાજ્યનાં મુદ્દાઓને એટલું મહત્વ આપે છે કે રાજ્યપાલ તરીકે હોદ્દો સંભાળતા જ પશ્ચિમ બંગાળને સમજવા માટે માત્ર ત્રણ મહિનામાં આશરે 1,000 પુસ્તકો વાંચી કાઢ્યા.

### રાજસ્થાનનાં ખેડૂત પરિવારમાં જન્મ

ઉપરાષ્ટ્રપતિ ધનખડનો જન્મ 18મે, 1951નાં રોજ રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લાના કિઠાનામાં થયો હતો. તેમનું પ્રારંભિક શિક્ષણ સરકારી પ્રાથમિક શાળા, કિઠાનામાં થયું. ધોરણ 6થી તેમણે ગામથી 4-5 કિલોમીટર દૂર સરકારી મિડલ સ્કુલ, ઘરઘાનામાં પ્રવેશ લીધો. તેઓ ગામના અન્ય વિદ્યાર્થીઓ સાથે પગપાળા સ્કુલ જતા હતા. 1962માં સૈનિક સ્કુલમાં પાસ થયા. રાજસ્થાન યુનિવર્સિટી સંલગ્ન મહારાજા કોલેજ જયપુરમાં ત્રણ વર્ષના ભૌતિકશાસત્રમાં બીએસસી (ઓનર્સ) કર્યું.

### સિવિલ સર્વિસ છોડીને વકીલાતનો વ્યવસાય કર્યો

ધોરણ 12 બાદ ઉપરાષ્ટ્રપતિ ધનખડની પસંદગી આઈઆઈટી અને પછી એનડીએમાં થઈ હતી, પણ તેઓ ગયા નહીં. ગ્રેજ્યુએટ થયા પછી તેમણે સિવિલ સર્વિસ પરીક્ષા પણ પાસ કરી લીધી હતી. જો કે તેમણે આઈએએસ બનવાને બદલે વકીલાતનો વ્યવસાય પસંદ કર્યો. તેમણે વકીલાતની શરૂઆત રાજસ્થાન હાઈકોર્ટમાંથી કરી હતી. 1987માં રાજસ્થાન હાઈકોર્ટ બાર એસોસિએશન, જયપુરના અધ્યક્ષપદે તેઓ સૌથી નાની ઉંમરનાં વ્યક્તિ હતા. 1988માં તેઓ રાજસ્થાન બાર કાઉન્સિલના સભ્ય પણ બન્યા. સુપ્રીમ કોર્ટમાં પણ વકીલ તરીકે તેમણે નામના મેળવી. તેઓ

## ઉપરાષ્ટ્રપતિ તરીકેની મુદત પૂરી થતાં વેંકૈયા નાયડુનો વિદાય સમારોહ

# આપણે હંમેશા તેમની અપેક્ષાઓ પૂરી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, જે તેઓ તમામ સાંસદો પાસેથી રાખે છેઃ વડાપ્રધાન મોદી

ભૂતપુર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ 11 ઓગસ્ટ, 2017નાં રોજ ભારતના 13મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધી હતી અને પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કર્યા બાદ તેમનાં નામે અનેક ઉપલબ્ધિઓ જોડાઇ ગઈ. તેમની અધ્યક્ષતા હેઠળ 13 સત્રોમાંથી પ્રથમ પાંચ સત્રોમાં 42.77 ટકા કામ થયું, જ્યારે પછીના આઠ સત્રમાં 82.34 ટકા કામ થયું. માતૃભાષાઓ અને ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના કટ્ટર સમર્થક તરીકે તેમનાં કાર્યકાળમાં ઉપલા ગૃહની કાર્યવાહીમાં ભારતીય ભાષાઓના ઉપયોગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. રાજ્યસભામાં 1952 બાદ પ્રથમ વાર ડોંગરી, કોંકણી, કાશ્મીરી અને સંથાલી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો અને રાજ્યસભા સચિવાલય તરફથી એક સાથે અનુવાદ સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી. આ રીતે, અસમિયા, બોડો, ગુજરાતી, મૈથિલી, મણિપુરી અને નેપાળી ભાષાઓનો લાંબા સમય બાદ રાજ્યસભામાં ઉપયોગ કરવામાં આવ્યો. જ્યારે કોવિડ-19 મહામારીએ વિશ્વભરમાં જનજીવન ખોરવી નાખ્યું હતું ત્યારે સંસદના કામકાજને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ નાયડુના નેતૃત્વમાં અનેક નવી પહેલ કરવામાં આવી, જેમ કે સંસદીય સમિતિઓનાં રિપોર્ટ વર્ચ્યુઅલ રીતે રજૂ કરવામાં આવ્યા. ભારતીય મૂલ્યો સાથે મજબૂતીથી જોડાયેલા હોવાનાં કારણે તેમણે અનેક સામ્રાજ્યવાદી પરંપરાઓને પણ બંધ કરાવી દીધી. જેમ કે, હું 'ગૃહનાં ટેબલ પર રાખવાનું નિવેદન કરું છું' ને બદલીને 'હું દસ્તાવેજ સભા પટલ પર રાખું છું અથવા આ કહેવા ઊભો થયો છું..' કરવામાં આવ્યું. ભારતના લોકશાહી લોકાચાર પર ભાર મૂકતા જૂના થઈ ગયેલા શબ્દ 'મહામહિમ' શબ્દને પણ બદલીને 'માનનીય ઉપરાષ્ટ્રપતિ' કરવામાં આવ્યું. તેમનાં આ ગુણોને યાદ કરતા 8 ઓગસ્ટનાં રોજ તેમના વિદાય સમારોહને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "આપણે હંમેશા તેમની અપેક્ષાઓને પૂરી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, જે તેઓ બધાં સાંસદો પાસેથી રાખે છે."



> **જગદીપ ધનખડને તમામ પક્ષોનાં ભારે સમર્થનથી ભારતના ઉપરાષ્ટ્રપતિ ચૂંટાવા બદલ અભિનંદન. આપણા દેશને તેમની બુદ્ધિમત્તા અને જ્ઞાનથી ઘણો લાભ મળશે. આવા સમયમાં જ્યારે ભારત આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે આપણે ખેડૂતનાં પુત્રનાં રૂપમાં ઉપરાષ્ટ્રપતિ મળવા પર ગર્વ છે, જેમની પાસે ઉત્કૃષ્ટ કાનૂની જ્ઞાન અને બૌધ્ધિક કુશળતા છે.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

રાજસ્થાન ઓલિમ્પિક સંઘ અને રાજસ્થાન ટેનિસ સંઘન અધ્યક્ષ રહી ચૂક્યા છે.

### લોકસભાના સભ્ય તરીકે સક્રિય રાજકારણમાં પ્રવેશ

ઉપરાષ્ટ્રપતિ ધનખડે 1989માં ઝુંઝુનુ લોકસભાની ચૂંટણી લડી અને વિજય મેળવ્યો. 1990થી માંડીને 1993માં કેન્દ્ર સરકારમાં સંસદીય બાબતોના રાજ્યમંત્રી રહ્યા. બાદમાં તેઓ રાજસ્થાનના અજમેર જિલ્લાની શનગઢ વિધાનસભા બેઠક પરથી જીત્યા. તેમની પાસે વહીવટી કામગીરીનો બહોળો અનુભવ છે. 2019માં તેમને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા. 11 ઓગસ્ટનાં રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને ઉપરાષ્ટ્રપતિ પદની શપથ લેવડાવી. ●

# ભારતીયતાનો ઉત્સવ અને રાષ્ટ્રની પ્રગતિ



**એક રાષ્ટ્ર માટે, ખાસ કરીને ભારત જેવા પ્રાચીન દેશનાં લાંબા ઈતિહાસમાં 75 વર્ષનો સમય ઘણો નાનો લાગે છે. ભારતે 75 વર્ષના આ સમયગાળામાં અનેક મહત્વપૂર્ણ પડાવ જોયા છે. 76મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશનાં નામે કરેલા પોતાના પ્રથમ સંબોધનમાં આ વિકાસ યાત્રાનો ઉલ્લેખ કર્યો, તો આઝાદીના 100મા વર્ષમાં નવું ભારત કેવું હોય તેના સંકલ્પની પણ યાદ અપાવી. આદિવાસી જાતિમાંથી દેશનાં સર્વોચ્ચ બંધારણીય હોદ્દા પર પહોંચેલાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું, "જ્યારે આપણે સ્વતંત્રતા દિવસ મનાવીએ છીએ તો વાસ્તવમાં આપણે આપણી ભારતીયતાનો ઉત્સવ મનાવીએ છીએ." વાંચો તેમના સંબોધનનાં અંશ....**

### સ્વતંત્રતા સેનાનીઓને સાદર નમન

76મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ દેશ-વિદેશમાં રહેતા તમામ ભારતીયોને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. 14 ઓગસ્ટનાં રોજ વિભાજન વીભિષિકા સ્મૃતિ દિવસ તરીકે મનાવવામાં આવી રહ્યો છે. આ સ્મૃતિ દિવસને મનાવવાનો હેતુ સામાજિક સદભાવ, માનવ સશક્તિકરણ અને એકતાને પ્રોત્સાહન આપવાનો છે. 15 ઓગસ્ટ, 1947નાં રોજ આપણે સામ્રાજ્યવાદી શાસનની બેડીઓને તોડી નાખી હતી. એ દિવસે આપણે આપણી નિયતિને નવું સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો હતો. એ શુભ દિવસની વર્ષગાંઠ મનાવતા આપણે બધાં લોકો સ્વતંત્રતા સેનાનીઓને સાદર નમન કરીએ છીએ, જેમણે પોતાનું સર્વસ્વ બલિદાન કરી દીધું જેથી આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ શકીએ.

### લોકશાહીની જડ સતત ઊંડી અને મજબૂત થઈ ગઈ

જ્યારે ભારત સ્વતંત્ર થયું ત્યારે અનેક આંતરરાષ્ટ્રીય નેતાઓ અને વિચારકોએ આપણી લોકશાહી શાસન પ્રણાલિની સફળતા પર આશંકા વ્યક્ત કરી હતી. તેમની આ આકાંક્ષાનાં

## આરોગ્ય, શિક્ષણ અને અર્થતંત્ર તથા તેની સાથે સંકળાયેલા અન્ય ક્ષેત્રોમાં જે સારાં પરિવર્તન દેખાઇ રહ્યાં છે, તેનાં મૂળમાં સુશાસન છે.

અનેક કારણો પણ હતા. એ દિવસોમાં લોકશાહી આર્થિક રીતે સમૃધ્ધ રાષ્ટ્રો સુધી જ સીમિત હતી. વિદેશી શાસકોએ વર્ષો સુધી ભારતનું શોષણ કર્યું હતું. આ કારણસર ભારતનાં લોકો ગરીબી અને નિરક્ષરતાનો સામનો કરી રહ્યા હતા. પણ ભારતવાસીઓએ તેમની અપેક્ષાઓને ખોટી સાબિત કરી દીધી. ભારતની માટીમાં લોકશાહીનાં મૂળિયાં સતત ઊંડા અને મજબૂત થતાં ગયા.

### લોકશાહીની વાસ્તવિક ક્ષમતાથી પરિચિત કરાવ્યું

મોટાં ભાગનાં લોકશાહી દેશોમાં મત આપવાનો અધિકાર મેળવવા માટે મહિલાઓએ લાબા સમય સુધી સંઘર્ષ કરવો પડ્યો હતો. પણ આપણા પ્રજાસત્તાકનાં પ્રારંભથી જ ભારતે સાર્વભૌમિક વયસ્ક મતાધિકારને અપનાવ્યો. પ્રત્યેક વયસ્ક નાગરિકને રાષ્ટ્ર નિર્માણની સામૂહિક પ્રક્રિયામાં ભાગ લેવાની તક પૂરી પાડવામાં આવી.

### 'આઝાદીનો અમૃત મહોત્સવ' જનતાને સમર્પિત

માર્ચ 2021માં દાંડી યાત્રાની સ્મૃતિને પુનઃ જીવંત રૂપ આપીને આઝાદીના અમૃત મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. આ યુગાંતરકારી આંદોલને આપણા સંઘર્ષને વિશ્વ સ્તરે સ્થાન આપ્યું. આ સન્માન સાથે અમૃત મહોત્સવની શરૂઆત કરવામાં આવી. આ મહોત્સવ ભારતીય જનતાને સમર્પિત છે.

### 15 નવેમ્બર 'જન જાતીય ગૌરવ દિવસ'

અનેક વીર યોધ્ધાઓ તથા તેમનાં સંઘર્ષો ખાસ કરીને ખેડૂત અને આદિવાસી સમુદાયનાં વીરોનું યોગદાન લાંબા સમય સુધી સામૂહિક સ્મૃતિથી દૂર રહ્યું. ગયા વર્ષથી 15 નવેમ્બરને 'જન-જાતીય ગૌરવ દિવસ' તરીકે મનાવવાનો સરકારનો નિર્ણય સ્વાગત યોગ્ય છે. આપણા જન-જાતીય મહાનાયકો માત્ર સ્થાનિક કે ક્ષેત્રીય પ્રતીક નથી પણ  સમગ્ર દેશ માટે પ્રેરણાસ્ત્રોત છે.

### આપણી ઉપલબ્ધિઓ અનેક વિક્સિત દેશોથી વધુ

આપણે દેશમાં જ નિર્મિત રસી સાથે માનવ ઇતિહાસનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ કર્યું. ગયા મહિને આપણે 200 કરોડ ડોઝનો આંકડો વટાવી દીધો છે. આ મહામારીનો સામનો કરવામાં આપણી ઉપલબ્ધિઓ વિશ્વનાં અનેક વિક્સિત દેશો કરતાં વધુ રહી છે. જ્યારે દુનિયા કોરોના મહામારીની ગંભીર સમસ્યાના આર્થિક પરિણામોનો સામનો કરી રહી હતી ત્યારે ભારતે ખુદને સંભાળ્યું અને ફરીથી તીવ્ર ગતિથી આગળ વધી રહ્યું છે. હાલમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ કરી રહેલા ટોચના અર્થતંત્રોમાંનું એક છે.

### મૂળ કર્તવ્યો અંગે જાણો

ભારતમાં આજે સંવેદનશીલતા અને કરૂણાનાં જીવન મૂલ્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ જીવન મૂલ્યોનો મુખ્ય હેતુ આપણા વંચિત, જરૂરિયાતમંદ અને સમાજમાં કોરાણે મૂકાઇ ગયેલા લોકોનાં કલ્યાણનું કાર્ય કરવાનો છે. આપણા રાષ્ટ્રીય મૂલ્યોને, નાગરિકોનાં મૂળ કર્તવ્યો તરીકે, ભારતના બંધારણમાં સમાવવામાં આવ્યા છે. દેશનાં દરેક નાગરિકને મારો અનુરોધ છે કે તેઓ પોતાના કર્તવ્યો અંગે જાણે, તેનું પાલન કરે, જેનાંથી આપણો દેશ નવી ઊંચાઇઓને સ્પર્શી શકે

## આપણો સંકલ્પ છે કે વર્ષ 2047 સુધી આપણે સ્વતંત્રતા સેનાનીઓનાં સપનાને સંપૂર્ણ પણે સાકાર કરી લઇશું.

### વિઘ્નોને પાર કરીને આગળ વધી રહેલી મહિલાઓ

મહિલાઓ અનેક રૂઢીઓ અને વિઘ્નોને પાર કરીને આગળ વધી રહી છે. સામાજિક અને રાજકીય પ્રક્રિયાઓમાં તેમની વધતી જતી ભાગીદારી નિર્ણાયક સાબિત થશે. આજે આપણી પંચાયતી રાજ સંસ્થાઓમાં ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓની સંખ્યા 14 લાખથી વધુ છે. આપણા દેશની અનેક આશાઓ આપણી દીકરીઓ પર ટકી છે. પૂરતી તક મળે તો તેઓ નોંધપાત્ર સફળતા હાંસલ કરી શકે છે. આપણી દીકરીઓ ફાઇટર પાયલટથી માંડીને અવકાશ વૈજ્ઞાનિક સુધીનાં તમામ ક્ષેત્રમાં દેશને ગૌરવ અપાવી રહી છે.

### માતૃભૂમિ માટે બધું જ અર્પણ કરવાનો સંકલ્પ લઇએ


આજે જ્યારે આપણા પર્યાવરણ સમક્ષ નવાં નવાં પડકારો આવી રહ્યા છે ત્યારે આપણે ભારતની સુંદરતા સાથે સંકળાયેલી દરેક બાબતનું દ્રઢતાપૂર્વક સંરક્ષણ કરવું જોઇએ. જળ, માટી અને જૈવિક વિવિધતાનું સંરક્ષણ કરવું એ આપણી ભાવિ પેઢીઓ પ્રત્યે આપણી ફરજ છે. આપણી પાસે જે કંઇ પણ છે તે આપણી માતૃભૂમિએ આપેલું છે. એટલાં માટે આપણે દેશની સલામતી, પ્રગતિ અને સમૃધ્ધિ માટે પોતાનું બધું જ અર્પણ કરવાનો સંકલ્પ લેવો જોઇએ. ●



## અમૃત કાળનો ધ્યેય

# કર્તવ્ય પથ જ જીવન પથ જેથી વિકસિત દેશ બને ભારત


કવર સ્ટોરી
75
આઝાદીનો 75 વર્ષ



ભારતની આઝાદીને 75 વર્ષ પૂરા થવા પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને નવમી વાર સંબોધિત કરી રહ્યા હતા ત્યારે તેમાં આજનાં ભારતની વિકાસ યાત્રાનો ઉલ્લેખ હતો, તો દેશમાં આવેલી સામૂહિક ચેતનાનાં પુનર્જાગરણની ઊર્જા પણ હતી. દેશને વિક્સિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પની દ્રઢ ઈચ્છાશક્તિ વ્યક્ત કરીને તેમણે આઝાદીનાં 75 વર્ષની યાત્રાને આગળ વધારવા અને અમૃત કાળમાં 'પંચ પ્રણ'થી એવા વિક્સિત ભારતનાં નિર્માણનાં સંકલ્પનું પુનરાવર્તન કર્યું જ્યાં જગ કલ્યાણથી જન કલ્યાણનો અભિગમ હોય, ગુલામીનાં મનોભાવમાંથી મુક્ત હોય, પોતાનાં વારસા પર ગર્વ કરતા ભારતના દરેક નાગરિકનો કર્તવ્ય પથ જ જીવન પથ બને અને એકતા-અખંડિતતા સાથે નવા ભારતનું નિર્માણ થાય..



ભારતની સ્વતંત્રતાનાં 75 વર્ષ એટલે કે આઝાદીની ઊર્જાનો ઉત્સવ, નવા વિચારોનું અમૃત, આત્મનિર્ભરતાનું અમૃત, ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવાના નવા સંકલ્પોનું અમૃત. ભારત આ 15 ઓગસ્ટે આઝાદીના 75 વર્ષ પૂરા કરીને 76મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું હતું ત્યારે લાલ કિલ્લો, દેશનાં દરેક ખૂણામાં વસેલા ભારતીયો અથવા ભારતને ચાહનારાઓનો રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યેનો ઉત્સાહ કંઇક એવો જ હતો જેની કલ્પના 75 વર્ષ પહેલાં સ્વતંત્રતા સેનાનીઓએ કરી હતી. દરેક ખૂણામાં આન-બાન-શાન સાથે લહેરાતા તિરંગાએ અમૃત મહોત્સવની અમિટ છાપ છોડી અને આ ઐતિહાસિક દિવસ ભારતની યાત્રાનો પૂણ્ય પડાવ, નવો માર્ગ, નવો સંકલ્પ અને નવી તાકાત સાથે ડગલાં માંડવાનો પાવન પ્રસંગ બની ગયો.


આઝાદીના આ 75 વર્ષોમાં ભારતે દરેક પડકારનો સામનો કર્યો. 75 વર્ષની આ યાત્રામાં આશા—અપેક્ષાઓ, ઉતાર-ચઢાવ વચ્ચે સૌનાં પ્રયાસથી દેશ અહીં સુધી પહોંચ્યો છે. વર્ષ 2014માં દેશની જનતાએ આઝાદ ભારતમાં જન્મેલા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે રાષ્ટ્રની સેવા કરવાની તક આપી ત્યારે તેમણે લાલ કિલ્લા પરથી સંબોધન હોય કે રાષ્ટ્ર સાથે સંકળાયેલા સામાજિક-નીતિગત-આર્થિક નિર્ણયો હોય, દ્રઢ ઇચ્છાશક્તિનો પરિચય આપ્યો છે. પોતાના જીવનના લાંબા સમય સુધી તેઓ સમાજની અંદર ગરીબમાં ગરીબને સશક્ત કરવામાં વ્યસ્ત રહ્યા. દલિત, શોષિત, પીડિત, વંચિત, આદિવાસી, મહિલા, યુવાન, ખેડૂત, દિવ્યાંગ એમ દરેક વર્ગની ચિંતા કરીને તેમને સમર્થ કરવાનું કામ કર્યું. પૂર્વ હોય કે પશ્ચિમ હોય, ઉત્તર હોય કે દક્ષિણ, દરિયો હોય કે પર્વત હોય દરેક ખૂણાનો વિકાસ કરવા માટેનું કામ કર્યું અને તેમનાં માટે પોતાની જાતને સમર્પિત કરી. આ આઠ વર્ષમાં કરેલા કાર્ય અને સુશાસનને પરિણામે આઝાદીના આટલા દાયકાઓ બાદ પણ ભારત પોતાનાં અમૃત કાળ તરફ ડગલાં માંડી રહ્યું છે ત્યારે તેઓ એક એવા સામર્થ્યને જોઇ રહ્યા છે જેનાંથી મનને ગર્વ થવો સ્વાભાવિક છે. જે રીતે વીતેલાં કેટલાંક વર્ષમાં દેશની દરેક વ્યક્તિ સરકારની નીતિઓ સાથે જોડાઇ છે અને નવી સામૂહિક ચેતનાનું પુનર્જાગરણ થયું છે તેનાંથી ભારત વિકાસશીલમાંથી વિક્તિસ રાષ્ટ્ર બનવાની દિશામાં અગ્રેસર છે. અમૃત કાળની વિકાસ યાત્રાથી ભારતને વિક્સિત બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી આવી રૂપરેખા રજૂ કરી....

कवर स्टोरी / આઝાદીનાં 75 વર્ષ

# રાષ્ટ્ર નાયકોને નમન...

**વડાપ્રધાન મોદીએ અમૃત વર્ષમાં મહાન સ્વતંત્રતા સેનાનીઓનું સ્મરણ કરીને ભારતની એ તાકાતની અનુભૂતિ કરાવી, જેણે ક્યારેય સુરજ અસ્ત ન થનારી અંગ્રેજી હકૂમત વિરુધ્ધ રાષ્ટ્રની ચેતનાને બળ આપ્યું હતું.**






- દેશને સ્વતંત્ર કરાવવા માટેનું આંદોલન સંઘર્ષમાં વીત્યું છે. હિન્દુસ્તાનનો કોઇ ખૂણો એવો નહોતો, કોઇ સમય એવો નહોતો, જયારે દેશવાસીઓએ સેંકડો વર્ષ સુધી ગુલામી સામે લડાઇ ન લડી હોય, જીવન ન ખપાવ્યું હોય, મુશ્કેલીઓ ન સહન કરી હોય, બલિદાન ન આપ્યા હોય. આજે આપણે સૌ દેશવાસીઓ માટે આવા દરેક મહાપુરુષોને નમન કરવાનો અવસર છે.
- આપણે બધાં દેશવાસીઓ કૃતજ્ઞ છીએ પૂજ્ય બાપુનાં, નેતાજી સુભાષચંદ્ર બોઝના, બાબા સાહેબ આંબેડકરના, વીર સાવરકરના કે જેમણે કર્તવ્ય પથ પર જીવનને વીતાવી દીધું. કર્તવ્ય પથ જ તેમનો જીવન પથ રહ્યો.
- આ દેશ કૃતજ્ઞ છે મંગલ પાંડે, તાત્યા ટોપે, ભગત સિંહ, સુખદેવ, રાજગુરુ, ચંદ્રશેખર આઝાદ, અશફાક ઉલ્લા ખાન, રામ પ્રસાદ બિસ્મિલ સહિતનાં અનેક અસંખ્ય ક્રાંતિવીરોનો, જેમણે અંગ્રેજી શાસનનો પાયો હચમચાવી નાખ્યો હતો. આ રાષ્ટ્ર કૃતજ્ઞ છે રાણી લક્ષ્મીબાઇ, ઝલકારી બાઇ, દુર્ગા ભાભી, રાની ગાઇદિનલ્યુ, રાણી ચેનમ્મા, બેગમ હઝરતમહલ અને વેલુ નાચ્ચિયાર જેવી વીરાંગનાઓનું, જેમણે બતાવ્યું કે ભારતની નારી શક્તિ શું હોય છે.
- ભારતની નારી ત્યાગ અને બલિદાનની કેવી પરાકાષ્ઠા હોય છે તેવી અગણિત વીરાંગનાઓનું સ્મરણ કરતાં દરેક હિન્દુસ્તાની ગર્વથી ભરાઈ જાય છે. આઝાદીની લડાઇ લડનાર અને આઝાદી બાદ દેશ બનાવનાર ડો. રાજેન્દ્ર પ્રસાદ, નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામાપ્રસાદ મુખરજી, લાલબહાદુર શાસ્ત્રી, દિનદયાલ ઉપાધ્યાય, જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા, આચાર્ય વિનોબા ભાવે, નાનાજી દેશમુખ, સુબ્રમણ્યમ ભારતી જેવા સંખ્યાબંધ મહાપુરુષોને નમન કરવાન અવસર છે.

> **આ દેશનું સૌભાગ્ય રહ્યું છે કે આઝાદીના જંગમાં એક રૂપ એ પણ હતું જેમાં નારાયણ ગુરુ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર જેવા અનેક મહાપુરુષ હિન્દુસ્તાનનાં દરેક ખૂણામાં, દરેક ગામમાં ભારતની ચેતનાને જગાવતા રહ્યા. ભારતને ચેતનામય બનાવતા રહયા.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





# લોકશાહીની જનની ભારતની અમૂલ્ય તાકાત

અંગ્રેજો કહીને ગયા હતા કે અમારા ગયા પછી ભારત વેરવિખેર થઈ જશે. એમણે નહીં વિચાર્યું હોય કે ભારત વિશ્વનાં સૌથી વિશાળ લોકશાહી દેશ તરીકે ઊપસી આવશે, પણ બધાંનો પ્રયાસ ભારતની અમૂલ્ય તાકાત બની ગયો.

- આતંકવાદે ડગલેને પગલે પડકારો સર્જ્યા, નિર્દોષ નાગરિકોની હત્યા કરી. છદ્મ યુધ્ધ થતાં રહ્યા, પ્રાકૃતિક આપત્તિઓ આવતી રહી, સફળતા-નિષ્ફળતા, આશા-નિરાશા, જેવા અનેક પડાવ આવ્યા. છતાં આ પડાવ વચ્ચે પણ ભારત આગળ વધતું રહ્યું.

> આપણે જંગલમાં રહેતા આપણા આદિવાસી સમાજનું પણ ગૌરવગાન કરવાનું ન ભૂલી શકીએ. ભગવાન બિરસા મુંડા, સિધ્ધુ-કાન્હુ, અલ્લુરી સીતારામ રાજુ, ગોવિંદ ગુરુ એવા અગણ્ય નામો છે, જેમણે આઝાદીના આંદોલનનો અવાજ બનીને અંતરિયાળ જંગલોમાં પણ માતૃભૂમિ માટે જીવવા મરવાની પ્રેરણા જગાવી.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

- આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ ત્યારે છેલ્લાં 75 વર્ષમાં દેશ માટે જીવવા મરનારા, દેશનું રક્ષણ કરનારા, દેશના સંકલ્પોને પૂરા કરનારા, સેનાના જવાન હોય, પોલિસકર્મી હોય, શાસનમાં બેઠેલા બ્યુરોક્રેટ્સ હોય, જનપ્રતિનિધિ હોય, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનાં શાસક, વહીવટદાર હોય, રાજ્યોનાં શાસક-વહીવટદાર હોય, કેન્દ્રનાં શાસક-વહીવટદાર હોય....75 વર્ષમાં આ બધાંનાં યોગદાનને પણ યાદ કરવાનો આજે અવસર છે. આ પ્રસંગ એ કરોડો નાગરિકોને પણ નમન કરવાનો છે જેમણે 75 વર્ષમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે પણ દેશને આગળ વધારવા માટે પોતાનાથી જે થઈ શક્યું, તે કરવાનો પ્રયત્ન કર્યો છે.
- વર્ષોની ગુલામીએ ભારતનાં મનને, ભારતીયોની ભાવનાને ઊંડા ઘા આપ્યા છે, મોટો ફટકો પાડ્યો છે, પણ તેની અંદર એક જીદ પણ હતી, એક જિજીવિષા પણ હતી, એક ઝનૂન પણ હતું, એક જોશ પણ હતો. અને તેને કારણે અભાવો વચ્ચે પણ, ટીકા વચ્ચે પણ અને આઝાદીની લડાઈ અંતિમ તબક્કામાં હતી ત્યારે દેશને ડરાવવા માટે, નિરાશ કરવા માટે, હતાશ કરવા માટે તમામ ઉપાય કરવામાં આવ્યા હતા.
- એવું કહેવામાં આવતું હતું કે અંગ્રેજો જતા રહેશે તો દેશ તૂટી જશે, વિખરાઈ જશે, લોકો અંદર અંદર લડીને મરી જશે, કશું નહીં બચે, ભારત અંધકાર યુગમાં જતો રહેશે, કોણ જાણે કેવી કેવી આશંકાઓ વ્યક્ત કરવામાં આવી હતી. પણ તેમને ખબર નહોતી કે આ હિન્દુસ્તાનની માટી છે, આ માટીમાં એ તાકાત છે જે મુશ્કેલીઓને પાર કરીને પણ દેશ સદીઓ સુધી જીવી રહ્યો છે.

# ભારતનાં લોકો મહત્વાકાંક્ષી

ભારતનો સમાજ જાગૃત છે અને પોતાની આકાંક્ષાઓને પૂરી કરવા માટે તત્પર પણ છે. તે પડકારોનો સામનો કરવાનું પણ જાણે છે અને નવા ઉપાય પણ. અમૃત કાળની સવાર આકાંક્ષી સમાજ માટે સુવર્ણ તક લઇને આવી છે...





- હું આજે દેશનું સૌથી મોટું સૌભાગ્ય જોઇ રહ્યો છું કે ભારતનાં લોકોનું મન મહત્વાકાંક્ષી છે. આકાંક્ષી સમાજ કોઇ પણ દેશની મોટી સંપત્તિ હોય છે અને આપણને ગર્વ છે કે આજે હિન્દુસ્તાનનાં દરેક ખૂણામાં, દરેક સમાજનાં દરેક વર્ગમાં આકાંક્ષાઓ જોરમાં છે.
- દેશનો દરેક નાગરિક સ્થિતિ બદલવા માંગે છે, બદલતી જોવા માંગે છે, પણ રાહ જોવા માટે તૈયાર નથી, પોતાની આંખોની સામે જોવા માંગે છે, કર્તવ્ય સાથે જોડાઇને કાર્ય કરવા માંગે છે. તે ગતિ ઇચ્છે છે, પ્રગતિ ઇચ્છે છે. 75 વર્ષમાં જોયેલાં તમામ સપના પોતાની આંખો સામે પૂરા કરવા માટે ઉતાવળા છે, ઉત્સાહિત છે અને ઉતાવળા પણ છે.
- જ્યારે સમાજ આકાંક્ષી હોય છે ત્યારે સરકારોએ પણ તલવારની ધાર પર ચાલવું પડે છે. સરકારોએ પણ સમયની સાથે દોડવું પડે છે અને મને વિશ્વાસ છે કે કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હોય, કોઇ પણ પ્રકારની શાસન વ્યવસ્થા કેમ ન હોય, દરેકે આ આકાંક્ષી સમાજની ઇચ્છા પૂરી કરવી પડશે. તેમની આકાંક્ષાઓ માટે આપણે લાંબી રાહ ન જોઇ શકીએ. એટલાં માટે આ અમૃત કાળની પ્રથમ સવાર એ આકાંક્ષી સમાજની આકાંક્ષાઓ પૂરી કરવા માટે બહુ મોટી સુવર્ણ તક લઈને આવી છે.

> હવે રાજકીય સ્થિરતા હોય, નીતિઓમાં ગતિશીલતા હોય, નિર્ણયોમાં ઝડપ હોય, સર્વવ્યાપકતા હોય, સર્વસમાવેશિતા હોય, તો વિકાસ માટે કોઈ પણ ભાગીદાર બને છે. સબકા સાથ, સબકા વિકાસનો મંત્ર લઇને અમે ચાલ્યા હતા પણ જોતજોતામાં દેશવાસીઓએ બધાંનાં વિશ્વાસ અને બધાંના પ્રયાસથી તેમાં રંગ ભરી દીધા છે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





# સામૂહિક શક્તિથી વિશ્વની આશા ભારત

ભારતમાં નવી સામૂહિક ચેતનાનું પુનર્જાગરણ નવા ભારતની જ નહીં, વિશ્વ માટે પણ આશા બનીને ઊભર્યું છે કારણ કે નીતિઓનું સામર્થ્ય અને તેનાં પ્રત્યે ભરોસાને ભારતે આગળ વધાર્યો છે.

- **130 કરોડ દેશવાસીઓ અનેક દાયકાઓનાં અનુભવ બાદ સ્થિર સરકારનું મહત્વ શું છે, રાજકીય સ્થિરતાનું મહત્વ શું હોય છે, રાજકીય સ્થિરતા દુનિયામાં કયા પ્રકારની તાકાત બતાવી શકે છે, તેને સમજ્યાં છે.**

**આઝાદીનાં આટલાં દાયકા બાદ સમગ્ર વિશ્વની ભારત તરફ જોવાની દ્રષ્ટિ બદલાઈ ચૂકી છે. વિશ્વ ભારત તરફ ગર્વથી જોઈ રહ્યું છે, અપેક્ષાઓથી જોઈ રહ્યું છે. દુનિયા સમસ્યાનો ઉકેલ ભારતની ધરતી પર શોધી રહી છે. વિશ્વનું આ પરિવર્તન, વિશ્વની દ્રષ્ટિમાં આ પરિવર્તન 75 વર્ષની આપણી અનુભવ યાત્રાનું પરિણામ છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

- આપણે તાજેતરનાં દિવસોમાં વધુ એક તાકાતનો અનુભવ કર્યો છે અને તે છે ભારતમાં સામૂહિક ચેતનાનું પુનર્જાગરણ. એક સામૂહિક ચેતનાનું પુનર્જાગરણ આઝાદીના લાંબા સંઘર્ષમાં જે અમૃત હતું તે સંકલિત થઈ રહ્યું છે. સંકલ્પમાં પરિવર્તિત થઈ રહ્યું છે, પુરુષાર્થની પરાકાષ્ઠા જોડાઈ રહી છે અને સિધ્ધિનો માર્ગ દેખાઈ રહ્યો છે.
- ચેતનાનું જાગરણ, આ પુનર્જાગરણ, આપણો સૌથી મોટો વારસો છે. આ પુનર્જાગરણ જૂઓ. 10 ઓગસ્ટ સુધી લોકોને ખબર પણ નહતી કે દેશની અંદર કેવી તાકાત છે. પણ છેલ્લાં ત્રણ દિવસથી જે રીતે તિરંગા ઝંડાથી લઈને તિરંગા યાત્રા લઈને દેશ આગળ વધી રહ્યો છે. મોટાં મોટાં સમાજ નિષ્ણાતોએ પણ કદાચ કલ્પના નહીં કરી હોય કે મારા દેશની અંદર કેટલી મોટી તાકત છે. એક તિરંગા ઝંડાએ બતાવી દીધી છે. આ પુનર્ચેતના, પુનર્જાગરણની ક્ષણ છે.
- જ્યારે જનતા કરફ્યુ માટે હિન્દુસ્તાનનો ખૂણે ખૂણો નીકળી પડે છે, ત્યારે એ ચેતનાની અનુભૂતિ થાય છે. જ્યારે દેશ તાળી, થાળી વગાડીને કોરોના યોધ્ધાઓ સાથે ખભે ખભો મેળવીને ઊભો રહે છે, ત્યારે ચેતનાની અનુભૂતિ થાય છે. જ્યારે દીવો પ્રજ્વલિત કરીને શુભકામના આપવા માટે દેશ નીકળી પડે છે, ત્યારે એ ચેતનાની અનુભૂતિ થાય છે.
- વિશ્વ કોરોનાનાં સમયગાળામાં રસી લેવી કે ન લેવી, રસી કામની છે કે નહીં તેની દ્વિધામાં હતું. એ સમયે મારા દેશનાં ગામ-ગરીબ પણ 200 કરોડ ડોઝ લઈને વિશ્વને ચોંકાવનારું કામ કરી બતાવે છે. આ ચેતના છે, આ જ તાકાત છે. આ તાકાતે આજે દેશને નવી તાકાત આપી છે.

કવર સ્ટોરી | આઝાદીનાં 75 વર્ષ

# સહકારી સમવાય માળખું, નવા ભારતની ઓળખ

રાષ્ટ્રની પ્રગતિમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો મળીને કામ કરે તે મહત્વનું છે. અમૃત કાળમાં વિક્સિત ભારત બનાવવા માટે સંકલ્પિત રાષ્ટ્ર માટે સમવાય માળખાની ભાવનાને સન્માન અને સાથે લઇને ચાલવું એ જ નવા ભારતની આધારશિલા બની શકે છે...



- સમવાય તંત્રનો આદર કરીને આપણે ખભાથી ખભો મેળવીને આ અમૃત કાળમાં ચાલીશું તો સપના સાકાર થઇને જ રહેશે. કાર્યક્રમ અલગ હોઈ શકે, કાર્યશૈલી અલગ હોઇ શકે પણ સંકલ્પ અલગ ન હોઈ શકે, રાષ્ટ્રનાં સપના અલગ ન હોઈ શકે.
- જ્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો, ત્યારે કેન્દ્રમાં અમારા વિચારની સરકાર નહોતી, પણ મારા ગુજરાતમાં દરેક જગ્યાએ એક જ મંત્ર લઇને ચાલતો હતો કે ભારતનાં વિકાસ માટે ગુજરાતનો વિકાસ. આપણે ગમે ત્યાં હોઈએ, આપણા સૌનાં મન મસ્તિષ્કમાં ભારતનો વિકાસ હોવો જોઈએ.
- દેશમાં એવાં અનેક રાજ્યો છે જેમણે દેશને આગળ વધારવા માટે મોટી ભૂમિકા નિભાવી છે, નેતૃત્વ કર્યું છે, અનેક ક્ષેત્રોમાં અનુકરણીય કામ કર્યું છે. આ આપણા સમવાય તંત્રને તાકાત આપે છે. પણ આજના સમયની માંગ છે સહકારી સંઘવાદની સાથે સાથે સહકારી સ્પર્ધાત્મક સંઘવાદ. આપણને વિકાસની સ્પર્ધાની જરૂર છે.
- દરેક રાજ્યને લાગવું જોઇએ કે અમારું રાજ્ય આગળ નીકળી ગયું. એટલી મહેનત કરીશ કે આગળ નીકળી જઇશ. તેણે આ 10 સારા કામ કર્યા છે, હું 15 સારા કામ કરીને બતાવીશ. તેણે ત્રણ વર્ષમાં કામ પૂરું કર્યું છે, હું બે વર્ષમાં કરીને બતાવીશ. સરકારનાં તમામ એકમો વચ્ચે સ્પર્ધાનું વાતાવરણ હોવું જોઈએ, જે આપણને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે પ્રયત્ન કરે.

- આપણે જે રીતે સંકલ્પ લઇને નીકળી પડ્યા છીએ, તેને દુનિયા જોઇ રહી છે અને અંતે વિશ્વ પણ અપેક્ષા લઇને જીવી રહ્યું છે.
- અપેક્ષાઓ પૂરી કરવાની તાકાત કોનામાં પડેલી છે એ તેને દેખાવા માંડ્યું છે. હું તેને ત્રિ-શક્તિનાં રૂપમાં જોવું છું.

> 75 વર્ષનો સમયગાળો ગમે તેટલો શાનદાર હોય, ગમે તેટલી સમસ્યાથી ભરેલો હોય, ગમે તેટલાં પડકારો આવ્યા હોય, તેમ છતાં આજે જ્યારે આપણે અમૃતકાળામાં પ્રવેશી રહ્યા છીએ ત્યારે આગામી 25 વર્ષ આપણા દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આપણે આ પંચ પ્રણ (પાંચ પ્રતિજ્ઞા)ને લઇને તમામ સપના પૂરા કરવાની જવાબદારી ઉઠાવીને ચાલવું પડશે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



# પંચ પ્રણ: 25 વર્ષની યાત્રાનો અમૃત મંત્ર

દેશ સંકલ્પિત છે- 'મોટા સંકલ્પ લઈને જ ચાલશે.' લાલ કિલ્લા પરથી અમૃત કાળ માટે વડાપ્રધાન મોદીએ 'પંચ પ્રણ'નો મંત્ર આપ્યો..

- **હું તેને ત્રણ શક્તિ એટલે કે ત્રિશક્તિ તરીકે જોઉં છું. આ ત્રણ શક્તિ છે-આકાંક્ષાની, પુનર્જાગરણની અને વિશ્વની અપેક્ષાઓની. તેને પૂરી કરવા અને વિશ્વાસ જગાવવામાં મારા દેશવાસીઓની બહુ મોટી ભૂમિકા છે.**

**1**
**પ્રથમ પ્રતિજ્ઞા**

હવે દેશ મોટા સંકલ્પ લઇને જ ચાલશે. બહુ મોટા સંકલ્પ લઇને ચાલવું પડશે. અને તે મોટો સંકલ્પ છે વિક્સિત ભારત, હવે તેનાંથી કંઇ પણ ઓછું ન જોઇએ.

**2**
**બીજી પ્રતિજ્ઞા**

કોઇ પણ ખૂણામાં આપણા મનની અંદર, આપણી ટેવોની અંદર, ગુલામીનો એક અંશ પણ હોય તો તેને કોઇ પણ હાલમાં બચવા દેવો ન જોઇએ. હવે 100 ટકા, 100 ટકા, સેંકડો વર્ષોની ગુલામીએ આપણને બાંધીને રાખ્યા છે, આપણા મનોભાવને બાંધીને રાખ્યા છે, આપણા વિચારોમાં વિકૃતિઓ પેદા કરી રાખી છે. ગુલામીની નાની નાની વસ્તુ આપણને ક્યાંય પણ દેખાય છે, તે આપણી અંદર દેખાય છે, આપણી આસપાસ દેખાય છે, આપણે તેમાંથી મુક્તિ મેળવવી જ પડશે.

**3**
**ત્રીજી પ્રતિજ્ઞા**

આપણને આપણા વારસા પર ગર્વ હોવો જોઇએ, કારણ કે આ વારસાએ જ એક સમયે ભારતને સુવર્ણ કાળ આપ્યો હતો. અને આ તે વારસો છે જેને સમયાનુસાર પરિવર્તન કરવાની ટેવ છે. આ તે જ વારસો છે જે કાળ-બાહ્યને છોડતો રહ્યો છે. નિત્ય નવું સ્વીકારતો રહ્યો છે. અને તેથી આપણને આ વારસો પર ગર્વ હોવો જોઇએ.

**4**
**ચોથી પ્રતિજ્ઞા**

ચોથી પ્રતિજ્ઞા છે એકતા અને એકજૂથતા. 130 કરોડ દેશવાસીઓમાં એકતા, ન કોઇનું પોતાનું કે ન કોઇ પારકું, એકતાની તાકાત, 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નાં સપનાઓ માટે આપણી ચોથી પ્રતિજ્ઞા છે.

**5**
**પાંચમી પ્રતિજ્ઞા**

પાંચમી પ્રતિજ્ઞા નાગરિકોની ફરજ છે, જેમાં વડાપ્રધાન પણ બાકાત. નથી હોતા, મુખ્યમંત્રી પણ બાકાત નથી, તેઓ પણ નાગરિક છે. નાગરિકોની ફરજ. આગામી 25 વર્ષનાં આપણાં સપનાંઓને પૂરાં કરવા માટે આ એક મોટી પ્રતિજ્ઞા શક્તિ છે.

કવર સ્ટોરી | આઝાદીનાં 75 વર્ષ

# વિક્સિત દેશોની શ્રેણીમાં ભારત પણ ઊભું રહેશે

આપત્તિને અવસરમાં બદલીને ભારતને નવો માર્ગ ચિંધવાની ઈચ્છાશક્તિ ધરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી સ્પષ્ટ સંદેશ આપ્યો,-2047 સુધી ભારતને વિશ્વનાં વિક્સિત દેશોની શ્રેણીમાં લાવવાનું છે...





- આજે જ્યારે અમૃતકાળની પ્રથમ પરોઢ છે, ત્યારે આ 25 વર્ષમાં આપણે એક વિકસિત ભારત બનીને જ રહેવાનું છે. મારા દેશનાં 20-22-25 વર્ષના મારા યુવાનો મારી સમક્ષ છે, જ્યારે દેશ આઝાદીનાં 100 વર્ષની ઉજવણી કરશે, તમે 50-55 વર્ષના થઈ ગયા હશો, એટલે કે તમારાં જીવનનો આ સુવર્ણ કાળ, તમારી ઉંમરનો આ 25-30 વર્ષનો સમયગાળો ભારતનાં સપનાઓને પૂરાં કરવાનો સમય છે. આપ સંકલ્પ લઈને મારી સાથે નીકળી પડો, મિત્રો, તિરંગા ઝંડાના શપથ લઈને નીકળો, ચાલો આપણે બધા પૂરી તાકાતથી લાગી જઈએ. મહાસંકલ્પ લઈએ કે મારો દેશ વિકસિત દેશ હશે,, વિકાસના દરેક માપદંડમાં આપણે એક માનવકેન્દ્રી વ્યવસ્થા વિકસિત કરીશું, આપણાં કેન્દ્રમાં માનવ હશે, આપણાં કેન્દ્રમાં માનવીય આશાઓ હશે, આકાંક્ષાઓ હશે. આપણે જાણીએ છીએ કે જ્યારે ભારત મહાન સંકલ્પો કરે છે, ત્યારે તેને કરી પણ બતાવે છે.
- જ્યારે મેં લાલ કિલ્લા પરથી મારાં પ્રથમ ભાષણમાં સ્વચ્છતાની વાત કરી હતી, ત્યારે દેશ નીકળી પડ્યો, જે જ્યાં પણ શક્ય હોય ત્યાં સ્વચ્છતાની દિશામાં આગળ વધ્યો છે, ગંદકી પ્રત્યે નફરત એક સ્વભાવ બની ગયો છે. આ એ જ  દેશ છે, જેણે રસીકરણ કર્યું છે, વિશ્વ દ્વિધામાં હતું, 200 કરોડનો લક્ષ્યાંક પાર કર્યો છે. આપણે નક્કી કર્યું હતું કે આપણે ખાડીના તેલ પર ગુજારો કરીએ છીએ, ઝાડીના તેલ તરફ કેવી રીતે આગળ વધવું, 10 ટકા ઈથેનોલ મિશ્રણનું સપનું મોટું લાગતું હતું. પણ સમય કરતા પહેલા 10 ટકા ઈથેનોલને મિશ્રિત કરીને, દેશે આ સ્વપ્નને પૂર્ણ કર્યું છે.

> અનુભવ કહે છે કે એક વાર આપણે બધાં સંકલ્પ લઇને નીકળી પડીએ તો નિર્ધારિત લક્ષ્યોને પાર કરી શકીએ છીએ. નવીનીકરણીય ઊર્જાનું લક્ષ્ય, દેશમાં નવી મેડિકલ કોલેજ બનાવવાનો ઇરાદો હોય, ડોક્ટરોની તૈયારી કરાવવાની હોય, દરેક ક્ષેત્રમાં પહેલેથી ગતિ બહુ વધી છે. એટલે હું કહું છું કે હવે આગામી 25 વર્ષ મોટા સંકલ્પોનાં હોય, એ જ આપણી પ્રતિજ્ઞા હોવી જોઇએ.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



# ભારતના સમૃધ્ધ વારસા પર ગર્વ

ભારતનો વારસો સદીઓ જૂનો છે, તો આગામી વર્ષોમાં વિકાસ યાત્રા પણ વારસો બનશે. આજે ભારત વિશ્વને પોતાનાં ગૌરવશાળી વારસાથી પરિચિત કરાવી રહ્યું છે અને ગર્વની અનુભૂતિ કરી રહ્યું છે...

- **હવે અમારી તાકાત જૂઓ. આપણે એ લોકો છીએ જે પ્રકૃતિ સાથે જીવવાનું જાણે છે. પ્રકૃતિને પ્રેમ કરવાનું જાણે છે.**
- **આપણી પાસે જે વારસો છે, ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓનાં ઉકેલનો રસ્તો આપણી પાસે છે. આપણા પૂર્વજોએ આપેલો છે.**

> આપણે દુનિયાનું કલ્યાણ જોયું છે. આપણે જગ કલ્યાણથી જન કલ્યાણનાં વટેમાર્ગુ રહા છીએ. જન કલ્યાણથી જગ કલ્યાણનાં માર્ગે ચાલનારા આપણે સૌ વિશ્વની કામના કરીએ છીએ ત્યારે કહીએ છીએ- સર્વે ભવન્તુ સુખિનઃ। સર્વે સન્તુ નિરામયાઃ। બધાંનાં સુખની વાત, બધાંના આરોગ્યની વાત કરવી આપણો વારસો છે. અને એટલે આપણે બહુ શાનથી આપણા આ વારસા પર ગર્વ કરતા શીખીએ, આ પ્રતિજ્ઞા શક્તિ છે આપણી, જે આપણે 25 વર્ષોનાં સપનાં પૂરાં કરવા માટે જરૂરી છે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

- આપણને આપણા વારસા પર ગર્વ થવો જોઈએ. જ્યારે આપણે આપણી ધરતી સાથે જોડાઈશું, ત્યારે જ તો આપણે ઊંચે ઊડીશું, અને જ્યારે આપણે ઊંચે ઉડીશું, ત્યારે આપણે દુનિયાને સમસ્યાનાં ઉકેલો પણ આપી શકીશું.
- આજે દુનિયા સમગ્રલક્ષી હેલ્થકેરની વાત કરી રહી છે, પરંતુ જ્યારે તેની ચર્ચા કરવામાં આવે છે ત્યારે તેની નજર ભારતના યોગ, ભારતના આયુર્વેદ, ભારતની સંપૂર્ણ જીવનશૈલી પર જાય છે. આ આપણો વારસો છે જે આપણે વિશ્વને આપી રહ્યા છીએ. દુનિયા આજે તેનાથી પ્રભાવિત થઈ રહી છે.
- જ્યારે આપણે પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી વિશે વાત કરીએ છીએ, આપણે લાઈફ મિશન વિશે વાત કરીએ છીએ, આપણે વિશ્વનું ધ્યાન આકર્ષિત કરીએ છીએ. આપણી પાસે આ ક્ષમતા છે. આપણું બરછટ અનાજ, બાજરી, આપણે ત્યાં તો ઘર ઘરમાં વપરાય છે. આ આપણો વારસો છે, આપણા નાના ખેડૂતોના પરિશ્રમથી નાની નાની જમીનના ટુકડાઓમાં પાકતું આપણું અનાજ.
- સંયુક્ત કુટુંબની પ્રણાલીનો વારસો સદીઓથી આપણી માતાઓ અને બહેનોનાં બલિદાનને કારણે પરિવાર નામની જે વ્યવસ્થા વિક્સિત થઈ છે તે આપણો વારસો છે. આપણે આ વારસા પર કેવી રીતે ગર્વ ન કરી શકીએ? આપણે એ લોકો છીએ જે જીવમાં પણ શિવને જુએ છે. આપણે એ લોકો છીએ જે નરમાં નારાયણને જુએ છે. આપણે નારીને નારાયણી કહેનારા લોકો છીએ. આપણે એવા લોકો છીએ જે છોડમાં પરમાત્માને જુએ છે. આપણે એવા લોકો છીએ જે નદીને માતા માને છે. આપણે એ લોકો છીએ જે દરેક કંકરમાં શંકરને જુએ છે. આ આપણું સામર્થ્ય છે, આપણે દરેક નદીમાં માતાનું સ્વરૂપ જોઈએ છીએ. પર્યાવરણની આટલી વ્યાપક વિશાળતા એ આપણું ગૌરવ જ્યારે વિશ્વની સામે જાતે કરીશું તો દુનિયા કરશે.

કવર સ્ટોરી

# ભારત પ્રથમની ભાવના સર્વોપરિ

ભારત પ્રથમ-સદૈવ પ્રથમનો વિચાર દરેક વ્યક્તિમાં ફેલાયેલો છે, પણ સમાજમાં કેટલીક વિકૃત્તિઓ પણ છે, આ દિશામાં વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી સામાજિક આહવાન કર્યું




- ઘરમાં પણ પુત્ર-પુત્રી સમાન હોય ત્યારે જ એકતાનો પાયો નંખાય છે. જો પુત્ર-પુત્રી એક સરખા ન હોય તો એકતાના મંત્રોનો જાપ કરી શકાતો નથી. લિંગ સમાનતા એ આપણી એકતાની પ્રથમ શરત છે. જ્યારે આપણે એકતાની વાત કરીએ છીએ, જો આપણી પાસે એક જ માપદંડ હોય, જે માપદંડને આપણે ઈન્ડિયા ફર્સ્ટ કહીએ જેમાં હું જે કંઈ પણ કરી રહ્યો છું, હું જે કંઈ પણ વિચારી રહ્યો છું, જે કંઈ બોલી રહ્યો છું તે ઈન્ડિયા ફર્સ્ટ સાથે સુસંગત હોય.
- આપણે એકતા સાથે બાંધનારો મંત્ર પકડવો પડશે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે સમાજમાં ઊંચ-નીચના ભેદભાવથી માંડીને મારા અને તારાના ભેદભાવોથી આપણે આપણા સૌના પૂજારી બનીશું. 'શ્રમેવ જયતે' કહે છે કે શ્રમિકોનું સન્માન કરવું એ આપણો સ્વભાવ હોવો જોઈએ.
- હું લાલ કિલ્લા પરથી મારી બીજી એક પીડા કહેવા માંગુ છું, હું આ દર્દ કહ્યા વગર રહી શકતો નથી. હું જાણું છું કે આ વાત કદાચ લાલ કિલ્લાનો વિષય ન હોઈ શકે. પણ મારી અંદરની પીડા હું ક્યાં કહીશ? જો હું દેશવાસીઓની સામે નહીં કહું તો કોને કહીશ અને તે એટલા માટે કે કોઈને કોઈ કારણસર આપણામાં એવી વિકૃતિ આવી ગઈ છે, આપણી બોલચાલમાં, આપણા વર્તનમાં, આપણા શબ્દોમાં આપણે નારીઓનું અપમાન કરીએ છીએ.

- આટલાં મોટા દેશને તેની વિવિધતાને આપણે ઉજવવાની છે. આટલાં પંથ અને પરંપરાઓ આપણી આન-બાન-શાન છે.
- કોઇ નીચું નથી, કોઇ ઊંચું નથી, બધાં બરાબર છે. કોઇ મારું નથી, કોઇ પારકું નથી, બધાં પોતાના છે. આ ભાવ એકતા માટે ખૂબ જરૂરી છે.

> શું આપણે સ્વભાવથી, સંસ્કારથી, રોજિંદા જીવનમાં નારીઓને અપમાનિત કરતી દરેક બાબતોમાંથી મુક્તિ મેળવવાનો સંકલ્પ લઇ શકીએ? રાષ્ટ્રના સપનાંને સાકાર કરવામાં નારીઓનું ગૌરવ એક મોટી મૂડી બની રહેશે. હું આ સામર્થ્ય જોઇ રહ્યો છું અને તેથી હું તેનો આગ્રહ રાખું છું.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**






# કર્તવ્ય પથ જ જીવન પથ

નાગરિક કર્તવ્યથી કોઇ અસ્પૃશ્ય ન રહી શકે. જ્યારે દરેક નાગરિક પોતાનાં કર્તવ્યને નિભાવે તો રાષ્ટ્ર પોતાના ઇચ્છિત લક્ષ્યની પ્રાપ્તિ સમય પહેલાં કરી શકે છે.




> આપણા સામૂહિક સામર્થ્યને આપણે જોયું છે. આઝાદીનો અમૃત મહોત્સવ જે રીતે મનાવવામાં આવ્યો, જે રીતે આજે દરેક જિલ્લામાં 75  અમૃત સરોવર બનાવવાનું અભિયાન ચાલી રહ્યું છે, ગામે ગામનાં લોકો જોડાઈ રહ્યા છે, સેવા કાર્ય કરી રહ્યા છે. તેથી સ્વચ્છતા અભિયાન હોય કે ગરીબોનાં કલ્યાણનું કામ હોય, દેશ આજે પૂરી શક્તિથી આગળ વધી રહ્યો છે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

- દુનિયાના જેટલા પણ દેશોએ પ્રગતિ કરી છે. જેટલા પણ દેશોએ કંઇકને કંઇક પ્રાપ્ત કર્યું છે, અંગત જીવનમાં પણ જેમણે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેમાંથી કેટલીક બાબતો ઉભરીને સામે આવી છે. એક શિસ્તપૂર્ણ જીવન, બીજું, ફરજ પ્રત્યેની નિષ્ઠા. વ્યક્તિના જીવનની, સમાજની, પરિવારની કે પછી, રાષ્ટ્રની સફળતાની વાત હોય. આ જ મૂળભૂત માર્ગ છે, આ જ મૂળભૂત પ્રણશક્તિ છે.
- એટલે આપણે ફરજ નિષ્ઠા પર ભાર મૂકવો જ પડશે. 24 કલાક વીજળી આપવાના પ્રયાસો કરવા એ સરકારનું કામ છે, પરંતુ નાગરિકોની ફરજ છે કે તેઓ શક્ય હોય તેટલા યુનિટ વીજળીની બચત કરે. દરેક ખેતરમાં પાણી પહોંચાડવાની જવાબદારી સરકારની છે, અને સરકારનો આ પ્રયાસ છે, પરંતુ 'દરેક ટીપે વધુ પાક'નું પાલન કરીને પાણીની બચત કરવા અને આગળ વધવા માટે દરેક ખેતરમાંથી અવાજ ઉઠવો જોઇએ. કેમિકલ મુક્ત ખેતી, સજીવ ખેતી, પ્રાકૃતિક ખેતી એ આપણી ફરજ છે.
- પોલીસ હોય કે પ્રજા હોય, શાસક હોય કે પછી પ્રશાસક હોય, કોઇ પણ વ્યક્તિ આ નાગરિક તરીકેની ફરજથી અછૂત રહી શકતી નથી. જો દરેક વ્યક્તિ નાગરિક તરીકેની પોતાની ફરજો નિભાવે, તો મને પૂરો વિશ્વાસ છે કે આપણું ઇચ્છિત ધ્યેય સમય કરતાં પહેલાં આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ.

કવર સ્ટોરી 75 આઝાદીનો 75 વર્ષ




# ભ્રષ્ટાચાર અને પરિવારવાદમાંથી મુક્તિ

રાજકારણ હોય કે તંત્ર કે કોઇ સંસ્થા, યોગ્યતાને કોરાણે મૂકીને ભ્રષ્ટાચાર અને પરિવારવાદે જગ્યા બનાવી લીધી તો સમસ્યાનું સમાધાન ન આવી શકે. આવામાં, વડાપ્રધાને આ વિકૃતિમાંથી મુક્તિનો મંત્ર આપ્યો...

- જ્યારે હું ભાઇ-ભત્રીજાવાદ અને પરિવારવાદ વિશે વાત કરું છું, ત્યારે લોકોને એવું લાગે છે કે હું ફક્ત રાજકીય ક્ષેત્રની વાત કરું છું. ના, કમનસીબે રાજકીય ક્ષેત્રની આ નબળાઇએ હિન્દુસ્તાનની દરેક સંસ્થામાં પરિવારવાદને પોષિત કર્યો છે.
- મારા દેશના નવયુવાનો, તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે, તમારાં સપનાં માટે, હું ભાઇ-ભત્રીજાવાદ સામેની લડાઇમાં તમારો સાથ સહકાર ઇચ્છું છું. પરિવારવાદી રાજનીતિ સામેની લડાઇમાં હું તમારો સાથ ઇચ્છું છું.
- તાજેતરમાં રમતગમતમાં આપણને જોવા મળ્યું કે, આપણા દેશમાં પહેલાંના સમયમાં પણ પ્રતિભાઓ નહોતી એવું નથી, એવું પણ નથી કે રમત-ગમતની દુનિયામાં હિન્દુસ્તાનના નવયુવાનો, આપણા દીકરા-દીકરીઓ કંઇ કરી શકે તેમ નહોતા. પરંતુ પસંદગીઓમાં ભાઇ-ભત્રીજાવાદની ચેનલમાંથી તેમને પસાર થવું પડતું હતું. અને તેના કારણે તેઓ રમતના મેદાન સુધી તો પહોંચી જતા હતા, પરંતુ તેમને જીત કે હાર સાથે કોઇ લેવાદેવા નહોતી. પરંતુ જ્યારે પારદર્શિતા આવી ત્યારે યોગ્યતાના આધારે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી રહી છે, સંપૂર્ણ પારદર્શિતા સાથે રમતના ક્ષેત્રમાં સામર્થ્યનું સન્માન થવા લાગ્યું છે. આજે વિશ્વના રમત-ગમતના મેદાનમાં ભારતનો તિરંગો લહેરાતો જોવા મળે છે. ભારતનું રાષ્ટ્રગાન ગાવામાં આવે છે.
- આવા સમયે આપણને ગૌરવનો અનુભવ થાય છે અને પરિવારવાદમાંથી મુક્તિ મળે છે, ભાઇ-ભત્રીજાવાદમાંથી મુક્તિ મળે ત્યારે આવા પરિણામ આવે છે.

- **દેશ સામે બે મોટાં પડકારોઃ પ્રથમ પડકાર-ભ્રષ્ટાચાર, બીજો-ભાઇ ભત્રીજાવાદ, પરિવારવાદ**
- **ભ્રષ્ટાચાર દેશને ઉધઇની જેમ ખાઇ રહ્યો છે. તેની સામે દેશે લડવું જ પડશે. આપણો પ્રયત્ન છે કે જેમણે દેશને લૂંટ્યો છે, તેમણે પરત પણ આપવું પડશે.**

> મારા 130 કરોડ દેશવાસીઓ, તમે મને આશીર્વાદ આપો, તમે મારો સાથ આપો, હું આજે તમારો સાથ માંગવા આવ્યો છું, તમારો સહયોગ માંગવા આવ્યો છું જેથી હું આ લડાઇને લડી શકું. આ લડાઇને દેશ જીતી શકે અને સામાન્ય નાગરિકની જિંદગી ભ્રષ્ટાચારે બરબાદ કરી દીધી છે. હું મારા આ સામાન્ય નાગરિકની જિંદગીને ફરીથી આન, બાન, શાનથી જીવવા માટેનો રસ્તો બનાવવા માંગું છું.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





# આત્મનિર્ભરતા-જન જનનો મંત્ર

ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં આત્મનિર્ભરતા મહત્વપૂર્ણ આધાર છે, જે હવે જનઆંદોલન બની ચૂક્યું છે....

- **આપણે આત્મનિર્ભર બનવું છે, દેશનાં એનર્જી સેક્ટરમાં. સૌર ક્ષેત્ર, પવન ઊર્જા, નવીનીકરણીય ઊર્જાનાં ક્ષેત્રમાં. આપણે આ વ્યવસ્થાને આગળ વધારવી પડશે.**
- **તમે જૂઓ પીએલઆઇ સ્કીમ, એક લાખ કરોડ રૂપિયા, વિશ્વનાં લોકો હિન્દુસ્તાનમાં પોતાનું નસીબ અજમાવવા આવી રહ્યાં છે.**

> **આજે પ્રાકૃતિક ખેતી પણ આત્મનિર્ભરતાનો માર્ગ છે. આજે દેશમાં નેનો ફર્ટિલાઇઝરનાં કારખાના નવી આશા લઇને આવ્યા છે. પણ પ્રાકૃતિક ખેતી, કેમિકલ ફ્રી ખેતી આત્મનિર્ભર ભારતને તાકાત આપી શકે છે. આજે દેશમાં રોજગારનાં ક્ષેત્રમાં ગ્રીન જોબનાં નવા નવા ક્ષેત્ર બહુ ઝડપથી ખૂલી રહ્યાં છે. ભારતે નીતિઓ દ્વારા અંતરિક્ષ ક્ષેત્રને ખુલ્લું મૂકી દીધું છે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

- આજે મહર્ષિ અરવિંદની જન્મજયંતી પણ છે. તેમણે 'સ્વદેશીથી સ્વરાજ, સ્વરાજથી સૂરાજ' એમ કહ્યું હતું. આ તેમણે આપેલો મંત્ર છે, આપણે બધાએ એ વિચારવું પડશે કે આપણે ક્યાં સુધી દુનિયાના અન્ય લોકો પર નિર્ભર રહીશું. જ્યારે દેશે નક્કી કરી લીધું કે આપણું પેટ આપણે જ ભરીશું, ત્યારે દેશે કરી બતાવ્યું.અને આથી જ આત્મનિર્ભર ભારતનું નિર્માણ એ દરેક નાગરિકની, દરેક સરકારની, સમાજના દરેક એકમની જવાબદારી છે. આત્મનિર્ભર ભારત એ સરકારનો એજન્ડા કે સરકારી કાર્યક્રમ નથી. આ સમાજનું જન આંદોલન છે, જેને આપણે આગળ લઈ જવાનું છે.
- 75 વર્ષ બાદ લાલ કિલ્લા પરથી તિરંગાને સલામી આપવાનું કામ પહેલી વખત મેડ ઈન ઇન્ડિયા તોપ દ્વારા કરવામાં આવ્યું છે. એવા કયા હિન્દુસ્તાની હશે, જેમને આ વાત, આ અવાજ એક નવી પ્રેરણા, નવી તાકાત ના આપે.
- મારી આત્મનિર્ભરતાની વાતને સંગઠિત સ્વરૂપમાં, સાહસના સ્વરૂપમાં, સેનાના જવાનોએ, સેના નાયકોએ જે જવાબદારીથી પોતાના ખભા પર ઉપાડી છે તેના માટે હું તેમને સલામ કરું છું. 300 એવી ચીજો આપણે બીજા દેશો પાસેથી નહીં લઈએ. જવાનોની આ પ્રતિજ્ઞા નાની નથી.
- સેંકડો પરિવારોમાંથી મને સાંભળવા મળ્યું છે કે, માત્ર 5- 7 વર્ષના બાળકો ઘરમાં એવું કહેતા હોય છે કે હવેથી તેઓ વિદેશી રમકડાંથી નહીં રમે. 5 વર્ષના બાળકો ઘરમાં વિદેશી રમકડાંથી નહીં રમે એ સંકલ્પ આત્મનિર્ભર ભારત બનીને તેમની નસેનસમાં દોડે છે.
- ઇલેક્ટ્રોનિક સામાન કે મોબાઇલ ફોનનાં ઉત્પાદનમાં દેશ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે. જ્યારે બ્રહ્મોસ દુનિયામાં જાય છે ત્યારે એવો કયો હિન્દુસ્તાની હશે જેનું મન આકાશમાં આંબતું ના હોય. આજે આપણી મેટ્રોના કોચ, વંદે ભારત ટ્રેન આખી દુનિયા માટે આકર્ષણ બની રહ્યા છે.

કવર સ્ટોરી

# અમૃત કાળનું ભારત અને નારી શક્તિ

ભારતની અમૃત યાત્રા દર વર્ષે તેનાં નવા લક્ષ્ય તરફ અગ્રેસર છે, પણ આપણે કઈ રીતે આગળ વધવું છે જેથી ભારતનું અમૃત સપનું સાકાર થાય તે અંગે વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી જણાવ્યું...




- આપણી પાસે 75 વર્ષનો અનુભવ છે, આપણે 75 વર્ષમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. આપણે 75 વર્ષનાં અનુભવમાં નવા સપના જોયાં છે, નવા સંકલ્પ પણ લીધાં છે. પણ અમૃત કાળ માટે આપણા માનવ સંસાધનનાં મહત્તમ પરિણામ કઈ રીતે હાંસલ થાય? આ લક્ષ્યને લઈને આપણે ચાલવાનું છે.

- તમે જોયું હશે, આજે અદાલતની અંદર વકીલાત ક્ષેત્રમાં કામ કરનારી આપણી નારી શક્તિ કઈ રીતે શક્તિશાળી દેખાઈ રહી છે. તમે ગ્રામીણ ક્ષેત્રમાં લોક પ્રતિનિધિઓનાં રૂપમાં જૂઓ. આપણી નારી શક્તિ કેવા મિજાજથી સમર્પિત ભાવથી પોતાનાં ગામની સમસ્યાઓ ઉકેલવામાં લાગી છે. આજે જ્ઞાનનું ક્ષેત્ર જૂઓ, વિજ્ઞાનનું ક્ષેત્ર જૂઓ. આપણા દેશની નારી શક્તિ મોખરે નજરે પડી રહી છે.

- આજે તમે પોલિસમાં જૂઓ, આપણી નારી શક્તિ લોકોની સલામતીની જવાબદારી ઉઠાવી રહી છે. આપણે જીવનનાં દરેક ક્ષેત્રમાં, રમતગમતનાં મેદાનમાં, યુધ્ધની ભૂમિમાં, ભારતની નારી શક્તિ નવાં સામર્થ્ય, નવા વિશ્વાસ સાથે આગળ આવી રહી છે. ભારતની 75 વર્ષની યાત્રામાં જે યોગદાન નારીનું છે, તેમાં અનેક ગણું વધુ યોગદાન હું આગામી 25 વર્ષમાં હું જોઈ રહ્યો છું. ●

- આપણે તેનાં પર જેટલું ધ્યાન આપીશું, આપણે જેટલી તકો આપણી દીકરીઓને આપીશું, જેટલી સુવિધાઓ આપણી દીકરીઓ માટે કેન્દ્રીત કરીશું, તમે જોજો, એ આપણને ઘણું બધું પાછું આપશે. તેઓ દેશને ઊંચાઇ પર લઈ જશે.

> આ અમૃત કાળમાં સપના પૂરા કરવામાં જે મહેનત લાગવાની છે, તેમાં આપણી નારી શક્તિની મહેનત જોડાઈ જાય તો આપણી મહેનત ઘટી જશે, આપણી સમય મર્યાદા પણ ઘટી જશે, આપણાં સપના વધુ તેજસ્વી થશે, ઓજસ્વી થશે અને દૈદીપ્યમાન થશે.
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

## કેબિનેટના નિર્ણયો

# પીએમ આવાસ યોજના ( શહેરી) હવે 2024 સુધી ચાલુ રહેશે

**ભારત સરકાર તમામને પાકા મકાનનું સપનું સાકાર કરવા માટે કૃતનિશ્ચયી છે. સાથે સાથે, ભારતને દરેક ક્ષેત્રમાં અગ્રણી બનાવવા માટે પણ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. સરકારના આ પ્રયત્નની ઝલક કેન્દ્રીય મંત્રીમંડળની તાજેતરની બેઠકમાં પણ જોવા મળી, જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી (PMAY-U)ને ડિસેમ્બર 2024 સુધી ચાલુ રાખવાનો અને ઓસ્ટ્રેલિયા સાથે મળીને ફિલ્મ નિર્માણનો માર્ગ મોકળો કરતા બંને દેશો વચ્ચે ઓડિયો વિઝ્યુઅલ પ્રોડક્શન સંધિને મંજૂરી આપવામાં આવી...**



- **નિર્ણયઃ મંત્રીમંડળે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U)- 'તમામ માટે આવાસ મિશન'ને 31 ડિસેમ્બર, 2024 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી.**
- **અસરઃ** વિવિધ રાજ્યો દ્વારા બનાવવામાં આવી રહેલા અને મંજૂર કરવામાં આવેલા મકાનોની પૂર્ણતાની માંગને ધ્યાનમાં રાખતા સરકારે તેને 31 ડિસેમ્બર, 2024 સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ યોજનાનો હેતુ તમામ પાત્ર શહેરી લાભાર્થીઓને પાકાં ઘર ઉપલબ્ધ કરાવવાનો છે. 31 માર્ચ, 2022 સુધી મંજૂર 122.69 લાખ મકાનોનું નિર્માણ પૂરું કરવા માટે આર્થિક મદદ પૂરી પાડવામાં આવી રહી છે. દેશમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બધાંને પાક મકાન પૂરાં પાડવા માટે શરૂ કરવામાં આવેલી આ યોજનાની અત્યાર સુધીની પ્રગતિ બહુ સારી રહી છે. 'તમામ માટે આવાસ' ઉપલબ્ધ કરાવવા માટે આ અભિયાનને જૂન, 2015માં શરૂ કરવામાં આવ્યું હતું.
- **નિર્ણયઃ ભારત-ઓસ્ટ્રેલિયા મળીને ફિલ્મ બનાવવાનો માર્ગ મોકળો, કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં બંને દેશો વચ્ચે ઓડિયો વિઝ્યુઅલ કો-પ્રોડક્શન સંધિને મંજૂરી**
- **અસરઃ** સરકારે ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા સંયુક્ત રીતે ફિલ્મ બનાવવાનો માર્ગ મોકળો કર્યો છે. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે હવે ટૂંક સમયમાં સાથે મળીને ફિલ્મ બનાવવા માટે સંધિ થશે. ભારત અત્યાર સુધી 15 દેશો સાથે આવી સમજૂતિઓ કરી ચૂક્યું છે. એ પછી ભારતમાં શૂટિંગ અને ફિલ્મ નિર્માણનાં ક્ષેત્રમાં ઓસ્ટ્રેલિયાનો સહયોગ વધશે. આ પ્રકારની સમજૂતિ એવા દેશો વચ્ચે થાય છે, જેઓ એક બીજાને ત્યાં ફિલ્માંકનથી માંડીને નિર્માણ સુધીની સુવિધા પૂરી પાડે છે. સમજૂતિ અંતર્ગત ખાનગી, અર્ધ સરકારી, સરકારી એજન્સીઓ એક સાથે મળીને ફિલ્મ નિર્માણ માટે કોન્ટ્રાક્ટ કરે છે. તાજેતરનાં દિવસોમાં ઓસ્ટ્રેલિયા ભારતીય ફિલ્મોના શૂટિંગ માટે આદર્શ સ્થળ તરીકે ઊપસી આવ્યું છે.
- **નિર્ણયઃ મંત્રીમંડળે યુનિવર્સલ પોસ્ટલ યુનિયનના બંધારણમાં સમાવિષ્ટ 11મા અધિક પ્રોટોકોલને બહાલી આપી**
- **અસરઃ** આ બહાલીને કારણે ભારત સરકારનો ટપાલ વિભાગ દેશના રાષ્ટ્રપતિ દ્વારા હસ્તાક્ષર કરાયેલા 'અનુમોદનના સાધન'ની પ્રાપ્તિ અને તેને યુનિવર્સલ પોસ્ટલ યુનિયનના આંતરરાષ્ટ્રીય બ્યુરોના મહાનિદેશક સમક્ષ જમા કરાવી શકશે. મંત્રીમંડળનાં આ નિર્ણયથી યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની કલમ 25 અને 30માં વર્ણવવામાં આવેલી જવાબદારીઓ પૂરી થશે, જે સભ્ય દેશો દ્વારા બેઠકમાં પસાર કરવામાં આવેલા બંધારણીય સુધારાને ઝડપથી મંજૂર કરવાની જોગવાઈ ધરાવે છે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન આંતરરાષ્ટ્રીય ટપાલનાં આદાનપ્રદાનનાં આદાનપ્રદાન સાથે સંબંધિત સંગઠન છે. ●



# ધરમપુરમાં અધતન હોસ્પિટલનું ઉદઘાટનઃ બે વિશિષ્ટ કેન્દ્રોનું શિલારોપણ

**આપણે ત્યાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે स जीवति गुणा यस्य धर्मो यस्य जीवति . એટલે કે જેનાં ગુણધર્મ, કર્તવ્ય જીવિત રહે છે તે જીવિત રહે છે, અમર રહે છે, જેનાં કર્મ અમર હોય છે, તેમની ઊર્જા અને પ્રેરણા પેઢીઓ સુધી સમાજની સેવા કરતી રહે છે. આ ભાવનાને સાકાર થતી અને માનવતા પ્રત્યે સમર્પિત ઉદાહરણ ધરમપુરમાં 4 ઓગસ્ટનાં રોજ જોવા મળ્યું, જ્યાં એક સાથે ત્રણ વિશિષ્ટ યોજનાઓની શરૂઆત થઈ. શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા 500 ગામોના લાખો લોકો માટે અત્યાધુનિક સુવિધાથી સજ્જ આરોગ્ય મંદિર (હોસ્પિટલ) બનાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પશુઓ માટે હોસ્પિટલ બનાવવામાં આવી રહી છે અને મહિલાઓને સ્વાવલંબી બનાવીને રાષ્ટ્રશક્તિ બનાવવાના હેતુથી વિશિષ્ટ કેન્દ્રનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગનાં માધ્યમથી હોસ્પિટલનું ઉદઘાટન કર્યું અને બાકીના બે કેન્દ્રોનું શિલારોપણ કર્યું હતું.**

સર્વ મંગલની ભાવનાથી કામ કરતી સરકાર માત્ર ગુજરાત જ, નહીં સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વને પણ પોતાના વિકાસનું સારથી બનાવી રહી છે. અમૃત મહોત્સવ વર્ષમાં માનવની સાથે સાથે પશુ કલ્યાણ અને ગ્રામીણ મહિલાઓનાં સ્વાવલંબન માટે વિશિષ્ટ કેન્દ્રનું નિર્માણ વલસાડમાં કરવામાં આવી રહ્યું છે. ઓગસ્ટ મહિનાના પ્રથમ સપ્તાહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વલસાડના ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનું ઉદઘાટન કર્યું. 250 બેડની આ હોસ્પિટલથી જરૂરિયાતમંદ પરિવારોને સારી સારવાર મળશે. ધરમપુર તાલુકાના લોકોને અન્ય શહેરમાં સારવાર માટે નહીં જવું પડે. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ દ્વારા ગયા વર્ષે એક લાખથી વધુ દર્દીઓને સારવાર અપાઇ. ધરમપુર તાલુકામાં એમ્બ્યુલન્સ દ્વારા પણ સારવાર આપે છે. રૂ. 200 કરોડથી વધુના ખર્ચે 8 એકર જમીનમાં અદ્યતન હોસ્પિટલ તૈયાર કરાઇ છે. આ ઉપરાંત, વડાપ્રધાને શ્રીમદ રાજચંદ્ર પશુ હોસ્પિટલનું શિલોરોપણ કર્યું હતું. આ હોસ્પિટલ પશુઓની સંભાળ અને

# પ્રોજેક્ટની વિશેષતા શું છે

## શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ




દક્ષિણ ગુજરાતમાં ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્રજીની દિવ્ય પ્રેરણા અને પુજ્ય ગુરુદેવ શ્રી રાકેશજીના માર્ગદર્શનથી 500થી વધુ ગામ અને લાખો ગ્રામીણોનાં આરોગ્ય માટે 11 એકરમાં ફેલાયેલું 250 બેડ ધરાવતું આરોગ્ય મંદિર શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં વિવિધ પ્રકારની સારવાર સુવિધાઓ ઉપલબ્ધ છે. આ પ્રોજેક્ટનો ખર્ચ લગભગ રૂ. 200 કરોડ છે. હૃદયરોગ, સર્જરી, કિડની, ન્યૂરોલોજી, કેન્સર, આઇસીયુ, પ્રસૂતિ, શિશુ, ઇમરજન્સી સર્વિસ વિભાગ, એમઆરઆઇ, સોનોગ્રાફી, ફિઝિયોથેરપી, એક્કા થેરપી, રોબોટિક્સ ટેકનિક, દિવ્યાંગ બાળકોને પ્રારંભમાં જ યોગ્ય સારવારની સુવિધા ઉપલબ્ધ છે. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ જોડાયેલાં છે.

## શ્રીમદ રાજચંદ્ર પશુ હોસ્પિટલ



ઈજાગ્રસ્ત અને રોગગ્રસ્ત પ્રાણીઓનાં જીવન બચાવવા માટે શ્રીમદ રાજચંદ્ર પશુ હોસ્પિટલ 150 વોર્ડની ક્ષમતા ધરાવતી અનોખી અને અદ્વિતિય હોસ્પિટલ હશે. આશરે રૂ. 70 કરોડનાં ખર્ચે આ હોસ્પિટલ બનાવવામાં આવશે. આ હોસ્પિટલ વિશ્વસ્તરીય ઉપકરણો, અત્યાધુનિક સુવિધાઓ અને કુશળ ડોક્ટરોની ટીમથી સુસજ્જ છે. પક્ષીઓથી માંડીને હાથી સુધી વિવિધ પ્રાણીઓ માટેની આ હોસ્પિટલમાં ડાયાલિસિસ, એન્ડોસ્કોપી, લેઝર થેરપી અને બ્લડ બેન્ક પણ હશે. આ હોસ્પિટલથી આ પ્રાણીઓની પીડા ઓછી થશે એટલું જ નહીં પણ

## શ્રીમદ રાજચંદ્ર સેન્ટર ઓફ એક્સલન્સી ફોર વીમેન

આ વિશાળ પ્રોડક્શન યુનિટ ગ્રામીણ મહિલાઓને સ્વતંત્ર અને સશક્ત બનાવશે. રૂ. 40 કરોડનાં અંદાજિત ખર્ચે તેનું નિર્માણ કરવામાં આવશે. ગ્રામીણ મહિલાઓને શારીરિક, ભાવનાત્મક અને આર્થિક રૂપથી સ્વાવલંબી બનાવવા માટે આ કેન્દ્રમાં અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. જેમ કે, 100થી વધુ ચીજોનું ઉત્પાદન અત્યાધુનિક મશીનો દ્વારા થશે. આર્થિક સાક્ષરતા માટે વિવિધ ક્ષેત્રોમાં વોકેશનલ ટ્રેઇનિંગ પણ આપવામાં આવશે. કમ્પ્યુટર તાલીમ, ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાયતા, સિલાઇ વર્ગ, સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિ જાગૃતિ, યોગ માર્શલ આર્ટ, કૃષિ ક્ષેત્રમાં સુધારા માટે તાલીમની પણ વ્યવસ્થા હશે.

દેખરેખ માટે પરંપરાગત સારવાર પૂરી પાડશે. વડાપ્રધાને આ પ્રસંગે શ્રીમદ રાજચંદ્ર સેન્ટર ઓફ એક્સલન્સી ફોર વીમેનની આધારશિલા પણ મૂકી, તેમાં મનોરંજન માટે સુવિધાઓ, આત્મ-વિકાસ સત્રો માટે વર્ગો, આરામગૃહ વગેરેની વ્યવસ્થા હશે. આને કારણે 700થી વધુ આદિવાસી મહિલાઓને રોજગાર મળશે અને બાદમાં હજારો લોકોને આજીવિકા મળશે.

આ ત્રણ પ્રોજેક્ટનો પ્રારંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે શ્રીમદ રાજચંદ્ર મિશન ગુજરાતના ગ્રામીણ આરોગ્યનાં ક્ષેત્રમાં પ્રશંસનીય કામ કરી રહ્યું છે અને આ નવી હોસ્પિટલને કારણે ગરીબની સેવા કરવાની આ પ્રતિબધ્ધતા મજબૂત થશે. તેમણે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલને આરોગ્યનું એવું મંદિર બતાવ્યું જે અમૃત કાળમાં સ્વસ્થ ભારતનાં વિઝનને તાકાત આપનાર અને સબકા પ્રયાસની ભાવનાને મજબૂત કરનાર છે. આટલું જ નહીં, મહિલાઓ માટે બની રહેલા વિશિષ્ટ કેન્દ્રને વડાપ્રધાને આદિવાસી બહેન-દીકરીઓનાં કૌશલ્યને નિખારવાનું અને તેમનાં જીવનને વધુ સમૃધ્ધ બનાવનાર પગલું ગણાવ્યું. વડાપ્રધાનનું કહેવું હતું કે નારી શક્તિને આઝાદીના અમૃત કાળમાં રાષ્ટ્ર શક્તિ તરીકે લાવવા એ બધાંની ફરજ છે. તેમણે જણાવ્યું કે, "દેશની નારી શક્તિને આઝાદીનાં અમૃત કાળમાં રાષ્ટ્ર શક્તિ તરીકે સામે લાવવી આપણા સૌની ફરજ છે. કેન્દ્ર સરકાર આજે બહેન-દીકરીઓને નડતી દરેક સમસ્યાને દૂર કરવામાં વ્યસ્ત છે, જે તેને આગળ વધતી રોકે છે." ●




## પાણીપતમાં 2જી ઇથેનોલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત

# જૈવ ઇંધણથી વાતાવરણ સ્વચ્છ અને ખેડૂત સમૃધ્ધ બનશે

**પ્રકૃતિ આપણને જીવન આપે છે અને ઊર્જા આપણને ગતિમાન રાખે છે. પ્રકૃતિની પૂજા કરનાર ભારતમાં બાયોફ્યુઅલ એટલે કે જૈવિક ઇંધણ, પ્રકૃતિની રક્ષાનો એક માત્ર પર્યાય છે. જૈવિક ઇંધણ પ્લાન્ટને કારણે પ્રદૂષણ ઓછું થાય છે એટલું જ નહીં પણ પર્યાવરણની રક્ષામાં ખેડૂતોનું યોગદાન વધે છે. સાથે સાથે દેશને વૈકલ્પિક ઇંધણ પણ મળે છે. જૈવ ઇંધણને પ્રોત્સાહન આપવાના પગલાંના ભાગ રૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 ઓગસ્ટનાં રોજ વિશ્વ જૈવ ઇંધણ દિવસ પ્રસંગે હરિયાણાના પાણીપતમાં બીજી પેઢી (2જી) ઇથેનોલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો....**

શેરડી અને ઘઉંની ઉપજ જ્યાં વધુ હોય છે, પરાળીનો સંપૂર્ણ વપરાશ નથી થઈ શકતો. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ જૈવ ઇંધણ દિવસ પ્રસંગે પાણીપતમાં 2જી ઇથેનોલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો. પાણીપતના આ જૈવિક ઇંધણ પ્લાન્ટમાંથી પરાળીને સળગાવ્યા વગર તેનો નિકાલ કરી શકાશે અને તેનાંથી એક કે બે નહીં પણ અનેક ફાયદા થશે. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, “પાણીપતના જૈવિક ઇંધણ પ્લાન્ટમાંથી પરાળને બાળ્યા વગર પણ નિકાલ કરી શકાશે. પરાળ ખેડૂતો માટે બોજ હતી, પરેશાનીનું કારણ હતી, પણ હવે એ જ પરાળ દ્વારા તેઓ વધારાની આવક મેળવી શકશે અને દેશને વૈકલ્પિક ઇંધણ પણ મળશે,” કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓમાં ખેડૂતોની આવક વધવાની સાથે સાથે પેટ્રોલ, ડિઝલ અને ગેસનો વિકલ્પ તૈયાર કરવાનો પણ સમાવેશ થાય છે. આ પ્લાન્ટ એ જ પ્રતિબધ્ધતાને દર્શાવે છે. આ ઉપરાંત, આ પ્લાન્ટને કારણે દિલ્હી-એનસીઆર અને

# કાર્બન ડાયોક્સાઇડની માત્રામાં વર્ષે ત્રણ લાખ ટનનો ઘટાડો

- 2G એટલે સેકન્ડ જનરેશન એટલે કે બીજી પેઢી. 2જી ઈથેનોલ પ્લાન્ટનું નિર્માણ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા 900 કરોડ રૂપિયાથી વધુનાં અંદાજિત ખર્ચે કરવામાં આવ્યું છે.
- અત્યાધુનિક સ્વદેશી ટેકનોલોજી પર આધારિત આ પ્રોજેક્ટ હેઠળ વર્ષે લગભગ ત્રણ કરોડ લીટર ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવશે. તેમાં વર્ષે લગભગ બે લાખ ટન ડાંગરનાં ભૂસા (પરાળ)નો ઉપયોગ થશે. આમ, કચરામાંથી પૈસા કમાવવાની દિશામાં નવાં પ્રકરણની શરૂઆત થશે.
- આ વિસ્તારનાં એક લાખથી વધુ ખેડૂતો પાસેથી કૃષિ અવશેષોની સીધી ખરીદી કરવામાં આવશે. તેનાંથી ખેડૂતો આર્થિક રીતે મજબૂત બનશે અને તેમને વધારાની આવક મેળવવાની તક મળશે.
- આ પ્રોજેક્ટથી આ પ્લાન્ટનાં સંચાલન સાથે સંકળાયેલા લોકોને પ્રત્યક્ષ રોજગારી મળશે અને ડાંગરનું ભૂસું કાપવું તેનો સંગ્રહ કરવો વગેરે કામ દ્વારા સપ્લાય ચેનમાં અપ્રત્યક્ષ રોજગારી પેદા થશે.
- પરાળને બાળવાનું ઓછું થવાથી આ પ્રોજેક્ટ ગ્રીનહાઉસ ગેસની માત્રામાં વર્ષે લગભગ ત્રણ લાખ ટન કાર્બન ડાયોક્સાઇડનાં ઉત્સર્જનનો સમકક્ષ ઘટાડો લાવવામાં મદદ કરશે, જે દેશનાં રસ્તાઓ પરથી વર્ષે લગભગ 63,000 કાર દૂર થવાની બરાબર ગણી શકાય.



## ખેડૂતોને ઘણો મોટો લાભ થયો

- પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ કરવાથી વીતેલાં સાત-આઠ વર્ષમાં આશરે 50,000 કરોડ રૂપિયા વિદેશમાં જતા બચ્યા છે અને આશરે એટલાં જ રૂપિયા ઈથેનોલ મિશ્રણને કારણે આપણાં દેશનાં ખેડૂતો પાસે ગયા છે.
- 8 વર્ષ પહેલાં સુધી દેશમાં માત્ર 40 કરોડ લિટર ઈથેનોલનું ઉત્પાદન થતું હતું. હવે તે વધીને 400 કરોડ લીટર થયું છે. તેનાંથી શેરડીનાં ખેડૂતોને મોટો લાભ થયો છે.
- પાઇપ ગેસનાં કનેક્શનનો આંકડો એક કરોડને સ્પર્શી રહ્યો છે. સરકાર એ લક્ષ્ય પર કામ કરી રહી છે કે આગામી કેટલાંક વર્ષોમાં દેશનાં 75 ટકાથી વધુ ઘરોમાં પાઇપ દ્વારા ગેસ પહોંચાડી શકાય.

સમગ્ર હરિયાણામાં પ્રદૂષણ ઘટાડવામાં પણ મદદ મળશે. વાસ્તવમાં, ભારત જેવા દેશને ઊર્જાની સતત જરૂર છે. ઊર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે છેલ્લાં કેટલાંક વર્ષોમાં મજબૂત પ્રયત્ન શરૂ કરવામાં આવ્યા છે. દેશમાં જૈવ ઇંધણનાં ઉત્પાદન અને ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા વર્ષોથી લેવામાં આવેલાં પગલાંનાં ભાગ રૂપે પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. તે ઊર્જા ક્ષેત્રને વધુ કિફાયતી, સુલભ, કુશળ અને ટકાઉ બનાવવા માટે વડાપ્રધાનના સતત પ્રયત્નોનો ભાગ છે.

**જૈવ ઇંધણ દિવસ**

બિનપરંરાગત જીવાશ્મ ઇંધણનાં મહત્વ અંગે જાગૃતિ વધારવા માટે દર વર્ષે 10 ઓગસ્ટનાં રોજ વિશ્વ જૈવ ઇંધણ દિવસ મનાવવામાં આવે છે, જે પરંપરાગત જીવાશ્મ ઇંધણનાં વિકલ્પ તરીકે કામ કરે છે. આ દિવસ 'સર રૂડોલ્ફ ડીઝલ'નાં સન્માનમાં મનાવવામાં આવે છે. તેમણે ડીઝલ એન્જિનની શોધ કરી હતી અને જીવાશ્મ ઇંધણનાં વિકલ્પ તરીકે વનસ્પતિ તેલનાં ઉપયોગની સંભાવનાની ભવિષ્યવાણી કરનાર પ્રથમ વ્યક્તિ હતા. ●

# વિકાસ યાત્રાને સાર્થક બનાવી રહેલું સહકારી સમવાયતંત્ર અને 'સબકા પ્રયાસ'

**કોઈ પણ દેશની પ્રગતિનો આધાર કેન્દ્ર અને રાજ્યો સાથે મળીને કામ કરે અને નિશ્ચિત દિશામાં આગળ વધે તેનાં પર રહેલો છે. આ અભિગમ સાથે આગળ વધતા કેન્દ્ર સરકારે સમવાય માળખાને સાર્થક અને જિલ્લા સ્તર સુધી સ્પર્ધાત્મક બનાવતાં વિકાસને પ્રોત્સાહન આપ્યું. તેનું ઉદાહરણ દેશ-દુનિયાએ કોવિડનાં સમયમાં જોયું અને દુનિયામાં પણ ભારતની છબી પણ ઉજળી બની. સબકા પ્રયાસ અને સહકારી સમવાયતંત્ર હવે નવા ભારતની વિકાસ યાત્રાને ગતિ આપી રહ્યું છે. આ શ્રૃંખલામાં 7 ઓગસ્ટનાં રોજ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 3ટી-ટ્રેડ (વેપાર), ટુરિઝમ (પર્યટન), ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો....**



ભારત માત્ર દિલ્હી નથી, તેમાં દેશનાં દરેક રાજ્ય અને કેન્દ્ર શાસિત રાજ્યનો પણ સમાવેશ થાય છે. સહકારી સંઘવાદનાં આ વિચારને પરિણામે ભારતે કોવિડ જેવી ભયાનક બિમારીનો સામનો કરવામાં ઝડપ બતાવી અને કેન્દ્ર-રાજ્ય સમન્વયનું અનુકરણીય ઉદાહરણ રજૂ કર્યું. હાલમાં જ્યારે ભારત આઝાદીના 75 વર્ષ પૂરાં થવાનો ઉત્સવ મનાવી રહ્યો છે ત્યારે રાજ્યોએ ચુસ્ત, લચીલા અને આત્મનિર્ભર બનવાની સાથે સાથે સહકારી સમવાયતંત્રની ભાવનાને અનુરુપ 'આત્મનિર્ભર ભારત'ની દિશામાં આગળ વધવાની જરૂર છે. સમાવેશી ભારતનાં નિર્માણની દિશામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની સાતમી બેઠક 7 ઓગસ્ટ, 2022નાં રોજ મળી. આ બેઠકના એજન્ડામાં અન્ય બાબતોની સાથે સાથે પાકનાં વિવિધીકરણ, તેલિબિયાં-કઠોળ તથા અન્ય કૃષિ ઉપજોની બાબતમાં આત્મનિર્ભરતા હાંસલ કરવી, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-શાળાકીય શિક્ષણનું અમલીકરણ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-ઉચ્ચ શિક્ષણનું અમલીકરણ અને શહેરી વહીવટીતંત્રનો સમાવેશ થતો હતો.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહકારી સમવાયતંત્રની ભાવનાથી તમામ રાજ્યોએ કરેલાં સામૂહિક પ્રયત્નોને એવી તાકાત બતાવી જેણે ભારતને કોવિડ મહામારીમાંથી બહાર

## સમવાય માળખુંઃ સંવાદ અને સમન્વય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડનો સામનો કરવા ઐતિહાસિક પહેલ કરતાં સમવાય માળખામાં સૌથી મહત્વનાં કેન્દ્ર-રાજ્ય વચ્ચે સમન્વયનો સેતુ બનાવીને 'સબકા સાથ'ના મંત્રને ચરિતાર્થ કરી બતાવ્યો. કોવિડનાં સમયમાં અને અન્ય પ્રસંગોએ યોજાયેલી બેઠકોમાં તમામ મુખ્યમંત્રીઓનો અભિપ્રાય લેવામાં આવ્યો એટલું જ નહીં પણ રાજ્યોએ આપેલી નોંધ અને સલાહ પર વિચારણા કરીને જ લોકડાઉન સહિતનાં મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વડાપ્રધાને 19 માર્ચ, 2020નાં રોજ પહેલાં રાષ્ટ્રને નામ સંબોધનમાં જનતા કર્ફ્યુની જાહેરાત કરી પણ સીધી લોકડાઉનની જાહેરાત ન કરી. પહેલાં મુખ્યમંત્રીઓ સાથે વાત કરી તો બીજા દિવસે દવા ઉદ્યોગનાં અગ્રણીઓ સાથે વાતચીત કરીને યુધ્ધ સ્તર પર કામ કરવા, કાળાબજારી રોકવાનાં નિર્દેશની સાથે સાથે 14,000 કરોડ રૂપિયાનાં બે પ્રોજેક્ટ્સને આગળ વધાર્યા. એ પછી મેડીકલ સેક્ટર, આયુષ ડોક્ટર્સ, ઈન્ડસ્ટ્રી, ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા, સામાજિક સંગઠનો, રેડિયોના આરજે, તમામ રાજકીય પક્ષોનાં નેતાઓ, સરપંચો, દેશનાં ખેલાડીઓ અને એ તમામ લોકો સાથે સંવાદ કર્યો જેઓ આ પડકારજનક સમયમાં રાષ્ટ્રને પોતાનું સક્રિય યોગદાન આપી શકે તેમ હતાં. આ તમામ પહેલ દ્વારા વડાપ્રધાનનો અભિગમ લોકોને સકારાત્મક સંદેશ આપવાનો અને નિરાશાવાદ કે ગભરાટ દૂર કરવાનો હતો. આ બધાંને વડાપ્રધાનની અપીલ હતી કે કર્મચારીઓને નોકરીમાંથી ન કાઢો અને તેમને સલામતીનું વાતાવરણ પૂરું પાડો.

આવવામાં મદદ કરી. તેમનું કહેવું હતું, "દરેક રાજ્યએ પોતાની તાકાત પ્રમાણે મહત્વની ભૂમિકા નિભાવી અને કોવિડ સામે ભારતની લડાઈમાં યોગદાન આપ્યું. તેણે ભારતને વિકાસશીલ દેશો માટે વૈશ્વિક નેતા તરીકે દેખાવામાં ઉદાહરણ તરીકે ઊભરવાની તક આપી." વડાપ્રધાને જણાવ્યું કે તેનો શ્રેય રાજ્ય સરકારોને જાય છે, જેમણે પરસ્પર સહયોગ દ્વારા જાહેર સેવાઓનાં જમીની સ્તર પર વિતરણ પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

ભારતને આત્મનિર્ભર બનાવવાની પહેલમાં વડાપ્રધાન મોદીએ રાજ્યોને વિશ્વભરમાં ભારતીય મિશન દ્વારા 3ટી-ટ્રેડ (વેપાર), ટુરિઝમ (પર્યટન) અને ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો. તેમનાં કહેવા પ્રમાણે રાજ્યોએ આયાત ઘટાડીને, નિકાસ વધારવા પર અને તેનાં માટે દરેક રાજ્યમાં તકો શોધવા પર ભાર મૂકવો જોઇએ. તેમણે જણાવ્યું હતું કે, 'વોકલ ફોર લોકલ' કોઇ એક રાજકીય પક્ષનો એજન્ડા નથી પણ સહિયારું લક્ષ્ય છે. વડાપ્રધાન મોદીએ આ બેઠકમાંથી નિકળનાર નિષ્કર્ષને અમૃત કાળ માટે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને વ્યાખ્યાયિત કરનારો જણાવ્યો. તેમણે જણાવ્યું કે, "આજે આપણે જે બીજ વાવીશું, તે 2047માં ભારત દ્વારા તોડવામાં આવનારા ફળોને વ્યાખ્યિત કરશે."

કોવિડ બાદ ગવર્નિંગ કાઉન્સિલની આ પ્રથમ બેઠક હતી. આ બેઠકના એજન્ડા તરીકે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓની ઓળખ કરવા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે મહિનાઓ સુધી વિચાર મંથન અને પરામર્શ થયો. ભારતની આઝાદીનાં 75 વર્ષમાં પ્રથમ વાર ભારતનાં રાજ્યોનાં મુખ્ય સચિવોએ એક જગ્યા, એક સાથે મુલાકાત કરી અને ત્રણ દિવસ સુધી રાષ્ટ્રીય મહત્વનાં મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કર્યો. આ સામૂહિક પ્રક્રિયા દ્વારા બેઠકનો એજન્ડા આ પ્રકારે ઊપસી આવ્યો.


### આ વર્ષની નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલે ચાર મુખ્ય એજન્ડા પર ચર્ચા કરીઃ-

1. પાક વૈવિધ્યીકરણ અને તેલિબિયાં, કઠોળ તથા અન્ય કૃષિ ઉપજોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવી.
2. શાળાકીય શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)નું અમલીકરણ
3. ઉચ્ચ શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)નું અમલીકરણ.
4. શહેરી વહીવટીતંત્ર

વડાપ્રધાને ઉપરોક્ત તમામ મુદ્દાઓનાં મહત્વ પર પ્રકાશ પાડયો. તેમણે ખાસ કરીને ભારતને આધુનિક, કૃષિ, પશુપાલન અને ફુડ પ્રોસેસિંગ પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો જેથી કૃષિ ક્ષેત્રમાં આત્મનિર્ભર અને વૈશ્વિક માર્ગદર્શક બની શકે. તેમણે જણાવ્યું કે, શહેરી ભારતનાં દરેક નાગરિક માટે જીવનની સુગમતા, પારદર્શી સેવા વિતરણ અને જીવનની ગુણવત્તામાં સુધારો સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો લાભ ઉઠાવીને ઝડપથી વધી રહેલા શહેરીકરણને નબળાઇને બદલે ભારતની તાકાત બનાવી શકાય છે. પીએમ મોદીએ 2023માં ભારત દ્વારા જી-20ની અધ્યક્ષતા અંગે જણાવ્યું કે ભારત માત્ર દિલ્હી નથી, તેમાં દેશનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સામેલ છે. વડાપ્રધાને જણાવ્યું કે, જી-20 અંગે જન આંદોલન ઊભું કરવું જોઇએ. તેનાથી આપણને દેશમાં ઉપલબ્ધ સર્વશ્રેષ્ઠ પ્રતિભાઓની ઓળખ કરવામાં મદદ મળશે. કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક મુખ્યમંત્રી અને લેફ્ટનન્ટ ગવર્નરે ચાર મુખ્ય એજન્ડાઓ પર વિશેષ ભાર મૂકવાની સાથે પોતાનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પ્રાથમિકતાઓ, ઉપલબ્ધિઓ અને પડકારો પર પ્રકાશ પાડીને બેઠકને સંબોધિત કરી હતી. ●

# દુનિયા વૈશ્વિક મંદીના ઓછાયામાં, ભારતની મજબૂત સ્થિતિ

**કોવિડ મહામારીને પગલે સર્જાયેલી સમસ્યા અને પછી રશિયા-યુક્રેન યુધ્ધ અને વધતી જતી મોંઘવારી વિશ્વભરનાં દેશોનાં અર્થતંત્ર માટે પડકાર બની ગઈ છે, તો ભારતીય અર્થતંત્ર આ સમયમાં પણ મજબૂતી સાથે આગળ વધી રહ્યું છે. બ્લુમબર્ગનાં તાજેતરનાં સર્વે પ્રમાણે વિશ્વનાં અનેક દેશોનાં અર્થતંત્રમાં મંદીની આશંકા છે, પણ માત્ર ભારત જ એવો દેશ છે જે તેનાંથી અસ્પૃશ્ય છે...**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અલગ વિચારસરણી ધરાવતા નેતા છે. તેઓ અલગ વિચારે છે, અનોખું વિચારે છે અને સૌથી મોટી વાત એ કે તેનાં પર અમલ પણ કરે છે અને કરાવે છે. કેન્દ્રની સત્તામાં આઠ વર્ષ દરમિયાન પીએમ મોદીએ એવાં અનેક પરિવર્તનો કર્યા જે એ અગાઉ માત્ર કલ્પનાઓમાં જ હતાં અથવા તો કોઇએ તેનાં પર ધ્યાન પણ નહોતું આપ્યું. અર્થતંત્ર પણ એવું જ ક્ષેત્ર હતું જ્યાં મજબૂરી ન આવે ત્યાં સુધી કોઇ સુધારા કરવામાં આવતા નહોતા. પણ 2014 બાદ પ્રથમ વાર અર્થતંત્રને ઔપચારિક રૂપ આપવાની શરૂઆત કરતા એવાં અનેક નિર્ણયો લેવામાં આવ્યા જેનો ફાયદો લાંબા ગાળે દેશને મળ્યો છે. જીએસટી, બેન્કરપ્સી કોડથી માંડીને એમએસએમઇ પર વિશેષ ધ્યાન, ઉદ્યોગ અને રોકાણ માટે અનુકુળ માહોલથી માંડીને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે એવાં દરેક પગલાં ભરવામાં આવ્યા જેની જરૂર અર્થતંત્રને હતી. પરિણામે.. કોવિડ કાળમાં નેગેટિવ થઈ ગયેલા અર્થતંત્રએ બે ક્વાર્ટર બાદ વેગ પકડ્યો અને એ બાઉન્સ બેકની નોંધ તમામ વૈશ્વિક આર્થિક એજન્સીઓએ લીધી.

તાજેતરમાં બ્લુમબર્ગએ કરેલા સર્વેમાં પણ ભારતીય અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં હોવાનું જણાવવામાં આવ્યું છે. અહેવાલ પ્રમાણે આગામી એક વર્ષમાં વિશ્વમાં અનેક દેશો સામે મંદી તોળાઈ રહી છે. એશિયાનાં દેશોની સાથે સાથે વિશ્વનાં મોટાં અર્થતંત્રો પર પણ મંદીનો ખતરો વધી રહ્યો છે. કોરોના લોકડાઉન અને રશિયા-યુક્રેન યુધ્ધને કારણે યુરોપિયન દેશોની સાથે અમેરિકા, જાપાન અને ચીન જેવા દેશોમાં મંદીનું જોખમ ઘણું વધુ છે. પણ સારી વાત એ છે કે ભારતને મંદીનાં જોખમથી સંપૂર્ણપણે બહાર બતાવવામાં આવ્યું છે. બ્લુમબર્ગ સર્વે પ્રમાણે ભારત જ એવો દેશ છે જ્યાં મંદીની આશંકા શૂન્ય એટલે કે ન બરાબર છે. બ્લુમબર્ગ સર્વેમાં એશિયા મંદીમાં જવાની સંભાવના 20-25 ટકા છે, જ્યારે અમેરિકા માટે તે 40 અને યુરોપ માટે 50-55 ટકા છે. અહેવાલ પ્રમાણે, શ્રીલંકા આગામી વર્ષમાં મંદીમાં જવાની સંભાવના 85 ટકા છે. તો મોર્ગન સ્ટેન્લીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે 2022-23માં ભારતનું અર્થતંત્ર સમગ્ર એશિયામાં સૌથી ઝડપી ગતિથી વિકાસ કરશે.



## જૂનમાં ચીજવસ્તુઓની નિકાસ 23.52 ટકા વધીને 40.13 અબજ ડોલર થઈ

નાણાકીય વર્ષ 2022-23નાં જૂન મહિનામાં ચીજવસ્તુઓની નિકાસ 23.52 ટકા વધીને 40.13 અબજ ડોલર પર પહોંચી હતી. ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ ક્વાર્ટર એપ્રિલ-જૂનમાં નિકાસ 24.51 ટકા વધીને 118.96 અબજ ડોલર થઈ હતી.

## મેડ ઇન ઇન્ડિયા ચીજોની નિકાસમાં 17 ટકાનો વધારો

ભારતે જૂન, 2022માં મેડ ઇન ઇન્ડિયા ચીજોની નિકાસમાં રેકોર્ડ સર્જ્યો છે. જૂન, 2021માં નિકાસ 32.5 અબજ ડોલર હતી, જે જૂન 2022માં વધીને 37.9 અબજ ડોલર થઈ હતી. જૂન, 2022માં નિકાસનો આ આંકડો કોઇ એક મહિનામાં સર્વોચ્ચ છે અને એક વર્ષમાં તેમાં 17 ટકાનો વધારો થયો છે.

### જૂનમાં કોર સેક્ટરનાં ઉત્પાદનમાં તીવ્ર વધારો

જૂન મહિનામાં કોર સેક્ટરનું ઉત્પાદન 12.7 ટકા વધ્યું છે, જ્યારે એક વર્ષ પહેલાં આ મહિનામાં 9.4 ટકાનો વધારો થયો હતો. આઠ કોર સેક્ટરમાં કોલસો, ક્રુડ ઓઇલ, નેચરલ ગેસ, રિફાઈનરી ઉત્પાદન, ખાતર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે. ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (આઇઆઇપી) માં આ આઠ કોર સેક્ટરનો હિસ્સો 40.27 ટકા છે. સરકારી આંકડા પ્રમાણે આ વર્ષે જૂન મહિનામાં કોલસાનાં ઉત્પાદનમાં 31.1 ટકા, વીજળીનાં ઉત્પાદનમાં 15.5 ટકા, સીમેન્ટનાં ઉત્પાદનમાં 19.4 ટકા, રિફાઇનરીનાં ઉત્પાદનમાં 15.1 ટકા, ખાતરનાં ઉત્પાદનમાં 8.2 ટકા, સ્ટીલનાં ઉત્પાદનમાં 3.3 ટકા અને નેચરલ ગેસનાં ઉત્પાદનમાં 1.2 ટકા વધારો નોંધાયો છે.

### ડોલર સામે અન્ય ચલણો કરતાં ભારતનો રૂપિયો મજબૂત

રશિયા-યુક્રેન યુધ્ધને પગલે વિશ્વભરનાં બજારો મોંઘવારીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે, ત્યારે અમેરિકાની ફેડરલ રિઝર્વે થોડાં વખત પહેલાં નીતિગત વ્યાજ દર વધારતાં તેની અસર ડોલરની સામે બીજા દેશોનાં ચલણો પર પડી હતી. આ ચલણોમાં ભારતીય રૂપિયાનો પણ સમાવેશ થાય છે. એક સમયે ડોલરની સરખામણીમાં 80 સુધી ગબડેલો રૂપિયો ફરી સુધરી રહ્યો છે. 9 ઓગસ્ટનાં રોજ તે 79.64નાં સ્તરે હતો. નાણા મંત્રી નિર્મલા સીતારામનનાં જણાવ્યા અનુસાર, "સરકાર દરેક સ્થિતિ પર નજર રાખી રહી છે. રિઝર્વ બેન્ક રૂપિયાનાં વિનિમય દર પર નજર રાખી રહી છે. પણ અન્ય ચલણોની સરખામણીમાં ડોલર સામે રૂપિયાએ ઘણો સારો દેખાવ કર્યો છે."

### ડોલરની સરખામણીમાં બીજા દેશોનાં ચલણોની સ્થિતિ

2022માં ડોલરની સરખામણીમાં સાત ટકાનો ઘટાડો થયો છે, જ્યારે જાપાનનાં યેન, યુરોપનાં યુરો અને સ્વીડનનાં ક્રોનામાં ડોલરની સરખામણીમાં સરેરાશ 10 ટકાનો ઘટાડો નોંધાયો છે. એટલું જ નહીં, આ ચલણોની સામે રૂપિયો મજબૂત થયો છે.

ડોલરની સરખામણીમાં યુરોપિયન દેશોનાં ચલણ યુરોની સ્થિતિ પણ બહુ સારી નથી. જુલાઇમાં ડોલરની સરખામણીમાં યુરોમાં બે વાર નોંધપાત્ર ઘટાડો થયો છે. જુલાઇ, 2021માં એક ડોલર 0.84 યુરો બરાબર હતો, જ્યારે 9 ઓગસ્ટનાં રોજ તે 0.98 યુરોનાં સ્તરે હતો.

અમેરિકન ડોલરની સરખામણીમાં જાપાની યેન પણ સતત નબળો પડી રહ્યો છે. 22 જૂન, 2022નાં રોજ યેન 24 વર્ષનાં રેકોર્ડ નીચલા સ્તર 136.45 પ્રતિ ડોલર સુધી આવી ગયો હતો. જુલાઇ, 2021માં યેનની કિંમત આશરે 109.98ની આસપાસ હતી, તે જુલાઇ, 2022માં 138.80 યેન સુધી ગબડી હતી. ●



## બ્લુ રિવોલ્યુશન

# મત્સ્યપાલન ક્ષેત્રમાં ઉત્પાદન, નિકાસમાં વધારો

**2014માં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનાં ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ લીધો ત્યારે પ્રથમ વાર હરિત ક્રાંતિ અને શ્વેત ક્રાંતિની સાથે મત્સ્ય પાલનને પણ સામેલ કર્યું.. અને 10 સપ્ટેમ્બર, 2020નાં રોજ 'આત્મનિર્ભર ભારત' અંતર્ગત મત્સ્યપાલન ક્ષેત્રમાં સ્વતંત્રતા પછીની સૌથી મોટી યોજના પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના શરૂ કરવામાં આવી. આ યોજનાનો હેતુ પાંચ વર્ષમાં 20,000 કરોડ રૂપિયાથી વધુનાં રોકાણ સાથે આ સેક્ટરની સ્થિતિ બદલવાનો હતો. આ યોજનાએ બે વર્ષમાં મત્સ્યપાલન ક્ષેત્રમાં ઉત્પાદનથી માંડીને નિકાસ સુધીમાં મહત્વનું યોગદાન આપ્યું છે. હવે તેને આગળ વધારવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "એ સમય આવી ગયો છે કે બ્લુ રિવોલ્યુશનને અશોક ચક્રના વાદળી રંગમાં ચિત્રિત કરવામાં આવે."**

વિશ્વનાં સૌથી મોટા ઝીંગા ઉત્પાદક અને બીજા સૌથી મોટા માછલી ઉત્પાદક ભારતનાં મત્સ્ય ક્ષેત્રમાં નફાની ભરપૂર સંભાવના છે. આ હેતુથી 2015માં શરૂ કરવામાં આવેલી બ્લુ રિવોલ્યુશન યોજના અને 2020માં રૂ. 20,500 કરોડનાં ખર્ચની પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાને કારણે માછલી ઉત્પાદનમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. નવી ટેકનોલોજી, આરએએસ, બાયોફ્લોક અને કેજ કલ્ચર જેવી નવી પધ્ધતિઓથી માછલીની ઉત્પાદકતા વધારવામાં આવી રહી છે. યોજનામાં મત્સ્યપાલક ખેડૂતો અને તેનાં વેપાર સાથે સંકળાયેલા લોકોની સલામતી માટે વીમો, અને દેશમાં પ્રથમ વાર મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા જહાજોનો વીમો આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. સાથે સાથે, મહિલાઓને સુશોભન માટેનાં (ઓર્નામેન્ટલ) મત્સ્યપાલન અને સીવીડ ફાર્મિંગ માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

આઝાદી બાદ જે સેક્ટર પર ખાસ ધ્યાન ન આપવામાં આવ્યું, તેમાં મત્સ્યપાલન સેક્ટરનો પણ સમાવેશ થાય છે. આઝાદી બાદથી 2014 સુધી આ સેક્ટરમાં માત્ર રૂ. 3682 કરોડનું જ રોકાણ કરવામાં આવ્યું હતું, જ્યારે 2014થી 2024-25 સુધી પીએમ મત્સ્ય સંપદા યોજના, બ્લુ રિવોલ્યુશન યોજના અને ફીશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફન્ડ સહિત રૂ. 30,572 કરોડનાં અંદાજિત ખર્ચ સાથે ઝડપથી કામ ચાલી રહ્યું છે. એકલી પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના દ્વારા 2025 સુધીમાં 55 લાખ લોકો માટે નવાં રોજગાર સર્જનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ભારતમાં મત્સ્યપાલન અને જળ કૃષિ માટે વર્તમાન વિસ્તાર અને વિશાળ સંભાવનાઓથી સજ્જ વ્યવસ્થાને કારણે સી-ફુડની નિકાસ 2020-21માં 1.15 મિલિયન મેટ્રિક ટનથી વધીને 2021-22માં 1.51 મિલિયન મેટ્રિક ટન થઈ છે. ભારત વિશ્વમાં 112 દેશોમાં સી-ફુડની નિકાસ કરે છે અને વિશ્વમાં સી-ફુડનો ચોથો મોટો નિકાસકાર છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 2022ને 'કારીગર મત્સ્યપાલન અને જળ કૃષિનું આંતરરાષ્ટ્રીય વર્ષ' જાહેર કર્યું છે. મત્સ્ય પાલન શરૂ કરવા માટે સબસિડી, મહિલાઓ અને અનુસૂચિત જાતિને આ ક્ષેત્રમાં વ્યવસાય શરૂ કરવા માટે 60 ટકા ગ્રાન્ટ આપતી પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાનો ઉપયોગ કરીને બ્લુ રિવોલ્યુશનને ગતિ આપવામાં આવી રહી છે. મત્સ્ય પાલન સાથે સંકળાયેલા ખેડૂતો અને અન્ય લોકોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારીને દેશને માછલીનાં ઉત્પાદનમાં નંબર વન બનાવવાનો સંકલ્પ છે.

# મત્સ્ય પાલન ક્ષેત્રને સનરાઇઝ સેક્ટરની માન્યતા

## અત્યાર સુધીની સફળતા

### દેશમાં વધી રહેલું મત્સ્ય ઉત્પાદન

| | |
|---|---|
| 2016-2017 | 114.31 લાખ ટન |
| 2017-2018 | 127.04 લાખ ટન |
| 2018-2019 | 135.73 લાખ ટન |
| 2019-2020 | 141.64 લાખ ટન |
| 2020-2021 | 147.25 લાખ ટન |
| 2021-2022 | 161.87 લાખ ટન |

**કોવિડ-19 મહામારીની વૈશ્વિક અસરને કારણે 2020-2021માં નિકાસમાં ઘટાડો થયો હતો. એ પછી 2021-22માં રૂ. 57,586 કરોડની નિકાસ થઈ હતી. 2020-21માં રૂ. 43,721 કરોડની નિકાસ થઈ હતી.**

**"**

**દેશનાં દરેક ભાગમાં માછલીનાં વેપારને ધ્યાનમાં રાખતા પ્રથમ વાર દેશમાં આટલી મોટી યોજના બનાવવામાં આવી. આઝાદી બાદ તેનાં પર જેટલું રોકાણ થયું તેનાંથી અનેક ગણું રોકાણ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનામાં કરવામાં આવી રહ્યું છે. બ્લુ રિવોલ્યુશન યોજના પણ ચાલી રહી છે. આ પ્રયત્નોને કારણે દેશમાં મત્સ્ય ઉત્પાદનનાં તમામ રેકોર્ડ તૂટી ગયા છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## હવે આનો વારો

### યોજનામાં 2024-25 સુધી આ મોટાં લક્ષ્ય પૂરા થશે

- માછલી ઉત્પાદન 2018-19માં 13.75 મિલિયન મેટ્રિક ટનથી વધારીને 2024-25માં 22 મિલિયન મેટ્રિક ટન કરવું.
- માછલી ઉત્પાદનમાં 9 ટકા સુધી વધારો કરવો.
- મત્સ્ય નિકાસથી આવક 2018-2019માં 46,589 કરોડ હતી, જેને વધારીને 2024-25માં એક લાખ કરોડ એટલે કે બમણી આવક કરવી.
- મત્સ્ય ઉત્પાદન બાદ થનારા નુકસાનને 20-25 ટકાથી ઘટાડીને 10 ટકા પર સીમિત કરવું.
- પ્રતિ વ્યક્તિ માછલીનો વપરાશ પાંચ કિલોથી વધારીને 12 કિલો કરવો.

### PMMSYથી જીવન અને આજીવિકાની સુરક્ષા

- 34 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને યોજનામાં સમાવવામાં આવ્યા છે. માછીમારોને મંદીની મોસમમાં મહિને 1500 રૂપિયાની મદદ મહત્તમ ત્રણ મહિના સુધી આપવામાં આવે છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન 8.12 લાખ માછીમારોને સહાય કરવામાં આવી.
- 1,000થી વધુ બાયોફ્લોક એકમો અને 1500થી વધુ રેસ્ક્યુલેટરી એક્વાકલ્ચર સિસ્ટમ મંજૂર. મત્સ્યપાલક ખેડૂતોને પ્રથમ વાર કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી આશરે 88,000 કિસાન કાર્ડ જારી અને રૂ. 1060 કરોડની લોન મંજૂર.
- પાંચ લાખ રૂપિયાનું ગ્રૂપ ઈન્શ્યોરન્સ કવરેજ. બે વર્ષમાં 27.51 લાખ માછીમારોનો વીમો ઉતરાવ્યો. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે 16 લાખથી વધુ મત્સ્ય પાલકને લાભ. એપ્રિલ 2020થી માર્ચ, 2022 સુધી 34,700 મહિલા લાભાર્થીઓ માટે આશરે 1120 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટને મંજૂરી આપી.

**...જેથી જનતા અને માછીમારોને પૂરતાં વળતરની માહિતી મળી શકે નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડે 2018માં મત્સ્ય બજારની ભાવ પદ્ધતિ શરૂ કરી હતી. તેમાં, વેપારી રીતે મહત્વનાં સમુદ્રી અને અંતરદેશીય માછલીનાં 88 જથ્થાબંધ અને રિટેલ બજારોનાં ભાવ રિયલ ટાઇમ પર પોર્ટલ પર અપલોડ અને પ્રસારિત કરવામાં આવે છે.**

## PMMSYમાં શું શું થયું

- **10,225** હેક્ટર તળાવ ક્ષેત્રમાં જળ કૃષિ
- **6.77** લાખ માછીમાર પરિવારને મદદ
- **3102** રિટેલ માછલી બજાર અને કિયોસ્કની શરૂઆત
- **3230** હોડી બદલવામાં આવી
- **1270** સુશોભન માટેનાં મત્સ્યપાલન એકમો શરૂ
- **273** ઊંડા સમુદ્રમાં માછલી પકડનાર જહાજો વધ્યા
- **16** લાખ લોકો અત્યાર સુધી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે લાભાવન્વિત
- **720** મત્સ્ય કૃષિ ઉત્પાદક સંગઠન બન્યાં
- **40.65** લાખ માછીમારો અને મત્સ્યપાલકને તાલીમ
- **7268** કરોડ રૂપિયાથી વધુનાં પ્રસ્તાવ 8 ઓગસ્ટ, 2022 સુધી મંજૂર

# ખેડૂત, વેપારી અને સ્વરોજગાર કરનારાઓને સુરક્ષિત ભવિષ્યની ગેરન્ટી

**દેશનાં દરેક નાગરિકની આજની સાથે સાથે આવતી કાલ પણ સુરક્ષિત હોય તો જ વિકાસ શક્ય છે. આ અભિગમ સાથે કેન્દ્ર સરકાર એવા જરૂરિયાતમંદોને સામાજિક સુરક્ષાની સાથે સાથે ભવિષ્યમાં આર્થિક આત્મનિર્ભરતા તરફ લઈ જવાનો પ્રયત્ન કરી રહી છે જેના અંગે પહેલાં ક્યારેય વિચારવામાં આવ્યું નહોતું. આવા જરૂરિયાતમંદોમાં ખેડૂત, વેપારીઓ અને સ્વરોજગાર ધરાવતા લોકોનો સમાવેશ થાય છે, જેમને અમુક ઉંમર પછી આવકની અનિશ્ચિતતાનો સામનો કરવો પડતો હતો. આવા લોકોનું ભાવિ પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના અને વેપારીઓ તથા સ્વરોજગાર ધરાવતી વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પેન્શન યોજના દ્વારા સલામત થયું છે. 12 સપ્ટેમ્બર, 2019નાં રોજ શરૂ કરવામાં આવેલી આ બંને યોજના તેની સફળતાના ત્રણ વર્ષ પૂરાં કરી રહી છે...**




સરકાર ખેડૂત, વેપારી અને સમાજના અલગ અલગ વર્ગો માટે અવારનવાર યોજનાઓ બનાવતી હોય છે. આ યોજનાઓ તેમનાં વર્તમાનને સુધારવાનું કામ કરે છે પણ એક ઉંમર બાદ તેઓ જ્યારે મહેનત કરવાની સ્થિતિમાં નથી હોતા ત્યારે આર્થિક અનિશ્ચિતતા ઊભી થાય છે. સરકારે આવા વર્ગના લોકોની આર્થિક સલામતીને ધ્યાનમાં રાખીને 12 સપ્ટેમ્બર, 2019નાં રોજ રાંચીમાં યોજના શરૂ કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ કરોડ લઘુ અને સીમાંત ખેડૂતોનું જીવન સલામત કરવા અને આવા ખેડૂતોને 60 વર્ષની ઉંમર થતાં માસિક લઘુતમ રૂ. 3,000નું પેન્શન આપતી પ્રધાનમંત્રી કિસાન માનધન યોજનાનો શુભારંભ કર્યો. એ જ દિવસે વડાપ્રધાને વેપારીઓ અને સ્વરોજગાર કરનારા લોકો માટે રાષ્ટ્રીય પેન્શન યોજનાની પણ શરૂઆત કરી, જેનો હેતુ નાના વેપારીઓ અને સ્વરોજગાર સાથે સંકળાયેલા લોકોને 60 વર્ષની ઉંમર થાય ત્યારે માસિક લઘુતમ રૂ. 3,000નું પેન્શન આપવાનો છે. આ યોજનાનો લાભ લગભગ ત્રણ કરોડ નાના વેપારીઓ લઈ રહ્યા છે. સરકારે વેપારીઓ અને સ્વરોજગાર સાથે સંકળાયેલી વ્યક્તિઓનાં મહત્વપૂર્ણ યોગદાનને જોતાં તેમનાં માટે રાષ્ટ્રીય પેન્શન યોજનાને મંજૂરી આપી છે.

## પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના

- પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના સ્વૈચ્છિક અને યોગદાન આધારિત છે. 60 વર્ષની ઉંમર પછી ખેડૂતોને દર મહિને 3,000 રૂપિયા પેન્શન આપવાની જોગવાઇ કરવામાં આવી છે. તેનાં માટે ખેડૂતોએ દર મહિને રૂ.

55થી 200નું યોગદાન આપવાનું રહેશે. ખેડૂતો દ્વારા અપાતા યોગદાનની સમકક્ષ રકમ કેન્દ્ર સરકાર ભરશે. યોજનામાં જોડાતા સમયે તેમની ઉંમરનાં આધારે રકમ નક્કી કરવામાં આવી છે.

- પતિ અને પત્ની અલગ અલગ આ યોજનાનો લાભ ઉઠાવી શકે છે. ભારતીય જીવન વીમા નિગમને પેન્શન ભંડોળનાં ફન્ડ મેનેજર નિયુક્ત કરવામાં આવી છે. પેન્શન ચૂકવવા માટે નિગમ જવાબદાર હશે. યોગદાન આપનારનાં મૃત્યુનાં સંજોગોમાં તેનાં જીવનસાથી બાકીનું યોગદાન આપીને યોજનાને ચાલુ રાખી શકે છે અને પેન્શનનો લાભ ઉઠાવી શકે છે.
- પતિ કે પત્ની યોજનાને ચાલુ ન રાખવા માંગે તો વ્યાજ સહિત કુલ યોગદાન રકમ ચૂકવી દેવામાં આવશે. પતિ કે પત્ની ન હોય તો નોમિનેટેડ વ્યક્તિને વ્યાજ સહિતની યોગદાન રકમ ચૂકવી દેવામાં આવશે.
- લાભાર્થી ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી નિયમિત યોગદાન આપે અને તે પછી યોજનાને છોડી દેવા માંગે તો આ સ્થિતિમાં એલઆઈસી બેન્કનાં બચત ખાતાનાં વ્યાજ દરનાં આધારે વ્યાજ સહિતની રકમ ચૂકવી દેશે.
- કોમન સર્વિસ સેન્ટરમાં આ યોજનાનું રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. રજીસ્ટ્રેશન નિઃશુલ્ક છે. સરકાર આ સેવા કેન્દ્રોને પ્રતિ રજીસ્ટ્રેશન 30 રૂપિયા ચૂકવે છે. તમે જાતે પણ રજીસ્ટ્રેશન કરાવી શકો છો અને આ માટે તમારે યોજનાની સત્તાવાર વેબસાઈટ maandhan.in પર જવું પડશે.
- ફરિયાદોનાં ઉકેલ માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થા પણ બનાવવામાં આવી છે, જેમાં એલઆઈસી, બેન્ક અને સરકારનાં પ્રતિનિધિનો સમાવેશ થાય છે. કિસાન પેન્શન યોજના માટે આધાર કાર્ડ, આવકનું પ્રમાણપત્ર અને બેન્કમાં ખાતું હોવું જરૂરી છે. ●

## નાના ખેડૂતોને લાભ

- પ્રધાનમંત્રી કિસાન માનધન યોજનાનો લાભ એવા નાના અને સીમાંત ખેડૂતો લઈ શકે છે જેમની ઉંમર 18થી 40 વર્ષની વચ્ચે હોય.
- જેમની પાસે બે હેક્ટર કે તેનાંથી ઓછી ખેતીલાયક જમીન હોય.

**19,15,168**

**લાભાર્થી પ્રધાનમંત્રી કિસાન માનધન યોજનામાં**

**51,227**

**રાષ્ટ્રીય પેન્શન યોજનામાં વેપારીઓ અને સ્વરોજગારીઓ માટે** (આંકડા 10 ઓગસ્ટ, 2022 સુધીનાં)

## વેપારીઓ અને સ્વરોજગારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન યોજના

- આ પેન્શન યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં બીજા કાર્યકાળની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંની એક છે. આ યોજના એ વેપારીઓ અને સ્વરોજગારીઓ માટે છે જેમનો વાર્ષિક વેપાર 1.5 કરોડ રૂપિયાથી વધુ નથી.
- આ યોજના અંતર્ગત ભાવિ લાભાર્થીઓ માટે રજીસ્ટ્રેશનની સુવિધા દેશભરમાં આવેલા 3.50 લાખ કોમન સર્વિસ સેન્ટરનાં માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પાત્ર વેપારીઓ આ યોજના અંતર્ગત પોતાનાં નજીકનાં સીએસસી પર જઈને રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ ઉપરાંત પોર્ટલ www.maandhan.in/Vyapar પર જઈને પણ જાતે રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.
- રજીસ્ટ્રેશન માટે લાભાર્થી પાસે આધાર કાર્ડ અને બેન્કમાં ખાતું હોવું જોઈએ. લાભાર્થીની ઉંમર 18થી 40 વર્ષની વચ્ચે હોવી જોઈએ અને આવકવેરો ન ભરતો હોવો જોઈએ. યોજના અંતર્ગત લાભાર્થીઓ માટે રજીસ્ટ્રેશન નિઃશુલ્ક છે. રજીસ્ટ્રેશન સેલ્ફ સર્ટફિકેશન પર આધારિત છે.
- 18થી 40 વર્ષની ઉંમરના વેપારીઓ માટે આ સ્વૈચ્છિક અને કોન્ટ્રીબ્યુટરી પેન્શન યોજના છે. તેમાં લાભાર્થીની ઉંમર 60 વર્ષ થાય ત્યારે લઘુતમ રૂ. 3000 માસિક પેન્શન આપવાની જોગવાઈ છે.
- આ યોજના અંતર્ગત માસિક ફાળામાં કેન્દ્ર સરકાર 50 ટકા અને લાભાર્થી 50 ટકા રકમ ચૂકવશે. માસિક યોગદાન ઓછું રાખવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે લાભાર્થીએ 29 વર્ષની ઉંમરે માત્ર 100 રૂપિયા પ્રતિ મહિને યોગદાન કરવાનું રહેશે.

# પીએમ મોદીઃ રાજનીતિ અને રાષ્ટ્રનીતિના આદર્શ




**પાંચ દાયકાનું જાહેર જીવન અને 20 વર્ષથી વધુ શાસનમાં 'સેવક' બનીને પોતાની નિષ્ઠા અને રાષ્ટ્ર-સમાજને નવી દિશા આપવાનાં વિચાર સાથે આગળ લઈ જવાની દ્રઢ ઈચ્છા શક્તિ જ કોઈ નેતૃત્વકર્તાને જનતાનું સન્માન અપાવે છે. આવા વ્યક્તિત્વ તરીકે નવા ભારતના ઓળખ બનાવી ચૂકેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સેવા યાત્રા અંગે પ્રકાશિત પુસ્તક 'મોદી@20: ડ્રીમ્સ મીટ ડિલીવરી' ના ઓડિશા ચેપ્ટર લોંચ (8 ઓગસ્ટ) પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તેમનાં વ્યક્તિત્વોનાં આયામ રજૂ કર્યા અને જણાવ્યું, "જ્યારે એક વ્યક્તિ પોતાનાં પરિવારને ભૂલાવીને જીવનની ક્ષણ-ક્ષણ અને શરીરનો કણ-કણ 130 કરોડ લોકોનાં કલ્યાણ માટે સમર્પિત કરે છે, ત્યારે નરેન્દ્ર મોદી નામની વ્યક્તિ બને છે."**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક કર્મઠ કાર્યકર્તાની જેમ મહેનત કરે છે, એક સ્ટેટ્સમેનની જેમ દેશનું ગૌરવ વધારે છે. એક ટીમ લીડરની જેમ સમગ્ર દેશનું નેતૃત્વ કરે છે, ભાવુક રાજનેતાની જેમ સંવેદનશીલ નિર્ણયો લે છે, નીડર સેનાપતિની જેમ રાષ્ટ્રરક્ષામાં અડગ પથ્થરની જેમ ઊભા રહે છે. દીવાની જ્યોતિની જેમ ઉપરની દિશામાં જ વિચારે છે." 'મોદી@20: ડ્રીમ્સ મીટ ડિલિવરી' પુસ્તકને ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં લોકાર્પિત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જ્યારે આમ જણાવ્યું ત્યારે એમનો સંકેત સ્પષ્ટ હતો કે રાષ્ટ્રની સેવા યાત્રામાં આ પડાવ સુધી પહોંચેલા વડાપ્રધાન મોદીનાં સાર્વજનિક જીવનની યાત્રામાં અનેક ઉતાર-ચડાવ આવ્યા, પણ તેઓ રોકાયા નહીં. તેનું કારણ એ છે કે તેમણે રાજનીતિનાં પાઠ પણ રાષ્ટ્રનીતિની ભાષામાં વાંચીને તેને જીવનનાં સંસ્કાર બનાવ્યા અને સર્વસમાવેશી વિકાસની નવી પટકથા તૈયાર કરી. ન થાકવું, ન રોકાવું, આકરી મહેનતથી આગળ વધતાં જવું. નવા નવા લક્ષ્ય નિર્ધારિત કરવા અને અંતિમ છેડા સુધી તેને પહોંચાડીને વિકાસની મજબૂત ગાથા લખવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વની અલગ ઓળખ છે, જેમનો ખુદનો પરિવાર આજે પણ સામાન્ય જીવન જીવી રહ્યો છે કારણ કે તેમનાં માટે 130 કરોડ દેશવાસીઓ જ તેમનો પરિવાર છે.

આ પુસ્તકમાં સંવેદનશીલ નેતા, સુશાસન અને સમાજની સમસ્યાઓને જડમાંથી નાબૂદ કરનાર સમાજ સુધારક અને વહીટવકર્તા અને મૂળિયાંને મજબૂત કરીને તેમને ફેલાવતા નેતા સહિત વડાપ્રધાન મોદીનાં વ્યક્તિત્વનાં અનેક આયામોનો પરિચય છે. સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું, ""મોદી@20: ડ્રીમ્સ મીટ ડિલિવરી' પુસ્તક મોદીના બહુઆયામી વ્યક્તિત્વનાં દરેક આયામનો પરિચય કરાવે છે. તેમનાં જેવું વિરાટ વ્યક્તિત્વ એક પુસ્તકમાં ન સમાવી શકાય. એ આપણાં દેશનું સૌભાગ્ય છે કે

પીએમ મોદી આપણા નેતા છે અને ભારતનું નેતૃત્વ કરી રહ્યા છે." તેમણે જણાવ્યું કે વડાપ્રધાન મોદી હંમેશા કહે છે, "મને આકરી મહેનતથી ક્યારેય થાક નથી લાગતો પણ મહેનતને કારણે ગરીબ જનતાનાં ચહેરા પર આવતાં હાસ્યથી અત્યંત સંતોષની અનુભૂતિ થાય છે." આવા ભાવ સાથે મહેનત કરતી વ્યક્તિ બહુ લાંબા સમય બાદ દેશને મળી છે. વડાપ્રધાન મોદી અત્યંત સંવેદનશીલ વ્યક્તિ છે, જેમનાં મનમાં દેશના દલિત, ગરીબ, આદિવાસી અને પછાત લોકો માટે અપાર સંવેદનશીલતા છે. દરેક નિર્ણય લેતી વખતે હંમેશા અંત્યોદય અને ગરીબ કલ્યાણની ભાવનાથી સૌથી પહેલાં ગરીબોનું વિચારવું એ તેમની પ્રકૃતિ બની ગઈ છે. પુસ્તક લોકાર્પણ સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પીએમ મોદીનાં વ્યક્તિત્વ અંગે પ્રકાશ પાડ્યો. તેનાં મહત્વનાં મુદ્દા નીચે પ્રમાણે છેઃ

- વડાપ્રધાન મોદીની જેમ સાદગીથી રહેનાર બીજો કોઇ રાજનેતા મેં મારા જીવનમાં નથી જોયો.
- સમર્થ રામદાસજીની 'ઉપભોગ શૂન્ય સ્વામી'ની કલ્પનાને આ યુગમાં પીએમ મોદીએ ચરિતાર્થ કરવાનું કામ કર્યું છે. આ કારણસર જનતા તેમને આટલું માન આપે છે.
- સ્ટેટ્સમેન તરીકે તેમણે કરેલી પેરિસ સમજૂતિ અને વિશ્વભરમાં યોગ દિવસ મનાવવાનો નિર્ણય આપણે જોયો છે.
- આ સૂચવે છે કે ભારતનો નેતા આત્મવિશ્વાસથી દુનિયાના મંચ પર પોતાની વાત મૂકે છે તો તેની સ્વીકૃતિ એટલી જ સ્વાભાવિક હોય છે, જેટલી મોટાં દેશનાં નેતાની હોય છે.
- વડાપ્રધાન મોદી એવા આદર્શવાદી નેતા છે જેઓ દેશનાં હિત અને ગૌરવ સિવાય બીજી કોઇ વાતની ચિંતા નથી કરતા, તેમનું સૌથી મોટું યોગદાન એ છે કે તેમણે દેશમાં લોકશાહીના મૂળિયાંને પાતાળ સુધી મજબૂત કરવાનું કામ કર્યું છે.
- કોઇએ મોદી@20 ને સમજવું હોય તો તેનાંથી પહેલાંના 30 વર્ષ સુધી કાર્યકર્તા, સ્વયંસેવક અને સમાજસેવક તરીકેની પીએમ મોદીની યાત્રાને જોવી અને સમજવી ખૂબ જરૂરી છે.
- પીએમ મોદીએ 30 વર્ષ સુધી ગુજરાત અને દેશનાં દરેક ભાગનો પ્રવાસ કર્યો, સમાજની સમસ્યાઓને સમજ્યા અને તેનાં ઉકેલ માટે ચિંતા કરી. વ્યક્તિઓને પરખવાનું પણ કામ કર્યું. આપત્તિને અવસરમાં બદલવાનો ગુણ પણ શીખ્યા.
- વડાપ્રધાન મોદી દૂરદર્શી નેતા છે, જેઓ ક્યારેય ટૂકડામાં નથી વિચારતા પણ સમગ્ર વિચારે છે, દૂરનું વિચારે છે અને જે વિચારે છે તેને પૂરું કરે છે.
- મોદીએ તુષ્ટિકરણનાં રાજકારણને પણ સમાપ્ત કરી દીધું, આજે દેશનાં કરોડો ગરીબો માટે બનેલી યોજનાઓમાં કોઈ આરોપ ન લગાવી શકે કે તેનાં લાભાર્થીઓ વચ્ચે ભેદભાવ કરવામાં આવ્યો છે, બધાંને એક સરખો લાભ મળી રહ્યો છે.




- સલામતી માટે દુશ્મનનાં ઘરમાં ઘુસીને એર સ્ટ્રાઇક અને સર્જિકલ સ્ટ્રાઇક કરીને સજા આપવાની તાકાત ભારત પાસે છે.
- લાલ બહાદુર શાસ્ત્રી બાદ નરેન્દ્ર મોદી એવા પ્રથમ વડાપ્રધાન છે, જેમની દરેક વાતને જનતાએ સન્માન સાથે માની છે.
- પીએમ મોદી જે પણ યોજના લાવે છે તેમાં જનભાગીદારીનું તત્વ મોટું હોય છે અને જનભાગીદારીને કારણે જ તેમને આટલી સફળતા મળી છે.
- સમગ્ર દેશ એવું માનતો હતો કે જ્યાં સુધી કલમ 370 છે, ત્યાં સુધી કાશ્મીરનું ભારત સાથે જોડાણ ન થઈ શકે. 5 ઓગસ્ટ, 2019ની સવારે નિર્ણય લેવાયો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કલમ 370 અને 35 A ને નાબૂદ કરી દેવામાં આવી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમૃત મહોત્સવને દરેક વ્યક્તિનો મહોત્સવ બનાવ્યો અને આજે એક એક બાળક હાથમાં તિરંગો લઇને ફરે છે, જેનાંથી તેનાં મનમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગે છે.
- એક નેતૃત્વમાં આ વિઝન અને સંકલ્પ ત્યારે જ આવે જ્યારે તેનાં જીવનની એક એક ક્ષણ અને શરીરનો કણ-કણ માત્ર અને માત્ર ભારતને જ સમર્પિત હોય. વડાપ્રધાન મોદીનાં રૂપમાં આપણને સૌને આવા સમર્પિત નેતા મળ્યો છે. ●

# ટોક્યોથી બર્મિંઘમ સુધી સ્વર્ણિમ ઈતિહાસ





| સ્વર્ણ | રજત | કાંસ્ય |
|---|---|---|
| 22 | 16 | 23 |

"કઈ રીતે રમવું છે, તેનાં એક્સપર્ટ તમે છો. હું બસ એટલું જ કહીશ- મન મૂકીને રમજો, બરાબર રમજો. પૂરી તાકાતથી રમજો અને વગર ટેન્શને રમજો. તમે માત્ર તમારાં સર્વશ્રેષ્ઠ દેખાવ પર જ ધ્યાન લગાવજો. બાકી ચિંતા દેશ કરશે." બર્મિંઘમ જતા પહેલાં પીએમ મોદીએ કરેલી આ ઉત્સાહવર્ધક વાતો અને 'ખેલો ઈન્ડિયા' તથા 'ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ' (TOPS)માં મળેલા સહયોગની અસર કોમનવેલ્થ ગેમ્સ 2022માં જોવા મળી.. ટોપ્સ કોર ગ્રુપના લગભગ દોઢ ડઝન ખેલાડીઓ અને બંને હોકી ટીમોએ મેડલ જીત્યાં અને ઈતિહાસ રચ્યો..

## સ્કવોશ, લાંબી કૂદ, વોકિંગ અને પુરુષ સ્ટીપલચેઝમાં વિક્રમ સર્જ્યો

## શૂટિંગ અને તીરંદાજી વગર 22 સુવર્ણ સહિત 61 ચંદ્રક જીત્યા

કોમનવેલ્થ ગેમ્સમાં 19 રમતમાં ભાગ લેવા 215 ખેલાડીઓની ભારતીય ટીમ ગઈ હતી. આ વખતે શૂટિંગ અને તીરંદાજી જેવી રમત સામેલ ન હોવા છતાં 22 સુવર્ણ સહિત 61 ચંદ્રક મેળવ્યા. ભારતે લોન બોલ્સ, ટ્રિપલ જમ્પ, બેડમિન્ટન પુરુષ ડબલ્સમાં સ્વર્ણિમ ઈતિહાસ રચ્યો, તો સ્કવોશ સિંગલ્સમાં પ્રથમ ભારતીય ચંદ્રક, લાંબી કૂદમાં 44 વર્ષ બાદ ચંદ્રક, 10,000 મીટર વોકિંગમાં ચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા, પુરુષ સ્ટીપલ ચેઝમાં કેન્યાનું વર્ચસ્વ તોડ્યું અને ભાલા ફેંકમાં ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય મહિલાનો નવો વિક્રમ સર્જ્યો. ચંદ્રકોની વાત કરીએ તો પુરુષોએ 13 સુવર્ણ સહિત 35 અને મહિલાઓએ આઠ સુવર્ણ સહિત 23 ચંદ્રક અને મિક્સ્ડ સ્પર્ધાઓમાં એક સુવર્ણ સહિત ત્રણ ચંદ્રક જીત્યા છે.




## અજાણી રમત 'લોન બોલ્સ'માં ભારતને બે ચંદ્રક

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીયો માટે અજાણી રમતા 'લોન બોલ્સ'માં ભારતની મહિલા ટીમે સુવર્ણ ચંદ્રક અને પુરુષ ટીમે રજત ચંદ્રક જીતીને બધાંને આશ્ચર્યચકિત કરી દીધાં એટલું જ નહીં પણ આ રમત પ્રત્યે ભારતીયોની કુતુહલતા અને રૂચિ વધારવાનું કામ પણ કર્યું છે. મહિલા ટીમમાં લવલી ચૌબે, પિંકી રૂપા પાની અને નયન મોની સાઈકિયાનો સમાવેશ થાય છે. તેમણે સુવર્ણ ચંદ્રક મેળવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું, "બર્મિંઘમમાં ઐતિહાસિક જીત. ટીમે અત્યંત નિપુણતાનું પ્રદર્શન કર્યું છે અને તેમની સફળતા અનેક ભારતીયોને લોન બોલ્સની રમત રમવા માટે પ્રેરિત કરશે." કોમનવેલ્થ ગેમ્સમાં 1930થી રમાતી લોન બોલ્સમાં પુરુષોની ટીમે રજત ચંદ્રક મેળવ્યો. ટીમના સભ્યોમાં નવનીત સિંહ, ચંદનકુમાર સિંહ, સુનીલ બહાદુર અને દિનેશકુમારનો સમાવેશ થાય છે.

## 10,000 મીટર વોકિંગમાં પ્રથમ ચંદ્રક

ઉત્તરપ્રદેશમાં રહેતી પ્રિયંકા ગોસ્વામીએ 10,000 મીટરની વોકિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીતીને પોતાનાં નામે વિક્રમ નોંધાવી દીધો છે. વોકિંગમાં ચંદ્રક મેળવનાર તે પ્રથમ ભારતીય મહિલા બની ગઈ છે. પ્રિયંકાના પિતા મદનપાલ ગોસ્વામી યુપી રોડવેઝમાં કન્ડક્ટર હતા. તે 14 વર્ષની હતી ત્યારે અચાનક પિતાની નોકરી જતી રહેતાં પરિવારની આર્થિત સ્થિતિ ખરાબ થઈ ગઈ. 2018માં સ્પોર્ટ્સ ક્વોટામાંથી તેને રેલવેમાં નોકરી મળતાં ઉત્સાહ વધી ગયો અને ખૂબ મહેનત કરી. ઓલિમ્પિકમાં પણ તેણે ભાગ લીધો હતો પણ તેને ચંદ્રક નહોતો મળ્યો.

## ટ્રિપલ જમ્પમાં ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક

કેરળમાં રહેતા એલ્ડોસ પોલ કોમનવેલ્થ ગેમ્સમાં ટ્રિપલ જમ્પ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય બની ગયો છે. તે નૌકા સેનામાં જવાન છે. ફાઈનલ સ્પર્ધામાં તેણે ત્રીજા પ્રયત્નમાં 17.03 મીટરનો કૂદકો લગાવ્યો. આ સ્પર્ધામાં અબ્દુલ્લા અબુબકરે 17.02 મીટરનો કૂદકો લગાવીને રજત ચંદ્રક મેળવ્યો છે.

## લાંબી કૂદમાં 44 વર્ષ બાદ ચંદ્રક

મુરલી શ્રીશંકરને 8.08 મીટરની લાંબી છલાંગ લગાવીને ભારતને લાંબી કૂદમાં 44 વર્ષ બાદ ચંદ્રક અપાવીને નવો ઈતિહાસ રચ્યો છે. આ અગાઉ 1978માં સુરેશ બાબુએ કોમનવેલ્થ ગેમ્સમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. ટોપ્સ યોજનાના કોર ગ્રૂપના સભ્ય મુરલી શંકરનું સપનું દેશ માટે ઓલિમ્પિક મેડલ જીતવાનું છે.

## સ્ટીપલચેઝ 3000 મીટરમાં પ્રથમ વાર ચંદ્રક

આર્મી મેન અવિનાશ સાબલેએ પુરુષ સ્ટીપલ ચેઝમાં કેન્યાનું એકચક્રી શાસન ખતમ કર્યું છે. 1998થી સતત 3000 મીટરની સ્ટીપલચેઝ સ્પર્ધામાં ત્રણેય ચંદ્રક મેળવનાર કેન્યાના ખેલાડીઓને પાછળ પાડીને ટોપ્સ કોર ગ્રૂપના સભ્ય અવિનાશ સાબલેએ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો અને કોમનવેલ્થ ગેમ્સની આ સ્પર્ધામાં રજત ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.



## મહિલા હોકી ટીમે 16 વર્ષ બાદ ચંદ્રક મેળવ્યો

ટોક્યો ઓલિમ્પિક 2020માં કટ્ટર મુકાબલામાં કાંસ્ય ચંદ્રક ચૂક્યા બાદ કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભારતીય મહિલા હોકી ટીમે પોતાના નામે ચંદ્રક કર્યો. 2002માં કાંસ્ય અને 2006માં રજત ચંદ્રક જીત્યા બાદ કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા હોકી ટીમનો દેખાવ સારો નહોતો. ખાસ વાત એ છે કે સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામેની સ્પર્ધામાં પેનલ્ટી શૂટ આઉટમાં કેટલીક સેકન્ડ માટે ઘડિયાળ બંધ રહેવાથી ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો.

## જેવલિન થ્રો (મહિલા): પ્રથમ વાર ખાતું ખોલ્યું

ભારતનાં 88 વર્ષનાં કોમનવેલ્થ ગેમ્સનાં ઈતિહાસમાં ભાલા ફેંક એટલે કે જેવલિન થ્રોમાં ચંદ્રક જીતનારી અન્નુ રાણી પ્રથમ ભારતીય મહિલા બની ગઈ છે. અન્નુના પિતા અમરપાલ સિંહ ખેડૂત છે, જેમણે પોતાની દીકરીનું સપનું પૂરું કરવા માટે દોઢ લાખ રૂપિયાનું દેવું કરીને ભાલો ખરીદ્યો હતો. અભ્યાસ માટે પ્રારંભિક દિવસોમાં ડોનેશનના પૈસામાંથી અન્નુ માટે જૂત્તાં ખરીદ્યા હતા. ગામની પગદંડી પર શેરડીનો ભાલો બનાવીને પ્રેક્ટીસ કરતી હતી. તેનાં ભાઈ એથ્લીટ હતા જેમણે પોતે રમત છોડીને અન્નુને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

# જેમનો સંઘર્ષ પ્રેરણા આપે છે

## અચિંતાને વેઇટલિફ્ટીંગના 74 કિલો વર્ગમાં સુવર્ણ ચંદ્રક



ટોપ્સના ડેવલપમેન્ટ ગ્રૂપની સભ્ય અચિંતા શેઉલીએ વેઇટલિફ્ટીંગમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. તેનો સંઘર્ષ ખેલાડીઓને પ્રેરિત કરતો રહેશે. 2013માં તેનાં પિતાનું અવસાન થયું. આર્થિક સ્થિતિ એટલી ખરાબ હતી કે પિતાના અંતિમ સંસ્કાર કરવા માટે પણ પૈસા નહોતા.

## હરજિન્દર કૌરને વેઇટલિફ્ટીંગના 71 કિલો વર્ગમાં કાંસ્ય



હરજિન્દરનો પરિવાર એક રૂમનાં ઘરમાં રહેતો હતો. ઘરમાં છ ભેંસ પાળી હતી. હરજિન્દર પશુઓ માટે ચારો કાપવાનું મશીન ચલાવે છે. પ્રારંભમાં પ્રેક્ટીસ અને સ્પર્ધા માટે ગામમાંથી પૈસા ઉધાર લીધા અને પછી બેંકમાંથી 50,000 રૂપિયાની લોન લેવી પડી. કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીત્યો. 2017માં હરજિન્દર સ્ટેટ ચેમ્પિયન બની હતી.

## સાગરે સંઘર્ષ કરીને બોક્સિંગમાં રજત ચંદ્રક મેળવ્યો



સાગરના પિતા ભાડાપટ્ટાની જમીન પર ખેતી કરે છે. કોરોના સમયમાં પણ અભ્યાસ ચાલુ રાખ્યો. બોક્સિંગના 92 કિલો વર્ગમાં તેણે રજત ચંદ્રક મેળવ્યો, જે તેનાં પરિવારનાં સંઘર્ષનું જ પરિણામ છે. ●

## અને પીએમ મોદીએ વચન પાળ્યું



કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય ટીમને વિદાય કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને વચન આપ્યું હતું કે જ્યારે તેઓ જીતીને પાછા આવશે ત્યારે મળીને જીતની ઉજવણી કરશે. વડાપ્રધાન મોદીએ વચન નિભાવતા 13 ઓગસ્ટનાં રોજ પોતાનાં નિવાસસ્થાને ખેલાડીઓ સાથે મુલાકાત કરી, જેમાં તેમણે કહ્યું, એ ગૌરવની વાત છે કે આપણા ખેલાડીઓની આકરી મહેનતને કારણે દેશ પ્રેરક ઉપલબ્ધિ સાથે આઝાદીનાં અમૃત કાળમાં પ્રવેશ કરી રહ્યો છે. કોમનવેલ્થ ગેમ્સમાં સુંદર દેખાવ અંગે વડાપ્રધાને જણાવ્યું, "ચંદ્રકોની સંખ્યા સમગ્ર કહાનીને પ્રતિબિંબિત નથી કરતી, કારણ કે અનેક ચંદ્રક બહુ ઓછા અંતરથી ચૂકી ગયા, જેને ભવિષ્યમાં પુનઃ હાંસલ કરવામાં સફળતા મળશે. ભારતે ગયા વખતની તુલનામાં ચાર નવી રમતમાં જીતનો નવો માર્ગ શોધી લીધો છે. આ પ્રદર્શનથી દેશમાં યુવાનોમાં નવી રમતો પ્રત્યેનો ઝૂકાવ વધવાનો છે. પદાર્પણ કરનારા ખેલાડીઓએ 31 ચંદ્રક મેળવ્યા છે, તે યુવાનોનાં વધતા આત્મવિશ્વાસને દર્શાવે છે." પીએમ મોદીએ ખેલો ઇન્ડિયા અને ટોપ્સના સકારાત્મક પ્રભાવ પર ખુશી વ્યક્ત કરતા ખેલાડીઓને આગામી એશિયન ગેમ્સ અને ઓલિમ્પિકની સારી તૈયારીનો આગ્રહ કર્યો.

> "આપણા પર સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમ બનાવવાની જવાબદારી છે, જે વિશ્વ સ્તરે ઉત્કૃષ્ટ, સમાવેશી, વિવિધ અને ગતિશીલ છે અને તેમાં કોઇ પણ પ્રતિભા પાછળ ન રહી જવી જોઇએ.
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



# તેમનું યોગદાન આપણને રાષ્ટ્રપ્રેમ માટે પ્રેરણા આપતું રહેશે

**ભારતના ઈતિહાસમાં સ્વતંત્રતા સંગ્રામ એવો સમયગાળો હતો જેની મશાલ સતત પ્રજ્વલિત થતી રહેશે અને આપણને પ્રેરણા આપતી રહેશે. ભારત માતાને ગુલામીમાંથી મુક્ત કરાવવા માટે દેશનાં અનેક સ્વતંત્રતા સેનાનીઓએ પોતાનાં જીવનાં બલિદાન આપી દીધાં અને વતન માટે પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું. ભારત તેનાં આ સ્વતંત્રતા સેનાનીઓને કઈ રીતે ભૂલી શકે? આઝાદીનાં અમૃત મહોત્સવમાં અમે એવા જ સ્વતંત્રતા સેનાનીઓ અને મહાપુરુષોને યાદ કરીએ છીએ જેમનું યોગદાન આજનાં સમયમાં વધુ પ્રાસંગિક છે અને આપણને કર્તવ્યનાં માર્ગે અડગ રહેવા પ્રેરિત કરે છે...**

## વી ઓ ચિદમ્બરમ પિલ્લઈ: જેમને ઘાણીમાં બળદની જગ્યાએ જોતરવામાં આવ્યા હતા



**જન્મ: 5 સપ્ટેમ્બર, 1872 મૃત્યુ: 18 નવેમ્બર, 1936**

દેશના સ્વતંત્રતા આંદોલનમાં અગ્રણી યોગદાન આપનાર વી ઓ ચિદમ્બરમ પિલ્લઈ એવા સ્વતંત્રતા સેનાની હતા જેમણે બાલ ગંગાધર તિલક પાસેથી રાજકારણના પાઠ શીખ્યા હતા. તેમનો જન્મ 5 સપ્ટેમ્બર, 1872નાં રોજ તામિલનાડુમાં થયો હતો. 'વી.ઓ.સી' અને 'કપ્પલોટ્ટિય તમિલન'નાં નામથી જાણીતા પિલ્લઈએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. તેમણે 1905માં બંગાળના ભાગલા બાદ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. 1905માં તેઓ બાળ ગંગાધર તિળક અને લાલા લાજપત રાય દ્વારા શરૂ કરવામાં આવેલા સ્વદેશી આંદોલન સાથે જોડાઈ ગયા. તેઓ રામકૃષ્ણ મિશન તરફ પણ આકર્ષાયા હતા. ચિદમ્બરમ પિલ્લઈએ 'સ્વદેશી પ્રચાર સભા' બનાવીને સમગ્ર વિસ્તારમાં

# આઝાદીની સંઘર્ષ ગાથા લખનાર મહાનાયકોનાં સપના સરકાર સાકાર કરી રહી છે

**દાંડી યાત્રાની વર્ષગાંઠ 12 માર્ચ, 2021નાં રોજ આઝાદીનો અમૃત મહોત્સવ શરૂ થયો ત્યારે તેનો હેતુ તદ્દન સ્પષ્ટ હતો. 130 કરોડ દેશવાસીઓ આઝાદીનાં અમૃત મહોત્સવ સાથે જોડાશે, લાખો સ્વતંત્રતા સેનાનીઓ પાસેથી પ્રેરણા લેશે તો જન સહભાગિતા દ્વારા ભારત મોટાંમાં મોટા લક્ષ્યાંક પાર કરશે એવી ભાવના સાથે અમૃત મહોત્સવની શરૂઆત થઈ. આધુનિક ભારતનાં શિલ્પીઓએ જે દિશા બતાવી, તેનાં એક એક પગલાં સાથે દેશે છલાંગ લગાવી. આવો, આપણે આઝાદીનાં 75 વર્ષની યાત્રા સમજીએ...**


## મજબૂત થતી ગઈ લોકશાહી


**અંગ્રેજો કહીને ગયા હતા કે અમારા ગયા પછી ભારત વેરવિખેર થઈ જશે, પણ તેમણે કદાચ એવું નહીં વિચાર્યું હોય કે ભારત વિશ્વનાં સૌથી વિશાળ લોકશાહી દેશ તરીકે મજબૂત બનશે.**

- **ભારત આજે વિશ્વની સૌથી જીવંત લોકશાહી છે.**
- **મતદાન ટકાવારી 1951માં 46 ટકા હતી, જે 2019માં વધીને 67 ટકા થઈ ગઈ છે.**

## ભારતની જીવંત લોકશાહી

**દર ત્રણમાંથી બે મતદાતા મતદાન કરે છે**







- 91.2 કરોડ પાત્ર મતદાતાઓ સાથે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી
- કુલ વસ્તીનાં સંદર્ભમાં ચૂંટણી પંચ દ્વારા રજીસ્ટર્ડ મતદારોની સંખ્યામાં સતત વધારો
- મતદાન કેન્દ્રોની સંખ્યામાં પાંચ ગણો વધારો

*સ્રોતઃ ભારતીય ચૂંટણી પંચ
કોવિડને કારણે 2021ની વસતી ગણતરી બાકી છે.

તેનો પ્રસાર કરવાનું શરૂ કર્યું. તેમણે વણકર અને કારીગરો માટે મદ્રાસ એગ્રો ઈન્ડિયન સોસાયટી લિમિટેડ સ્થાપી. આ ઉપરાંત, તેમણે ‘પૈસા ફન્ડ’ નામની સ્વદેશી બેન્ક અને સ્વદેશી સ્ટીમ નેવિગેશન કંપની પણ સ્થાપી, જેને કારણે અંગ્રેજોને ઘણું નુકસાન થઈ રહ્યું હતું. બાદમાં તેઓ સુબ્રમણ્યમ ભારતીનાં સંપર્કમાં આવ્યા. એમ માનવામાં આવે છે કે મહાત્મા ગાંધીના ચંપારણ સત્યાગ્રહ (1917) પહેલાં જ ચિદમ્બરમ પિલ્લાઈએ તામિલનાડુમાં મજૂરોનાં પ્રશ્નો ઉઠાવ્યા હતા. ચિદમ્બરમ પિલ્લાઈએ અન્ય નેતાઓ સાથે મળીને 9 માર્ચ, 1908નાં રોજ સવારે બિપિનચંદ્ર પાલની જેલ મુક્તિની ઉજવણી કરવા અને સ્વરાજનો ઝંડો ફરકાવવા વિશાળ સરઘસ કાઢવાનો સંકલ્પ લીધો. પિલ્લાઈ સામે રોષે ભરાયેલી અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂરી દીધાં અને તેમનાં પર ખૂબ અત્યાચાર કર્યા. તેમની પાસે ખાણમાં મજૂરી કરાવી. ત્યાં સુધી કહેવાય છે કે તેમને ઘાણીમાં બળદની જગ્યાએ જોતરવામાં આવ્યા હતા. તેમને લેખનનો પણ શોખ હતો. તેમણે મેયારામ (1914), મેયારિવુ (1915), એન્થોલોજી (1915), આત્મકથા (1946) સહિત અનેક કૃતિઓની રચના કરી હતી. 18 નવેમ્બર, 2021નાં રોજ તેમની જન્મજયંતીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, “તેમણે આપણા સ્વતંત્રતા આંદોલનમાં મહત્વનો ફાળો આપ્યો હતો. તેમણે આત્મનિર્ભર ભારતી કલ્પના કરી હતી અને તેનાં માટે પોર્ટ અને શિપિંગ સેક્ટરમાં મહત્વનાં પ્રયાસ કર્યા. તેઓ આપણા સૌ માટે વિશેષ પ્રેરણા સ્ત્રોત છે.”

# અમૃત કાળ સંકલ્પથી સિધ્ધિનો સમય...

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની રાષ્ટ્રીય સમિતિની ત્રીજી બેઠકને સંબોધિત કરી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ દેશભક્તિનાં ઉત્સાહનું વાતાવરણ તૈયાર કરી રહ્યો છે અને આ રાષ્ટ્ર નિર્માણની સાથે સાથે આપણા યુવાનોનાં ભાવનાત્મક જોડાણને સ્થાપિત કરવાની સુવર્ણ તક છે.
- પીએમ મોદીએ જણાવ્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ યુવાનો માટે સંસ્કાર ઉત્સવ છે, જે દેશ માટે યોગદાન આપવા માટેનાં ઉત્સાહમાં વધારો કરશે. આજની પેઢી આવતી કાલની લીડર હશે.
- રાષ્ટ્રીય સમિતિની પ્રથમ બેઠક 12 માર્ચ, 2021નાં રોજ વડાપ્રધાન દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવનો શુભારંભ કરતા પહેલાં 8 માર્ચ, 2021નાં રોજ યોજવામાં આવી હતી.
- બેઠકમાં રાષ્ટ્રીય સમિતિના વિવિધ સભ્યોએ ભાગ લીધો, જેમાં લોકસભાના અધ્યક્ષ, રાજ્યપાલો, કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, રાજકીય નેતાઓ, અધિકારી, મીડિયાકર્મી, ધર્મગુરુ, કલાકારો, ફિલ્મી હસ્તીઓ અને જીવનના વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
- દેશમાં અત્યાર સુધી 60,000થી વધુ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન થઈ ચૂક્યું છે અને આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમ રાષ્ટ્રીય સ્તરથી માંડીને રાજ્ય, જિલ્લા અને ખૂણે ખૂણે યોજાઈ ચૂક્યો છે.



# અર્જુનલાલ સેઠીઃ જેમણે ગવર્નર જનરલ લોર્ડ હાર્ડિંગ પર બોંબ ફેંકવાની યોજના ઘડી હતી



જન્મઃ 9 સપ્ટેમ્બર, 1880
મૃત્યુઃ 23 ડિસેમ્બર, 1941

દેશને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવવા માટે રાજસ્થાનના સપૂત અર્જુનલાલ સેઠીએ લોકોમાં ઉત્સાહનો સંચાર કર્યો અને ક્રાંતિની મશાલ પણ પ્રજ્વલિત કરી. રાજસ્થાનમાં 'આઝાદીના પિતા' તરીકે જાણીતા સ્વતંત્રતા સેનાની અને શિક્ષક અર્જુનલાલ સેઠીનો જન્મ 9 સપ્ટેમ્બર, 1880નાં રોજ રાજસ્થાનના જયપુર શહેરમાં થયો હતો. 1912માં દિલ્હીના ચાંદની ચોકમાં ગવર્નર જનરલ લોર્ડ હાર્ડિંગના સરઘસ પર બોમ્બ ફેંકવાની યોજના પણ તેમણે જ બનાવી હતી. તેઓ રાસબિહારી બોઝ, શચીન્દ્રનાથ સાન્યાલ અને અમીરચંદ જેવા ક્રાંતિકારીઓનાં સંપર્કમાં આવ્યા, જેઓ દેશમાં સશસ્ત્ર ક્રાંતિ કરવા માંગતા હતા. રાસબિહારી બોઝે તેમને રાજસ્થાનમાં સશસ્ત્ર ક્રાંતિ કરવાની જવાબદારી સોંપી હતી. યુવાનોમાં લોકપ્રિય અર્જુનલાલ સેઠી પોતાનાં જોશીલા ભાષણો દ્વારા ક્રાંતિકારીઓમાં જોશ ભરી દીધા હતા. ઈન્દોરમાં કલ્યાણમલ હાઈસ્કુલમાં હેડમાસ્ટર હતા ત્યારે અંગ્રેજોએ તેમની ધરપકડ કરી હતી. તેમને છ વર્ષ એટલે કે 1922 સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા. જેલમાંથી છૂટ્યા બાદ અર્જુનલાલ સેઠીએ અજમેરને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. કહેવાય છે કે તેમની પાસે પ્રસિધ્ધ ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ અને તેમની ટૂકડીના સભ્યો માર્ગદર્શન લેવા આવતા હતા. તેમણે મેરઠ ષડયંત્ર કાંડના આરોપી શૌકત ઉસ્માની અને કાકોરી કાંડના ફરાર આરોપી અશફાક ઉલ્લા ખાનને પોતાનાં ઘરમાં આશરો આપ્યો હતો. એમ પણ કહેવાય છે કે સેઠીએ કલેક્ટરનું પદ પણ ફગાવી દીધું હતું. તેમનું માનવું હતું કે તેઓ બ્રિટિશ સરકાર હેઠળ કામ કરશે તો દેશની આઝાદી માટે કોણ કામ કરશે. 1923માં સેઠીનાં પુત્ર પ્રકાશને ગંભીર બિમારી થઈ. તેમને એક ટેલિગ્રામ મળ્યો જેમાં તાત્કાલિક જોધપુર આવવા કહેવામાં આવ્યું હતું. આ ટેલિગ્રામ સાથે તેમને એક બીજો ટેલિગ્રામ પણ મળ્યો જેમાં આઝાદી સંલગ્ન પ્રવૃત્તિની બેઠક માટે મુંબઈ આવવા કહેવામાં આવ્યું હતું. દિકરાનો પ્રેમ પણ તેમને ફરજથી વિચલિત ન કરી શક્યો અને તેઓ મુંબઈ જવા રવાના થઈ ગયા. અર્જુનલાલ સેઠીનું જીવન આગામી પેઢીઓને હંમેશા પ્રેરિત કરતું રહેશે. 23 ડિસેમ્બર, 1941નાં રોજ તેમનું અવસાન થયું.


# ભૂપેન્દ્રનાથ દત્ત: સ્વામી વિવેકાનંદના નાના ભાઇ, જેમણે વિદેશમાં પણ આઝાદીની ચળવળ જીવંત રાખી



જન્મઃ 4 સપ્ટેમ્બર, 1880
મૃત્યુઃ 25 ડિસેમ્બર, 1961

ભારતના સ્વતંત્રતા સંગ્રામના પ્રસિધ્ધ ક્રાંતિકારી તથા સમાજશાસ્ત્રી ભૂપેન્દ્રનાથ દત્તનો જન્મ 4 સપ્ટેમ્બર, 1880નાં રોજ કોલકતામાં થયો હતો. તેઓ સ્વામી વિવેકાનંદના નાના ભાઇ અને બ્રહ્મસમાજના અનુયાયી હતા. બ્રહ્મસમાજે તેમની ધાર્મિક અને સામાજિક માન્યતાઓને આકાર આપ્યો હતો, જેમાં જાતિવિહીન સમાજમાં વિશ્વાસ, એકેશ્વરવાદમાં વિશ્વાસ અને અંધવિશ્વાસ સામેનાં વિરોધનો સમાવેશ થાય છે. ભૂપેન્દ્રનાથ દત્ત યુવાવસ્થામાં બ્રિટિશ શાસન સામે લડવા માટે 1902માં બંગાળનાં ક્રાંતિકારી સમાજમાં જોડાઈ ગયા. આ દરમિયાન તેઓ મહર્ષિ અરવિંદ અને બારીન્દ્ર ઘોષના નજીકના સહયોગી બની ગયા. 1906માં તેઓ યુગાંતર નામના બાંગલા અખબારના સંપાદક બન્યા, જે બંગાળમાં ક્રાંતિકારી સમાજનું મુખપત્ર હતું. 1907માં દત્તને બ્રિટિશ પોલિસે રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરીને એક વર્ષ માટે જેલમાં મોકલી આપ્યા. જુલાઇ, 1908માં જેલમાંથી છૂટ્યાના થોડાં દિવસો બાદ ભૂપેન્દ્રનાથને અભ્યાસ માટે અમેરિકા મોકલવામાં આવ્યા. જો કે, ત્યાં પણ તેઓ ચૂપ ન બેઠાં અને રાષ્ટ્રહિતમાં ભારતીય સ્વતંત્રતા માટે કામ કરી રહેલી ગદર પાર્ટીમાં જોડાઈ ગયા. પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન ભૂપેન્દ્રનાથ જર્મની જતા રહ્યા અને ત્યાં ભારતની સ્વતંત્રતા માટે ક્રાંતિકારી અને રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય થઈ ગયા. 1916માં બર્લિનમાં ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ કમિટીના સચિવ બન્યા. 1921માં ભૂપેન્દ્રનાથ દત્ત મોસ્કો ગયા અને બાદમાં ત્યાંથી પાછા ભારત આવી ગયા. 1930માં કરાચીમાં આયોજિત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વાર્ષિક સંમેલનમાં તેમણે ભારતીય ખેડૂતો માટે મૂળભુત અધિકારનો પ્રસ્તાવ મૂક્યો, જેને બાદમાં કોંગ્રેસ કમિટીએ સ્વીકારી લીધો. રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહેવાને કારણે બ્રિટિશ પોલિસે અનેક વાર ભૂપેન્દ્રનાથની ધરપકડ કરી. ભૂપેન્દ્રનાથ દત્તે સામાજિક ઉત્થાન માટે પણ કામ કર્યું. તેઓ લેખક પણ હતા. તેમણે ભારતીય સમાજ અને સંસ્કૃતિ પર અનેક પુસ્તકો લખ્યા. તેમણે પોતાના મોટા ભાઇ સ્વામી વિવેકાનંદ પર પણ પુસ્તક લખ્યું હતું, જે ખૂબ ચર્ચાસ્પદ બન્યું. 25 ડિસેમ્બર, 1961નાં રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા.

# શરતચંદ્ર બોઝ: નેતાજી સુભાષચંદ્રના 'ટ્રબલ શૂટર'



જન્મઃ 6 સપ્ટેમ્બર, 1889
મૃત્યુઃ 20 ફેબ્રુઆરી, 1950

નેતાજી સુભાષચંદ્રના ટ્રબલશુટર તરીકે જાણીતા તેમના મોટા ભાઈ શરતચંદ્ર બોઝ અહિંસક મૂલ્યો પર વિશ્વાસ ધરાવતા હતા. શરતચંદ્રએ જ સુભાષચંદ્રનું ઘડતર કર્યું હતું જેને આધારે તેમને આગળ વધવામાં મદદ મળી. સુભાષચંદ્ર બોઝે આઈસીએસની પરીક્ષા પાસ કરીને નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું ત્યારે શરતચંદ્રએ જ આ નિર્ણયમાં તેમનો સાથ આપ્યો હતો. તેઓ ભારતના રાષ્ટ્રીય આંદોલનના વિલક્ષણ યોધ્ધા હતા જેમણે દેશની સ્વંતંત્રતા માટે સતત પ્રયાસ કર્યા. શરતચંદ્ર બોઝનો જન્મ 6 સપ્ટેમ્બર, 1889નાં રોજ ઓડિશાના કટકમાં થયો હતો. 1911માં તેઓ વકીલાતનો અભ્યાસ પૂરો કરીને ઇંગલેન્ડ જતા રહ્યા. તેમણે નૃપેન્દ્રનાશ સિરકારનાં માર્ગદર્શનમાં બેરિસ્ટર તરીકે ખૂબ નામના મેળવી અને ભારત પાછા ફરીને વકીલાત શરૂ કરી. જો કે, વકીલાત છોડીને સવિનય કાનૂન ચળવળમાં સામેલ થઈ ગયા. તત્કાલીન ભારતના ગૃહ વિભાગનાં અહેવાલમાં તેમને "પોતાના ભાઈ સુભાષચંદ્ર બોઝની શક્તિ અને કોલકતામાં સવિનય કાનૂન ચળવળના ફાઈનાન્સર" ગણાવવામાં આવ્યા હતા. શરતચંદ્ર બોઝનું યોગદાન પત્રકારત્વમાં પણ હતું. તેમણે 1929માં 'ઓરિએન્ટ પ્રેસ એજન્સી' નામની સમાચાર એજન્સીની સ્થાપના કરી હતી. 1940નાં દાયકામાં તેમણે 'ધ નેશન' અખબારનું પ્રકાશન શરૂ કર્યું હતું. કેટલાંક વર્ષો બાદ તેઓ રાજકારણમાં આવી ગયા. તેમને વિશ્વાસ હતો કે એવું કશું જ નથી જે નૈતિક રીતે ખોટું હોય અને રાજકીય રીતે યોગ્ય હોય. આ તેમનો માર્ગદર્શક સિદ્ધાંત હતો. શરતચંદ્ર બોઝ પહેલા વ્યક્તિ હતા જેમણે બંગાળ અને પંજાબનાં ભાગલાનો વિરોધ કર્યો હતો. આ મુદ્દા પર તેમણે જાન્યુઆરી 1947માં કોંગ્રેસ છોડી દીધી અને ફેબ્રુઆરી 1947માં વિરોધ આંદોલન શરૂ કર્યું. 15 ઓગસ્ટ, 1947નાં રોજ ભારત સ્વતંત્ર થતાં જ શરતચંદ્રએ ભારત, પાકિસ્તાન, નેપાળ, બર્મા અને સિલોનના પ્રાદેશિક સંગઠનની હિમાયત કરી. તેઓ એશિયાના દક્ષિણ-પૂર્વી રાષ્ટ્રોની એકતના પણ સમર્થક હતા. શરતચંદ્ર બોઝ સાચા રાષ્ટ્રવાદી હતા. તેઓ વિવિધ પધ્ધતિ દ્વારા અંત સુધી ભાગલા રોકવાનાં પ્રયત્ન કરતા રહ્યા અને ભાગલનાં શક્ય તમામ વિકલ્પ શોધતા રહ્યા. 20 ફેબ્રુઆરી, 1950નાં રોજ તેમનું અવસાન થયું. ●



**PMO India** @PMOIndia

अमृतकाल के पंच-प्रण... #IDAY2022

**अमृतकाल के पंच-प्रण**

पहला प्रण - बहुत बड़े संकल्प लेकर चलना होगा

दूसरा प्रण - हमारे मन के भीतर गुलामी का एक भी अंश है तो उसे बचने नहीं देना है

तीसरा प्रण - हमें हमारी विरासत पर गर्व होना चाहिए

चौथा प्रण - एकता और एकजुटता

पांचवां प्रण - नागरिकों का कर्तव्य

- PM Modi at the Red Fort on 15th August 2022 -



**Rajnath Singh** @rajnathsingh

स्वतंत्रता दिवस के अवसर पर आज लालक़िले की प्राचीर से प्रधानमंत्री श्री @narendramodi ने एक विकसित भारत के निर्माण का संकल्प देश के सामने रखा है। एक ऐसा आत्मनिर्भर भारत जो पूरे सामर्थ्य के साथ विश्व का नेतृत्व करे। इस संकल्प की पूर्ति के लिए सभी को प्राण-पण से जुटने की आवश्यकता है।



**Amit Shah** @AmitShah

लाल किले से पीएम श्री @narendramodi जी ने अद्भुत उद्बोधन दिया। यह हर भारतीय को स्वर्णिम भारत के निर्माण में अपना योगदान देने की प्रेरणा देता है।

मोदीजी ने देश की समृद्धि के लिए हर भारतीय से संकल्पबद्ध होकर कार्य करने और विकास में बाधक चुनौतियों से एकजुट होकर लड़ने का आवाहन किया।



**Nitin Gadkari** @nitin_gadkari

स्वतंत्रता दिवस के अवसर पर प्रधानमंत्री श्री @narendramodi जी ने आज लाल किले की प्राचीर से महत्वपूर्ण उद्बोधन दिया। नए भारत के निर्माण में सभी को प्रेरणा देने वाला उनका यह उद्बोधन हर भारतीय को संकल्पबद्ध होकर कार्य करने के लिए प्रेरित करेगा।
#IndependenceDay2022
#AmritMahotsav



**Dr Mansukh Mandaviya** @...

आने वाली पीढ़ियों के लिए एक समृद्ध, सशक्त और शक्तिशाली भारत बनाने के लिए हम सब प्रतिबद्ध है।

जन कल्याण से जग कल्याण के साथ आने वाले 25 वर्ष में भारत निश्चित ही विश्व शक्ति बनकर उभरेगा। आइए हम सब मिलकर प्रधानमंत्री जी की बातों का अनुसरण करें।



**Parshottam Rupala** @PRupala

भारत अपनी शक्ति और सामर्थ्य से विश्व फलक पर विकास के नए आयाम स्थापित कर रहा है।

यही विकास यात्रा को आगे बढ़ाकर नागरिकों में देशभक्ति की नई ऊर्जा का संचार कर "हर घर तिरंगा"

स्वतंत्रता दिवस : प्रधानमंत्री ने लाल किले की प्राचीर से लगातार नौवीं बार संबोधित किया, विकसित भारत का खाका खींचा

# 25 वर्षों के लिए पंच प्रण लें:मोदी



**82** मिनट तक देश को संबोधित किया मोदी ने

**96** मिनट लंबा भाषण दिया था वर्ष 2016 में

प्रधानमंत्री के पांच प्रण

पांच बड़ी बातें

महिला सशक्तीकरण और सुरक्षा प्रमुख एजेंडा

15 अगस्त पर पहली बार

## प्रधानमंत्री मोदी के साफे में दिखी 'हर घर तिरंगा' अभियान की झलक



| 15 अगस्त 2022 | भाषण 82 मिनट |
| --- | --- |
| 2021 | भाषण 90 मिनट |
| 2020 | भाषण 86 मिनट |
| 2019 | भाषण 93 मिनट |
| 2018 | भाषण 83 मिनट |
| 2017 | भाषण 56 मिनट |
| 2016 | भाषण 96 मिनट |
| 2015 | भाषण 88 मिनट |
| 2014 | भाषण 65 मिनट |

प्रधानमंत्री ने भाई-भतीजावाद पर करारा प्रहार किया, बोले- इस समस्या का समाधान निकालना ही होगा

# भ्रष्टाचार से निर्णायक जंग जरूरी : मोदी

संबोधन



बच्चे कह रहे अब विदेशी खिलौने से नहीं खेलेंगे

नारी शक्ति

भाषण की बड़ी बातें

देश को ऊर्जा क्षेत्र में आत्मनिर्भर बनना होगा

डिजिटल भारत का सपना गांवों से गुजरेगा

प्राकृतिक और रसायन मुक्त खेती पर जोर देने की जरूरत

जय जवान, जय किसान के साथ जोड़ा जय अनुसंधान

भारत को लेकर पूरे विश्व की सोच बदली

### लाल किले की प्राचीर से प्रधानमंत्री मोदी ने गिनाए पांच प्रण

1. देश का बड़ा संकल्प विकसित भारत
2. गुलामी का कोई अंश न हो
3. विरासत पर गर्व होना चाहिए
4. एकता और एकजुटता
5. नागरिक का कर्तव्य

## खिलाड़ियों ने प्रधानमंत्री का आभार व्यक्त किया

कॉमनवेल्थ गेम्स | पदक विजेता

## 'भारत से द्विपक्षीय संबंध मजबूत करने के लिए अमेरिका प्रतिबद्ध'

खिलाड़ियों ने बढ़ाई तिरंगे की ख्याति : मोदी



## पीएम ने संकेत का जाना हाल, रिकवरी के लिए जाएंगे अमेरिका

चोट के बारे में पीएम को पूरी जानकारी होने पर हैरान रह गया वेटलिफ्टर, मीरा को ठीक करने वाले डॉक्टर करेंगे इलाज



RNI No. :
DELGUJ/2020/78810
September: 1-15, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date August 22, 2022, Pages - 56)



### 5 સપ્ટેમ્બર

# શિક્ષક દિવસ

## ગુરુ સમાન કોઇ નહીં

**गुरू को सिर राखिये, चलिये आज्ञा माहिं।**
**कहैं कबीर ता दास को, तीन लोकों भय नाहिं॥**

**"શિક્ષક કહે છે, હું ક્રાંતિનાં બીજ વાવી રહ્યો છું. એ સમયે આપણે કલ્પના ન કરી શકીએ કે શિક્ષક કેટલાં શક્તિશાળી છે, પણ ચોક્કસપણે તે પોતાની ફરજ પૂરી કરવાનો આનંદ પ્રાપ્ત કરી શકે છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે વડીલની સામે હાથ જોડીને પ્રણામ કરીને આશીર્વાદ લઈ રહ્યા છે તે બીજું કોઈ નહીં પણ બાળપણમાં તેમને જ્ઞાનના પાઠ શીખવાડનાર શિક્ષક જગદીશ નાઈક છે. આવું પહેલી વાર નથી બન્યું કે પીએમ મોદીએ શિક્ષકો સાથે મુલાકાત કરીને તેમનું સન્માન કર્યું હોય. તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે પણ 2005માં પોતાનાં તમામ શિક્ષકોનાં સન્માનનો કાર્યક્રમ રાખ્યો હતો, જેમાં 27 શિક્ષકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ પંડિત નવલકિશોર શર્માએ તે સમયે કહ્યું હતું, 'આવો કાર્યક્રમ દેશમાં ક્યારેય જોયો નથી અને સાંભળ્યો પણ નથી.'

Gujarati

**Editor in Chief**
**Satyendra Prakash**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General,
on behalf of Central Bureau of Communication

**Published from**
**Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020